Registered No. B. 1434.

શ્રીકૃષ્ણલીલામૃત.

ભાગ બીજો.

રાસનાં પદો.

મોક્ષમંદિર-અમદાવાદ.

કીંમત ૦-૩-૦.

મોક્ષપત્રિકાનો વધારો. **Registered No. B 1434.**

શ્રીકૃષ્ણલીલામૃત (ભાગ બીજો)

રાસનાં પદો.

સંવત ૧૯૮૬ આવૃત્તિ પહેલી પ્રત ૬૦૦૦ સને ૧૯૩૦

મોક્ષપત્રિકામાંથી લખી મોકલનાર-**શ્રીમતી ભાગીરથી,**
[ભટ્ટ રામશંકર મોનજીના પત્ની]- મોક્ષમંદિર-**અમદાવાદ.**

ધી ડાયમંડ જ્યુબિલિ પ્રીન્ટીગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.
સલાપોસરોડ-**અમદાવાદ.**

વહાલાં હરિજનો !

રાસ એટલે રસના ઘુંટડા. પીઓ અને પાઓ, એજ વૈષ્ણવોના જીવનની સફળતા. **ભાગીરથી,**

ભગવદીય જીવોને રાસનું આમંત્રણ-

પાનુ ૧૦૦૧+] પદ ૧

અત્ર આવો પધારો, અમોલાં મહેમાન, અંતરને વ્હાલે વધાવીએ,
અમ અંતરનું સ્વાગત સ્વિકારવા, વળી અંતરના ભાવને વધારવા;
આપ આવો પધારો, અમોલાં મહેમાન, અંતરને વ્હાલે વધાવીએ,
ન મળે કલગી કે હાર અમ દીનના, ન મળે ગુલાબ ગોટા મહામૂલના.
માત્ર હૈયાના આવે **ઉભળકા** જે આજ, અંતરને વ્હાલે વધાવીએ,
અત્ર આવો પધારો અમોલા મહેમાન, અંતરને વ્હાલે વધાવીએ.

+ **આ પાનાં મોક્ષપત્રિકાનાં દશમ સ્કંધનાં છે.**

અધ્યાય ૨૯ મો.

[પાનુ. ૧૦૦૩] રાગ-પ્રભાત ૨.

કોટિ કંદર્પનો દર્પ હરવા પ્રભુ, ભુતલ ભોગીનું રૂપ લીધું,
કામિનીકેલ કીધી કલિકાલમાં, અબલા જનને અભયદાન દીધું.
ચારજુગ માંહી મુકિત નહિં નારીને, જગત્ માંહે એવું શાસ્ત્ર બોલે
અધમ ઉદ્ધારવા પ્રગટિયા શ્રીહરિ, એવું જાણી સ્ત્રીયો ગાય કોડે.
એ રસ ગાયો શુકદેવજી યોગીએ, પરીક્ષિત રાયની પાસ [1]થોડે;
[2]સારમાં સાર શૃંગારરસ કીધલો, એવું જાણી જે કોઈ ગાન કરશે;
તે તણા ચરણની રેણુમાં નરસૈયા, રંક સરખા કંઈ કોટિ તરશે.

ભક્તિ કેમ વગોવાણી ?

[પાનુ. ૧૦૦૪] પદ ૩.

ભક્તિ નવધા છે મોંઘીરે, દુનિયામાં ઝાઝા બન્યા ઢોંગી,
તિલક તાણે મોટા પંથનું, અને ડોકમાં ઘાલે માળા;
જ્ઞાન પૂછો ત્યારે ગોટા વાળે, પેટમાં ઝાઝા લાળારે—ભકિત૦
ચેલો તું મારો અને ગુરૂ હું તારો, મને આપે થાય સારૂં;
બીજાને આપવાથી પાપ તને લાગશે, બતાવે ન્યારૂં ન્યારૂંરે—ભકિત૦
કંઠીયો બાંધે ને કાનને ફુંકે, વધારે ઝાઝા વાડા;
રાંડીરાંડોના તન ધન પચાવે, જાણે હરાયા પાડારે—ભકિત૦
આશા તૃષ્ણા જરી ન ત્યાગી, ભરમમાં નાંખ્યા બોળી;
ભોજો ભગત કહે એવા જનોએ, ભરમાવી દુનિયા ભોળીરે—ભ૦

---

૧ પરીક્ષિતને શંકા કરતો જોઇને શ્રીશુકદેવજીએ રાસલીલા ટુંકાવી દીધી. ૨ શૃંગારરસ સમજીને ગાય, તોપણુ તેથી ઉદ્ધાર થાય.

કીર્તનભક્તિ—

[પાનુ ૧૦૧૦] પદ ૪.

કીરતન ભકિત દેરે છોગાળા, કિર્તન ભકિત દે.
ભકિતના પુરમાં તણાઈ જાવા, કીર્તન ભકિત દે.
ભકિતમાં શકિત છેરે છોગાળા, કીર્તન ભકિત દે.
આ રે સંસારીડે, ભૂલ્યો પડયો છઉં, તેપર નયણાં દે.
મનુષ્યા દેહનો લ્હાવો લેવાને કિર્તન ભકિત૦
ગર્ભવાસનો કોલજ પાળવા, શામળા સંભાળ લે,
જમની જમાનીનો દાવો ચુકવવા. કિર્તન ભકિત૦
નવધા ભકિતમાં કીર્તન ભકિત, આપીને દર્શન દે,
ઘણા જન્મની ભૂખજ ભાંગવા. કિર્તન ભકિત૦

× × × ×

ભજન કોને ન ગમે ?

[પાનુ ૧૦૧૦] પદ ૫.

એવો અપરાધિ કોણ છેરે ? જેને ભજન ન ભાવે,
ભકિત મૂકીને ભુતળભાર વહે છે,
જેમ ગદ્ધા ઉપર ગુણ છેરે— જેને ભજન૦
આવા હરિ ગાઈ, જેનાં હૈડાં ન હરખ્યાં,
એના ઉજડ આઠે પહોર છે રે— જેને ભજન૦
આવા હરી જોઇ, જેનાં નયણાં ન ઠરીયાં,
અરે તેના લોચનમાં રાઈને લુણ છેરે— જેને ભજન૦

માારૂ મારૂ કરતો ને મમતામાં ફરતો,
જાણુ–મરવું તે નિરધાર છેરે-- જેને ભજન૦
પ્રીતમ પ્રભુજીનું ભજન કરી લ્યો,
તે ઠરવાનો ઠામ છેરે-- જેને ભજન૦

ભજન વિના ભવસાગર કોણ તરે—

[પાનુ ૧૦૧૦] પદ ૬.

[ઝંઝોટી ઠુમરી તાલ ૩].

ભજન બિન ભવજલ કૌન તરે ?
કૌન તરે? હેરી કૌન તરે ?--ભજન બિન૦ ટેક૦
કામ ક્રોધ મદ ગ્રાહ બસત હૈં, મારગમેં પકડે-ભજન૦
કુંચકંચન દોઉ ઘેર પડત હૈં, સબ જગ ડૂબ મરે-ભજન૦
યજ્ઞ દાન તપ નિર્બલ નૌકા, અધબિચ ટૂટ પડે-ભજન૦
બ્રહ્માનંદ કરો હરિ સુમરણ, સબ દુઃખ દૂર ટરે-ભજન૦

બ્રહ્મતત્ત્વનો વિચાર કરતાં મુનિયો પણ હાર્યા-

[પાનુ ૧૦૧૨] ૭

હારી ગયા મનમાંહિ મુનિશ્વર, વિશ્વપતિ તણી વાત વિચારી;
તર્ક કર્યા પણ તત્ત્વ જડયું નહિં, દૃષ્ટિ ઘણી દિલ ઉંડી ઉતારી.
માન તજી અનુમાન કરી લખ્યું, કે મન–વાણી ન પહોંચે અમારી;
કેમ શકે કહી કોઇ કવીશ્વર, ઇશ્વરની ગતિ વિશ્વથી ન્યારી.

ત્યારે બ્રહ્મતત્ત્વ કેવું છે ?

[પાનુ ૧૦૧૩] પદ ૮.

એ છે નિરાકાર સાકાર, એનો કોઇ ન પામ્યા પાર. ટેક૦
ઋષિયો હાર્યા મુનિયો હાર્યા, હાર્યા સંત મહંત; (૨)
વેદપુરાણો પાર ન પામ્યા, એવા ઈશ અનંત- એ છે૦
સહસ્ર અઠયાસી સિદ્ધ ચોરાસી, સનકાદિક શુકદેવ; (૨)
ભાવ ધરીને ભજન કર્યાની, સૌને જુદી ટેવ- એ છે૦
રામ કહે કોઇ કૃષ્ણ કહે, કોઈ દેવી કહે કોઇ શિવ; (૨)
જેવું જેના ગુરૂએ ગાયું, તે માને તે જીવ- એ છે૦

(આ મોક્ષમંદિર કોઇ સંપ્રદાય નથી-તેથી કહે છે-)

મંત્ર તમારા ગુરૂ તમારા, શાસ્ત્ર અને વળી સેવ; (૨)
જ્યાં ફાવે ત્યાં પાપ તજીને, ભજજો જગનો દેવ- એ છે૦

શ્રીકૃષ્ણના સંબંધમાં પ્રીતમ ગાય છે કે-

[પાનુ ૧૦૧૩] પદ ૯.

જીરે સુંદિર શ્યામ સોહામણો (૨)
  જેને નિગમ નિરંતર ગાય-તેને ભજો ભાવથી.
જીરે શિવ વિરંચીને શારદા, (૨)
  રજ ચરણકમળ ચિત્ત ચહાય- તેને૦

* * * *

જીરે દ્રુપદસુતાનાં પટ પુરીયાં (૨)
  એવા અગણિત ગુણ ન ગણાય—તેને૦

જીરે દાસતણાં દુઃખ ટાળવા, (૨) એક શ્વાસે-ઉઠીને ધાય-તેને૦
જીરે અવગુણ સામું જુએ નહીં, (૨)
એવા ગુણવંતા ગોકુલરાય-તેને૦
જીરે અખિલ લોકનો આતમા, (૨)
જેના સમરણથી સુખ થાય-તેને૦
જીરે **પ્રીતમ** પ્રભુને સંભારતાં, (૨)
દુઃખ જન્મ મરણ મટી જાય-તેને૦

કોઈ કહે કે—ગોપીઓએ કયા સાધનથી પ્રભુને વશ કર્યા ?-સાધનમાં કૃષ્ણની મરજી-સાંભળો—

પાનુ ૧૦૧૮] **પદ૦ ૧૦**

કાંઇ નથી જોતા કૃષ્ણ, કૃપા જ્યાં કરો છોરે-(૨)
કુડી કૃતિ હોય તેને, રૂડી માની લ્યોછોરે. કાંઈ નથી૦
શાને કાજે સુરપંખાનું, નાક તમે કાપ્યુંરે ?
શાને પુણ્યે કુબજાને, પતિ સુખ આપ્યુંરે ? કાંઈ નથી૦
અરધે દ્વારે ગુણિકાને-વૈકુંઠ પમાડીરે;
સંત બીજા પડયા રહ્યા, જપતા રામ દાડીરે. કાંઈ નથી૦
નહીં તેનું નહીં, જેનું ભાવ્યું તેનું ભાવ્યુંરે;
કૃપાના સમુદ્ર મારા, તમથી ચાલ્યું આવ્યુંરે. કાંઈ નથી૦
આવી દયા **દયા** ઉપર, કયારે કરશો રીજીરે ?
કૃપાના સમુદ્ર મારા, પ્રાણપતિ શ્રીજીરે. કાંઈ નથી૦

સાધનમાં ગોપીઓનો પ્રેમ—

પાનું ૧૦૧૮] પદ ૧૧.

જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના દિલમાં ઠરે. ટેક૦
સિંહણ કેરૂં દુધ હોય તે, સિંહણ સુતને ઝરે, (૨)
કનક પાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે. પ્રેમરસ૦
સાકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણજ હરે, (૨)
ક્ષારસિંધુનું માછલડું જેમ, મીઠા જળમાં મરે. પ્રેમરસ૦

× × × × ×

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ન સરે, (૨)
મચ્છભોગી બગલો મુકતાફળ, દેખી ચંચુ ન ભરે. પ્રેમરસ૦
એમ કોટિ સાધને પ્રેમ વિના, પુરૂષોત્તમ પુંઠ ન ફરે, (૨)
દયા પ્રીતમ શ્રી ગોવર્ધનધર, પ્રેમભકિતએ વરે. પ્રેમરસ૦

ગોપીઓને અને કૃષ્ણને કેવા પ્રકારનો સંબંધ છે? તે બાબતમાં એક ગોપી કહે છે—

પાનું ૧૦૧૯] ગરબી ૧૨.

રે-ભાવનો ભોગી રે-હો-વ્હાલો,
નટવર નંદાજીનો લાલો—ભાવનો૦ નટવર૦ ટેક.
રે-જોગીઓ વનમાં રહે છે જઈને, તેને કારણ તપસ્યા લઈને;
સાધન સાધે-રે-હો-સજની, જપતાં વિતે છે દીન રજની.
ભાવનો૦ નટવર૦

તોપણ ફરને દૂર રહે રસીયો,
એ તો મારા હૃદય કમળમાં વસીયો. ભાવનો૦ નટવર૦
જોગીઓ દુર્લભ રે હો જાણે;
એ તો મારાં સામાં વલોણાં તાણે. ભાવનો૦ નટવર૦
નિગમ નેતિ–નેતિ–કહે છે,
એ તો મારી નજરો આગળ રહે છે. ભાવનો૦ નટવર૦
મુનિયોની નજરે–રે હો નાવે,
એ તો મારે આંગણે દોડયો દોડયો આવે. ભાવનો૦ નટવર૦
બ્રહ્માએ ધ્યાનમાં રે હો ભાળીઆ,
એ તો મારી ગાયો તણા ગોવાળીયા. ભાવનો૦ નટવર૦
ધ્યાનમાંથી નાસી રે હો જાય છે,
એ તો મારાં છાનાં ગોરસડાં ખાય છે. ભાવનો૦ નટવર૦
અડસઠ તિરથ રે હો અરણાં, ફરી ફરી થાકયાં કઇકનાં ચરણાં;
તોએ નજરે રે હો નાવે,
એ તો મારે આંગણે નિત નિત આવે. ભાવનો૦ નટવર૦
હિમાળે હાડને રે હો ગાળે, અગ્નિ તાપે છે ઉન્હાળે;
તો એ દુર્લભ રે હો રસીયો,
એ તો મારા મંદિરીયામાં વસીયો. ભાવનો૦ નટવર૦
રૂમઝુમ રૂમઝુમ રે હો કરતો, આવે મારે આંગણે ફુદડી ફરતો;
વાંસલડી વાય છે રે હો–ઘેલી,
લટકાળો ઋષિરાજનો લ્હેરી. ભાવનો૦ નટવર૦

કુમારિકાઓની માગણી શી હતી? નરસી મહેતા ગાય છે—

[શ્લો. ૧. પાનું ૧૦૨૨] પદ ૧૩

વહાલા મારા—વૃંદાવનને ચોક કે—વ્હેલા પધારજોરે લોલ.
વ્હાલા મારા ગોકુળની વ્રજનાર કે, વેગે બોલાવજોરે લોલ,
અમને રાસ રમ્યાના કોડ કે, નાથ સંગ બેલડીરે લોલ;
લેશું ત્યારે મુખડાનો મકરંદ કે, મળી તેવ તેવડીરે લોલ. વ્હાલા.
વિગેરે વિગેરે—

[શ્લો. ૧. પાનું ૧૦૨૨] પદ. ૧૪

મારા વ્હાલારે—વંદ્રાવનની વાટે વહેલા આવજો.
મારા વ્હાલારે—પ્રેમીજનને પ્રેમ કરીને બોલાવજો.
મારા વ્હાલારે—પ્રેમીજનનાં હૈડાં તો હરખે ભર્યાં.
મારા વ્હાલારે—તે દેખીને ચિતડાં મારાં ત્યાં ઠર્યાં.
વિગેરે વિગેરે—(માધવદાસ)

શ્રીકૃષ્ણના મોહક લટકા—

[શ્લો. ૧. પાનું ૧૦૨૩] પદ. ૧૫

વારિ વારિરે સુંદિર શ્યામ! તારા લટકાને;
બલિહારીરે માખણચોર! તારા લટકાને. ટેક૦
લટકે વામન રૂપ ધરીને, ઉભા બળીને દ્વારરે;
લટકે ત્રણ ચરણ અવની જઇ ચાચ્યા, બળી ચાંપ્યો પાતાળ—
તારા લટકાને—વારિ૦

લટકે રામનું રૂપ ધરીને, તાતની આજ્ઞા પાળીરે;
લટકે રાવણ રણમાં રોળ્યો, લટકે સીતા વાળીરે—
તારા લટકાને—વારિ૦
લટકે ગિરિ ગોવર્ધન તોળ્યો, ને ઇંદ્રનો ગર્વ ઉતાર્યોરે;
લટકે જળ જમુનામાં પેઠા, લટકે નાથ્યો કાળીરે—
તારા લટકાને—વારિ૦
લટકે નંદ યશોદા રીઝ્યાં, અને લટકે રીઝી રાધારે;
લટકે ગોપીઓ ઘેલી કીધી, લટકે રાસ રચાવ્યોરે—
તારા લટકાને—વારિ૦
એ લટકાંનો પાર ન આવે, લટકાં લાખ કરોડ જો.
લટકાળો મહેતા નરસીનો સ્વામી, હીંડે જોડાજોડ—
તારા લટકાને—વારિ૦

ભજનાનંદ સંબંધી મહાદેવજી સતી પાર્વતીને કહે છે કે—
[શ્લો. ૧. પાનું ૧૦૨૬] પદ. ૧૬

મહાદેવજી કહે તમે સુનો પારવતી, [1]વિજીયા મત દે ગમારનકું !
વિજીયા મત દે ગમારનકું—હેરિ વિજીયા મત દે ગમારનકું—
મહાદેવજી—ટેક૦
[2]બાલક પીયે બકવાદ કરેગા, [3]બુઢ્ઢા પીએ કીસ કારણકું—મહા૦
[4]રજપુત પીએ રણક્ષેત્ર ચડનકું, હસ્તીકો દંત ઉખાડનકું—મહા૦

---

૧ બ્રહ્મકુમારી. ૨ અનઅધિકારી ૩ હવે એમને અસર થવાની નથી—અસર થાય તો બેડો પાર. ૪ અધિકારી—ઉત્સાહી.

જોગી પીએ અલમસ્ત રહેનેકું, હરિકો નામ સમારનકું—મહા૦
કહે કવિ ગંગ સુનો શાહ અકબર,
[5]સંસારી પીએ જખ મારનકું—મહાદેવજી૦

માંદાને સ્ત્રીનું સુખ—

[શ્લો. ૨. પાનું ૧૦૩૧] **પદ—રાગ ગરબો ૧૭.**

અરે તું વૈદ કાં તેડે, (૨) ગળે કાં ઔષધિ રેડે?
અરે તું વૈદ કાં તેડે?

સાખી–ભૂલી વૈદક શું ગઇ? વ્હાલી પ્યારી પ્રાણ!
રૂપી અમૃતની પ્રિયે! તું તું ઔષધ ખાણ!
ભૂલી તું તો બતાવું હું, ભરે જલ નેત્રમાં આ શું?
લલાટે રાખ કર તારો, પછી એ તાવ પણ પ્યારો—અરે૦

સાખી–વૈદ્ય રડે તેથી પ્રિયે, આ દરદી મુંઝાય;
નાડી જો દિલની અને, કર તું કાંઈ ઉપાય.
હૃદયનો વૈદ્ય મારો તું, હૃદય રાજી દરદ તો શું?
મને આ તાવ સારો છે, મધુરી હૂંફવાળો છે— અરે૦

સાખી–જ્વરથી જોઈ શકાય છે, તારૂં હૈયું પ્રાણ!
બીજી કોઈ સ્થિતિ નહીં, જ્વર તે મીઠી લ્હાણ.
અરે એ લ્હાણ કાં ખોવી? મને તો ભાવતી એવી;
કડુ કાં ઔષધિ લેવી? મળે છે જો મધુરી કૈં! અરે૦

---

૫ સંસારીનાં બે બગડે.

સાખી–દિલફૂટી તુજથી ઝરે, કુણા રસની ધાર;
જોવું જો કૈં પારખું, તો મુખ દર્પણ ધાર.
મને એ મ્હોં અતિ વ્હાલું, ગરીબ મૃદુ ને ફિકરવાળું;
અહીં અહીં આવ ચુંબી લઉં, હવે પગ ચાંપતાં થાકી. અરે૦

\+ \+ \+ \+

સાખી–એ મુખ પાસે હોય તો, મીઠું શું નવ હોય?
તાવ હોય કે કાંઈ હો, જે હો તે છો હોય.
પ્રિયે! મુખ એ હસે છે હા, ગયો જ્વર ક્યાંઇ ઉડી આ;
અહિં તું આવ આલિંગું, નયન મૃગ શાં મીંચે છે તું? અરે૦

[કલાપી]

વેણુ—વેણુનો નાદ સાંભળી ગોપીઓ ભાન ભૂલી ગઇ. બ્રહ્માનંદ સ્વામી શ્રીકૃષ્ણને પુછે છે. સાંભળો—
[શ્લો. ૪. પાનું ૧૦૩૫] પદ૦ ૧૮

(રેખતા તાલ દાદરા.)

અયે શ્યામ તેરી બંસરીને ક્યા સિતમ કીયા?
તનકી રહી ન હોસ, સબી મનકો હર લિયા—અયે૦
બંસીકી મધુર ટેર સુની; પ્રેમરસ ભરી;
વ્રજનાર લોકલાજ, કામકાજ તજદિયા—અયે૦
નભમેં ચડે વિમાન ખડે, દેવગણ સુને;
મુનિયોંકા છૂટા ધ્યાન, પ્રેમ ભક્તિરસ પિયા—અયે૦

પશુવોંને તજા ઘાસ, પક્ષી મૌન હો રહે;
જમુનાકા રૂકા નીર, પવન ધીર હો ગયા—અયે૦
એસી બજાઇ બંસરી, સબ લોક બશ કિયે;
બ્રહ્માનંદ દરસ દીજિએ, તુમ ક્યાં ચલે ગયા ?—અયે૦

कृष्णगृहीतमानसाः—શ્રીકૃષ્ણે જેમનાં ચિત્ત ચોરી લીધાં હતાં તે—

નરસીમહેતા ગાય છે-બરાબર ઉપાડજો--

[શ્લો. ૪. પાનું ૧૦૩૫] **ગરબી. ૧૯**

હરિવેણુ વાય છે રે હો-વનમાં, તેનો વેહ વાગ્યો મારા તનમાં;
ચિતડામાં ચટપટી રે હો લાગી, જીવણ જોવાને હું જાગી-હરિવેણુ૦
રસિયાજીને રે હો રાગે, વ્યાકુળ કીધાં છે વૈરાગે;
આશા તૃષ્ણા સર્વ તૂટી, જાણે જીવન દોરી ખૂટી—હરિવેણુ૦
ચિત્તડું ચોંટયું રે હો ધ્યાને, કંકણ નેપુર પહેર્યાં કાને;
નેત્રે કાજળ રે હો સાર્યાં, ધાવતા બાળકને વિસાર્યાં-હરિવેણુ૦
પ્રીતે પરવશ રે હો કીધાં, કાનુડે ચિત્તડાં ચોરી લીધાં;
રાત શરદની રે હો શોભે, હઇડું હરિ મળવાને લોભે-હરિવેણુ૦
શું કહીએ એ વાતો તમને, અંગમાં આનંદ વાધ્યો અમને;
વાલમ જોવા રે હો વનમાં, **નરસી** આનંદ પામ્યો મનમાં-હરિવેણુ.

जवल्लोलकुंडला:—ત્વરાથી ચાલતાં, કાનના કુંડળો ડોલતાં હતાં.

[શ્લો. ૪. પાનું ૧૦૩૫] **પદ. ૨૦**

રૂડી શરદ્‌પુનમની રાત રે–સુંદિર વેણુ વાગે—વેણુ વાગે.
શોભે સુંદિર કૃષ્ણનાં ગાતરે–સુંદિર વેણુ વાગે–વેણુ વાગે.
ગોપી ભૂલ્યાં છે દેહનાં ભાનરે—સુંદિર૦
લાગ્યું લાગ્યું શામળીયાસું તાનરે—સુંદિર૦
જાગ્યો પૂરવ જનમનો લેખરે—સુંદિર૦
કીધો ધારણ ગોપીઓએ ભેખરે—સુંદિર૦
ગોપી અતી ઉતાવળાં આવે રે—સુંદિર૦
મોતી મુકતાફળે વધાવે રે—સુંદિર૦
વ્હાલે ધરીયો છે નટવર વેશરે—સુંદિર૦
હાંરે–એના ઘુઘરીયાળા કેશરે—સુંદિર૦
પાયે ઝાંઝરનો ઝમકારરે—સુંદિર૦
વ્હાલો નાચે ને થાય થેઇકારરે—સુંદિર૦
કર્યાં દર્શન ને ભૂલી ગયાં ભાનરે—સુંદિર૦
એવું વલ્લભ પ્રભુજી કરે ગાનરે—સુંદિર૦

બંસીનો નાદ સાંભળી ગોપીકાઓ શું કહે છે–

[શ્લો. ૫–૬–૭. પાનું ૧૦૩૭] **પાનુ. ૨૧**

સખિ ! આજરે વાગે વૃંદાવન વાંસળી,
હાંરે સુણિ જીવ ઘણો અકળાય જો–આજરે૦
હાંરે સખિ ! માત તાત ભ્રાત સર્વે મૂકીયાં;

હાંરે મેં તો મૂક્યો કુટુંબ પરિવારજો-આજરે૦
હાંરે હું તો ગૌઓના દોહન વિસરી,
હાંરે મેં તો વાછરડાં બાંધ્યાં બહારજો-આજરે૦
હાંરે મેં તો ઘીરે તાવીને રેડયાં છાશમાં;
હાંરે મેં તો દુધમાં નાખ્યાં નિર સખિ ! -આજરે૦
હાંરે સખિ ! અવળાં તે આભરણ પહેરિયાં;
હાંરે મેં તો અવળાં ઓઢયાં ચીરજો-આજરે૦
હાંરે સખિ ! હાથની કાંકણી પાયમાં,
હાંરે પહેર્યાં પગનાં નેપૂર કાન જો-આજરે૦
હાંરે સખિ ! સેથે તે કાજળ સારીયાં;
હાંરે એની કાજળે સિંદુર સમાયજો-આજરે૦
હાંરે સખિ વૃંદા તે વનના ચોકમાં;
હાંરે મારે વ્હાલે રચ્યો છે રાસ જો-આજરે૦
હાંરે સખિ ! માધવદાસની વિનતી,
હાંરે મારો રહેજ્યો ચરણમાં વાસ જો-આજરે૦

[પાનુ ૧૦૩૭] ગરબી ૨૨

સુણી બંસીનાદ, વિકળ ભઇ વ્રજાંગનાજો;
કોઇ ગાય દોતી ઉઠીરે વેણુ સાંભળીજો-સુણી૦
કોઈ કંથને જમાડતી, ઉભી થઈજો;
કોઇ પોતે જમતી ઉઠીરે, વેણુ સાંભળીજો-સુણી૦
કોઇ કંથની સેવા કરંતી ઉભી થઇજો;
કોઈ પોતે સુતી ઉઠીરે, વેણુ સાંભળીજો-સુણી૦

નટવરને શિર સાટે વરાય—

પાનુ ૧૦૩૮] પદ. ૨૩

રે શિરસાટે નટવરને વરીએ,

રે પાછાં તે પગલાં નવ ભરીએ-રે શિર૦

\+ + + +

રે પહેલુંજ મનમાં ત્રેવડીએ, રે હારે હારે જુધ્ધે નવ ચડીએ;
જો ચડીએ તો કટકા થઈ પડીએ— રે શિર૦
રે રંગસહીત હરિને રટીએ, રે હક વાગે પાછા નવ હઠીએ;
બ્રહ્માનંદ કહે ત્યાંજ મરી મટિએ— રે શિર૦

મીરાંને નટવરનો નેડો—

[શ્લો. ૮. પાનું ૧૦૪૦] પદ. ૨૪

લાગ્યોરે મુને નટવરસું નેડો—

(ઉતાવળ ન કરો-ધીમેથી અને પ્રેમથી ઉપાડો.)

લાગ્યોરે મુને નટવરસું નેડો, (૨) હવે મેં તો

—હાં-હવે-રે મેં તો-શિર નાંખ્યો છેડો-લાગ્યોરે૦

અંતર થકી વ્હાલાને વરિએ,(૨) દુરજનથી આપણુ નવ ડરિએ;(૨)
પગલાં કદિ પાછાં નવ ભરિએ-લાગ્યોરે૦ હવે૦ લાગ્યોરે૦
દુરિજનને કહેવું હશે તે કહેશે, (૨) પાછળથી તે પસ્તાઈ મરશે;(૨)
પ્રભુ તેનું સારૂં સદા કરશે-લાગ્યોરે૦ હવે૦ લાગ્યોરે૦
સુંદિરવર શોભે છે સારો,- (૨) મને લાગે પ્રાણ થકી પ્યારો (૨)

ઘડીએક—હાં ઘડીએક નવ મેલું ન્યારો—લાગ્યોરે૦ હવેરે૦ લાગ્યોરે૦
શોભે વ્હાલો સોનેરી પટકે; (૨) મોહી હું તો મોહનને લટકે; (૨)
ખેંચ્યું મન આંખ તણે ચટકે—લાગ્યોરે૦ હવેરે૦ લાગ્યોરે૦
કેડે રૂડાં પિતાંબર કસીયાં, (૨) મીરાંબાઈના વ્હાલા છો રસીયા; (૨)
આવીને મારા હૃદયકમળ વસીયા, લાગ્યોરે૦ હવેરે૦ લાગ્યોરે૦

[શ્લો. ૮ પાનું ૧૦૪૦] **પદ ૨૫.**

સુરતા લાગીરે, તેની ભ્રમણાઓ ભાંગી, જેને સુરતારે લાગી.
સુરતા લાગીરે, એક સંત પ્રલ્હાદને; (૨)
તાતનો ત્રાસ જેણે હૃદયે નવ ધરીયો—જેને૦
નટેરે ખેલ રચ્યોરે ચોગાનમાં (૨)
દોર વિનાનું બીજું અવર ન દેખે—જેને૦
પતંગને દીપક સાથે સ્નેહ બંધાણો (૨)
તનમન અરપી જેણે દેહ દમી છે—જેને૦
મત્સ્ય ને જળ સાથે પ્રીત બંધાણી (૨)
મરતાં લગીરે તેની ઈચ્છા ન ત્યાગી—જેને૦
મરજીવા સંત જેણે મન વશ કીધાં (૨)
પેસી સાગરમાં મોતી વીણીને લીધાં—જેને૦
ભક્તિનો મારગ એવોરે કહીએ, (૨)
પ્રીતમના સ્વામીના હૃદયમાં રહીએ—જેને૦

શ્રીકૃષ્ણનાં દર્શન કરીને ગોપીઓએ ગાયું કે-

[શ્લો. ૮ પાનું ૧૦૪૦] પદ. ૨૬

શોભા સલુણા શ્યામની, તું જોને સખિ,
શોભા સલુણા શ્યામની; (૨)
કોટિ કંદર્પને લજાવે એનું મુખડું, (૨)
ફીકી પડે છે કળા કામની—તું જોને૦
નટવર નાગર સુખના સાગર, (૨)
બલીહારી છે જેના નામની—તું જોને૦
જાણે તેને સાર સરવનો; (૨)
બીજી વસ્તુ નથી કામની—તું જોને૦
અનુપમ અવીચલ એ અલબેલો; (૨)
જીવન મુડી છે દયારામની—તું જોને૦

નરસીં મહેતો કહે છે કે—' શ્રીકૃષ્ણ અને ગોપીઓના પ્યારની વાત, પરીક્ષિત સમજી શકયો નહીં. સાંભળો નરસીનું પદ.

[શ્લો. ૧૩-૧૪ પાનું ૧૦૪૪] પ્રભાતિયું. ૨૭

રાગ-પ્રભાત.

પ્રેમરસ પાને તું મોરના પીંછધર, તત્ત્વનું ટુંપણું તુચ્છ લાગે;

*　　*　　*　　*

(આ પદ ૧૨૭૧ મેં પાને પૂરૂં કર્યું છે.)

વ્યભિચારને ભક્તો પણ નિંદે છે, ત્યારે તેમાં શ્રીકૃષ્ણ અને ગોપીકાઓ સપડાતાં હશે ! સાંભળો—

[શ્લો. ૧૩-૧૪ પાનું ૧૦૪૫] પદ. ૨૮

પરદારાથી દૂર દૂર દૂર, રહેવું પરદારાથી દૂર.
સુખ પામે સંસારે પ્રાણી, પરનારીની પ્રીત ન જાણી;
કામ કૃપાના ઉભરા નાવે, ઊર ઊર ઊર—રહેવું૦
અરે આ એળે જાય જવાની, ભસ્માંગદ કહે ભોગું ભવાની;
પણ ભગવાને ભસ્મ કર્યો તે, ભૂર ભૂર ભૂર—રહેવું૦
કિસકંધામાં વાન્નર વાળી, અનુજ પત્નીથી દૃષ્ટિ કાળી;
અવધપતિએ ચતુર કર્યો તે, ચૂર ચૂર ચૂર—રહેવું૦
લંકાપતિ રાવણ અહંકારી, ચોરી લાવ્યો સીતા નારી;
કુળ ખેંચાયું પાણી સરિતા, પૂર પૂર પૂર—રહેવું૦
પતિ પાંચ પાંચાળી પામી, દુઃખ દીધું દુર્યોધન કામી;
કૃષ્ણ કૃપાએ કાઢયા કૌરવ, ક્રર ક્રૂર ક્રૂર–રહેવું૦
સતી સરંધ્રિ પાંડવ રાણી, કામી કૈચે ઉરમાં આણી;
સો ભાઇ સાથે ઉડયા આકના, તૂર તૂર તૂર–રહેવું૦
ચડયો કાટ જેમ લોહને ખાયે, કાયા તદ્દવત્ જીરણ થાએ;
સંગ કર્યાથી નિશ્ચે ન રહે, નૂર નૂર નૂર–રહેવું૦
રડે રાંકડા વિષયની વાતે, બાપુ કહે બળશે તે જાતે;
ઉગરે વિરલા હોય હરિજન, શૂર શૂર શૂર–રહેવું૦

હે મહાભાગાઃ—પ્રભુ તરફ જેમની વૃત્તિઓ ખેંચાય, તેના ભાગ્યનો પાર ન હોય. 'આવી વેળાએ અને આવે સ્થળે, તમે ઇસારે ચાલી આવી, એ તમારાં અહોભાગ્ય છે.' ભગવાનનું નામ લે, તેનાં પૂરણ ભાગ્ય; ત્યારે ભગવાનની સાનિધ્ય દોડયાં આવે, તેમનાં ભાગ્યનો પાર નજ હોય.

(શ્લો. ૧૮ પાનું ૧૦૫૦) **પદ ૨૯**

પૂરણ ભાગ્ય જાકો, સીયા **રામ રામ** ગાવે,
રામ રામ ગાવે, સીતા રામ સમ ગાવે—પૂરણ૦ ટેક.
અડસઠ તિરથ ચારે ધામ, ગંગાજીમાં નાવે; (૨)
યોગને સમાધિ, રામ નામ તુલ્ય ન આવે—પૂરણ૦
જાગ જગન યજ્ઞ હોમ, લક્ષ પૂજા કરાવે; (૨)
તેથી નામ મહિમા મોટો, નિગમ નેતિ ગાવે—પૂરણ૦
કામ ક્રોધ લોભ છોડી. રામજીકું ગાવે; (૨)
ધર્મ અર્થ મોક્ષ કામ, ચારે વસ્તુ પાવે—પૂરણ૦
આઠ જામ સમર રામ, શ્વાસોશ્વાસ ગાવે; (૨)
કહે પ્રીતમ કાગ મટી, હંસ તોલે આવે—પૂરણ૦

વેણુને સાંભળીને જેમ ગોપીઓ દોડી આવી, તેમ રસલંપટ નારદાદિ ભક્તો પણ, ત્યાં દોડયા આવ્યા. નારદાદિ ભક્તો નટવરને રાસ માટે તૈયાર થયેલા જોઇને, ત્રૈલોકયને આમંત્રણ આપવા દોડયા. કેવું આમંત્રણ કર્યું, તે નરસી મહેતો ગાય છે-ભાવથી સાંભળો-

[શ્લો. ૧૮ પાનુ ૧૦૫૧] ગરબી. ૩૦

વૃંદાવન મોરલી વાગીરે—નંદાજીના હો લાલ, (૨)
હાલો હાલો જોવાને જઇએરે-મોરલી વાગીરે—
નંદાજીના હો લાલ.

પીળાં પિતાંબર પહેરીયાંરે—નંદાજીના હો લાલ (૨);
જામો પહેર્યો જરીયાનરે- મોરલી વાગીરે—
નંદાજીના હો લાલ-હાલો૦

માથે મેવાડી મોળીયાંરે--નંદાજીના હો લાલ (૨);
ખંભે ખંભાતી ખેસરે-મોરલી વાગીરે--
નંદાજીના હો લાલ-હાલો૦

ભાલે તિલક કેસરતણાંરે--નંદાજીના હો લાલ (૨);
હડપચીએ હિરલાનું તેજરે-મોરલી વાગીરે--
નંદાજીના હો લાલ-હાલો૦

નાકે નવેસર શોભતુંરે-નંદાજીના હો લાલ (૨);
ચુની છે લાલ ગુલાલરે-મોરલી વાગીરે--
નંદાજીના હો લાલ-હાલો૦

કાને કુંડળ શોભતાંરે--નંદાજીના હો લાલ (૨);
કંઠે એકાવળ હારરે-મોરલી વાગીરે—
નંદાજીના હો લાલ-હાલો૦

હાથે હીરાના સાંકળાંરે--નંદાજીના હો લાલ (૨);
દસે આંગળીએ વેઢરે-મોરલી વાગીરે--
નંદાજીના હો લાલ-હાલો૦

બાંહે બાજુ બંધ બેરખારે--નંદાજીના હો લાલ (૨);
પહોંચી છે રત્ન જડાવરે-મોરલી વાગીરે--
નંદાજીના હો લાલ-હાલો૦
કેડે શોભે કટી મેખળારે-નંદાજીના હો લાલ (૨);
પાયે ઝાંઝરનો ઝમકારરે-મોરલી વાગીરે-
નંદાજીના હો લાલ-હાલો૦
પગે રાઠોડી મોજડીરે-નંદાજીના હો લાલ (૨);

[ખમા ! મેરે પ્યારે—બસ-બસ-ગૂમ થઈ જાઓ-થવાદ્યો-થવાદ્યો-શાંત થઈ જાઓ-એકલી તાળીજ પડવા દ્યો.]

પગે રાઠોડી મોજડીરે--નંદાજીના હો લાલ (૨);
હિંડે ચમકતી ચાલરે-મોરલી વાગીરે--
નંદાજીના હો લાલ-હાલો૦

સંગે રાધાજી શોભતાંરે—નંદાજીના હો લાલ (૨);
થૈ થૈ રમશે રાસરે-મોરલી વાગીરે—નંદાજીના હો લાલ-હાલો૦
નરસીના સ્વામી શામળારે—નંદાજીના હો લાલ (૨);
વાળી રમાડો રાસરે-મોરલી વાગીરે-નંદાજીના હો લાલ-હાલો૦

વ્યભિચાર-ઉત્તરાનગરીમાં મહારાણી સુદેષ્ણાએ સતી સૈરંધ્રિને (દ્રૌપદીને) વ્યભિચારી કીચક પાસે જવા આજ્ઞા કરી, ત્યારે સતી બોલ્યાં હતાં કે હે ' બ્હેન ! આ બાબતમાં સંતોનો મત નીચે પ્રમાણે છે—

[શ્લો. ૨૬ પાનું ૧૦૬૧] **પદ ૩૧.**

રે લલના ! પરરે પુરૂષ સંગ તજીએ;
નિશ્ચય કરી ભાવે પતિજીને ભજીએ—રે લલના૦
પ્રીતિ કરી પર રે પુરૂષની સાથે,
અંતર દેવા વચન આપ્યું જેણે હાથે;
ભોમિ કેરો ભાર ચઢયો તેને માથે—રે લલના૦
નારિ ! જેણે નાથ કર્યા નિજ પાંખી,
વડીલ કેરી કીર્તિ કરી તેણે ઝાંખી;
ઇકોતેર પેઢી નરકમાં નાંખી—રે લલના૦
નાથ વેચી નારી રહે જે ફરતી,
સ્વાન પેરે જ્યાં ત્યાં લૌવા ભરતી;
મુવા કેડે સંગ કરે નહીં ધરતિ—રે લલના૦
વિગેરે૦ વિગેરે૦

પ્રીતમ અંધ હતા. પ્રીતમનું મન રણછોડજીમાં કેવું રંગાયું હતું ?-અંધ છતાં દેખતા હતા ?—

[શ્લો. ૨૭ પાનું ૧૦૬૩] **પદ ૩૨.**

રણછોડજીનાં સ્વરૂપમાં મન રંગાયું રે,
લીલાં કુંડળ કાને ધર્યા, મહારાજ—
મન રંગાયું–બાપા ! રણછોડજી૦
પીળાં પિતાંબર પહેરીયાં— મન રંગાયું૦
બાપા ! પીળે પટકે બાંધી હરિએ કેડ—
મન૦–વ્હાલા ! રણછોડજી૦
શીર લહેકે છે કસબી પાઘ— મન રંગાયું૦
બાપા ! જમણે હાથે છડી ધરી મહારાજ—
મન૦–વ્હાલા ! રણછોડજી૦

ભાલે તિલક કેસરતણા— મન રંગાયું૦
બાપા ! લાલમણિનો બાંધો છે શીરપેચ—
મન૦—વ્હાલા ! રણછોડજી૦
બાંહે બાજુબંધ બેરખા— મન રંગાયું૦
વ્હાલા ! કંઠે લીલા તુલસીકેરા હાર—
મન૦—બાપા ! રણછોડજી૦
હાથે તે કડાં સાંકળાં— મન રંગાયું૦
બાપા ! રતન મુદ્રિકા રાજત જમણે હાથ—
મન૦—વ્હાલા ! રણછોડજી૦
ગળે તે હાર ગુંજાતણો— મન રંગાયું૦
બાપા ! બીજા શોભે હેમતણા શણગાર—
મન૦—વ્હાલા ! રણછોડજી૦
કેડે કંદોરો પહેરીયો— મન રંગાયું૦
વ્હાલા ! પાવલીયામાં ઝાંઝરનો ઝમકાર—
મન૦-વ્હાલા ! રણછોડજી૦
નિજ આયુધ ભુજ ચાર ધર્યા— મન રંગાયું૦
બાપા ! નખશીખ સુધી શોભાનો નહીં પાર—
મન૦-વ્હાલા ! રણછોડજી૦

[ગુગળીઓએ તિથિ સિવાયના તદ્દન નવીન શણગાર ધર્યા, તોપણ તે તમામ પ્રીતમે કહી સંભળાવ્યા. તે વખતે તે પુજારીઓમાં એક એકાક્ષી હતો. તેણે ભક્તની

પરીક્ષા કરવા માટે, ગોમતીજીમાંથી બે કમળ લાવીને, એક કમળ પ્રભુના જમણા અંગુઠામાં, અને બીજું કમળ પ્રભુને મુસ્તક ધારણ કરીને, ભક્તને પૂછયું-' હવે કાંઈ બાકી છે ?' તેના જવાબમાં ભક્તે ગદ્દ્ગદ્ કંઠે ગાયું કે—]

શણગાર સર્વે સજ્જ હતા— મન રંગાયું૦
વ્હાલા ! એક પળમાં બે નવા ધર્યા મહારાજ !—
મન૦-બાપા ! રણછોડજી૦
એક કમળ મુસ્તક ધર્યું— મન રંગાયું૦
બાપા ! બીજું જમણે અંગુઠે-મહારાજ !—
મન૦-વ્હાલા ! રણછોડજી૦
છબી છબીલા લાલની— મન રંગાયું૦
પ્રીતમ તારા ચરણકમળનો દાસ—
મન૦-બાપા ! રણછોડજી૦

ગોપીઓ ક્રોધાવેશમાં ઠપકો આપે છે.

[શ્લો. ૩૧ પાનું ૧૦૧૮] પદ ૩૩.

(લાંબે રાગે ઉપાડો)

આશા ભર્યા રે અમે આવીયાં-ને-તમે કેમ પાડો છો ના ?-
હો-આવેલ આશા ભર્યાં-ટેક૦ (૨)
આશા ભર્યા અમે કયાં જઇએ ? હવે કોણ પૂરે અમારી
આશરે-આવેલ આશા ભર્યાં. હે-આશા ભર્યાં૦
વનમાં વેણ વગાડી વહાલા ! શા અરથે બોલાવ્યાં રે—
આવેલ૦ હે-આશા ભર્યાં૦

ગૌદોહંતાં દોણી ભૂલ્યાં, વાછરડાં રખડાવ્યાંરે—
આવેલ૦ હે-આશા ભર્યાં૦
ભાણે ભરીયાં ભોજન રહી ગયાં-ભોજનીયાં નવ ભાવ્યાં રે-
આવેલ૦ હે-આશા ભર્યાં૦
ધાવતાં બાળક પડયાં મેલીને, પ્રભુ શરણે અમે આવ્યાં રે—
આવેલ૦ હે-આશા ભર્યાં૦
વાજતાં વલોણાં મેલ્યાં, છાછરમાં ઘી તાવ્યાં રે—
આવેલ૦ હે-આશા ભર્યાં૦
મહીયરની મરયાદા મેલી, સાસરીયાં સમજાવ્યાં રે—
આવેલ૦ હે-આશા ભર્યાં૦
ભક્તોના સ્વામી શ્યામ સુંદીરવર, ગુણ તમારાં ગાયાંરે—
આવેલ૦ હે-આશા ભર્યાં૦

શરણે આવવું એટલે-પોતાના તમામ શસ્ત્રોનો ત્યાગ કરવો તે. પોતાના ડહાપણ માત્રનો ત્યાગ કરવો તે. **'सर्वधर्मान् परित्यज्य'**-તે. મન અને બુદ્ધિ શ્રી હરિને શરણે મૂકવાં તે. 'અમારી આવી સ્થિતિ છે, તેથી આપ અમારો ત્યાગ ન કરો. કદિ આપ ન માનો તો-

[શ્લો. ૩૧ પાનું ૧૦૬૯] પદ ૩૪

કહોને વ્હાલા ! અમે ક્યાં જઇએ ?
ઘરનાં કે ઘાટનાં અમે ના રહીએ-કહોને વ્હાલા૦ ઘરના૦
અંબિકા આરાધ્યાં અમે તમ માટે;
તમને ભજીએ વ્હાલા શિર સાટે-કહોને વ્હાલા૦ ઘરના૦

સર્વ દેવોમાં તમને મૂખ્ય ગણી,
મેં તો ધાર્યા તમને ધાર ધણી–કહોને વ્હાલા૦ ઘરના૦
સત્ય સ્વરૂપે તમને ચિત્ત દઈએ;
હવે હરિ રહેજો મારે નિત હઇએ–કહોને વ્હાલા૦ ઘરના૦
ગોપાળ કૃષ્ણ–પ્રભુ ગુણવંતા;
અમને તારી લેજો બળવંતા–કહોને વ્હાલા૦ ઘરના૦
વિશ્વનાથ કહે છે કર જોડી;
હરિ ! શું હાંસલ ? અમને તરછોડી–કહોને વ્હાલા૦ ઘરના૦

જેમને રાજા પંડે મળે, તે હજુરીયો પાસે શા માટે જાય ! ગંગાજી મળે, તે કુવાનાં પાણી શા માટે પીએ ! વળી અમે સ્ત્રીઓ છઇએ. '**अधमते अधम अधम अतिनारी**' તેથી અમો આપને શરણે આવી છઇએ-આપે અમારી લાજ રાખવીજ જોઈએ—

[શ્લો. ૩૧ પાનું ૧૦૬૯] **પદ ૩૫.**

રાગ–કસુરી તાલ ૩.

શરણ પડેકી લાજ, આજ તુમ રાખો ભગવાના !
મોરલીધર મહારાજ ! , લાજ તુમ રાખો ભગવાના !
જપ–તપ–યોગ-યજ્ઞ નહિં કીને, નહિ તીરથ દાના;
બિરથા બિત ગઈ સબ ઉમરા, વિષયન ભરમાના–લાજ૦ શરણ૦
સત્સંગતમેં બૈઠ તુમારા, કિયા ન ગુણ ગાના;
ભવસાગર જલ દુસ્તર તારી, કૈસે તરજાના !–લાજ૦ શરણ૦

ચૌરાસી લખ જીવ જૂનમેં, પુન પુન ભટકાના;
તુમ રે ભજન બિના નહિં કબહુ, હોય મોક્ષ પાના-લાજ૦
શરણ૦
દીન દયાલ દયા કે સાગર, તુમ સબ ગુણ ખાના;
બ્રહ્માનંદ મેં દાસ તુહ્મારા, મુઝે ન વિસરાના-લાજ૦ શરણ૦

આ બધી વાત ધ્યાનમાં આવે તો-
[શ્લો. ૩૧ પાનું ૧૦૬૯] **રાગ મારૂ. ૩૬**
અમને રાસ રમાડ વ્હાલા ! મધુરો બંસ વજાડ વ્હાલા !
થૈ થૈ નાચ નચાડ વ્હાલા ! વૈકુંઠથી વૃંદાવન રૂડું;
તે અમને દેખાડ વ્હાલા-અમને૦ ટેક૦
જાદવ ! જુમના કાંઠડેરે, વાઓ વેણુ રસાળ;
નાદથી મોહી ગોપીકા, તેણે રોતાં મેલ્યાં બાળ,
વ્હાલા !-અમને૦
એક અંજન કરતી ચાલીરે, વસન કર્યાં પરિધાન;
અવળાં તે અંબર પહેરીયાં, નેપૂર ઘાલ્યાં કાન,
વ્હાલા !—અમને૦
સન્મુખ આવી ઉભી રહીરે, નયણે નીરખ્યા નાથ:
તન મન ધન સૌ સોંપીયાં, અમે તમને જોડયા હાથ,
વ્હાલા !—અમને૦
વૃદાંવન રળીયામણું, શરદ પુનમની રાત;
લલિત ત્રિભંગી શોભા બની, અહીં દીસે નવલી નાત,
વ્હાલા !—અમને૦

અંગસંગનો રંગ દીધો, અને નાચો અમારી સાથ;
અમે તમારા હાથમાં, તમે આવો અમારી બાથ,
વ્હાલા !—અમને૦
ગાય શીખે ને સાંભળે, ગોપી કેરો રાસ;
તે નર વૈકુંઠ પામશે, એમ કહે નરસૈયો દાસ,
વ્હાલા !—અમને.

[શ્લો. ૩૪ પાનું ૧૦૭૫] **પદ ૩૭.**

મુને લેહરે લાગી, હરિના નામનીરે; (૨)
હું તો ટળિરે સંસારીઆના કામનીરે— મુને૦
ચોંટ લાગી ટાળીરે કોઈની નહિં ટળેરે; (૨)
ભલે કોટિ ભુવા આવી મળેરે— મુને૦
હું તો બાવરી ફરૂં છઉં, મારા મદમાંરે, (૨)
મારી સુરતા લાગી તવ પદમાંરે— મુને૦
મીરાંબાઈને મળ્યા છો, તમે વાટમાંરે, (૨)
તમે વેચાયા ગોપીઓના માટમાંરે— મુને૦
વિગેરે—વિગેરે—

આ વૈરાગના સંબંધમાં પ્રોફેસર મણિભાઈ નભુભાઇએ ગાયું છે કે-

[શ્લો. ૩૪ **શુદ્ધ પ્રેમનો વિરાગ. ૩૮**

પાનું ૧૦૭૫] [પદ-કાલિંગડાની ધૂનમાં.]

અમે વેરાગી વેરાગી, જનમના વેરાગી— અમે વેરાગી૦
રામનામ અટલ ધૂન લાગી— જનમના૦ અમે૦
આવ્યા પંડે જાવું પંડે, મિથ્યા વચલી બાજી;
પ્રેમ ધરો શા ઉપર સંતો, ઘડી ભાગે ઘડી સાજી—જનમના૦
પ્રેમસ્થાન પત્નિનું મોટું, કષ્ટરુપ પુઠ લાગી;
માત તાત પણ સ્વારથ સાધે, ઠોકર છેવટ વાગી—જનમના૦
ભીંતર દાઝયું કોણ રૂઝાવે, કોણ બતાવે સાચી ?
ધૂળ ઉપર લીંપણ કેમ લાગે, એ ગત સંતો કાચી !—જનમના૦
મિત્રો સ્નેહી સંબંધી સર્વે, પોતપોતાનું તાણે;
મનની મનમાં રે'—નવ સમજે, ને મૂરખ પરમાણે—જનમના૦
આત્મભાવ સઘળે કરી લ્યો ભાઈ, આત્મારામની પ્રીતિ;
એજ ખરો અનુભવ-પછી માયા, કાળું ધોળું ભલે કે'તી--જનમના૦
ઘર સાચવતાં હરિપદ સેવો, એમ કહે કોઈ રીતિ;
હરિપદ બાંધ્યો અવર ન દેખે, કયાં ઘર કયાં એ નીતિ—જનમના૦
રાગીને નવ રાગી જાણો, રાગી ખરા વૈરાગી;
રાગ વિરાગને એક લહ્યો મન, તેજ ભિખારી વૈરાગી—જન૦
અવિચલ નિર્મળ રામ અમારો, એજ પરમ પ્રીતિ ઠામ;
લોક ભલે **મણિ** પત્થર જાણે, એનું લેશ ન કામ—જનમના૦

જ્યારે આવો સાત્વિક ત્યાગ જાગ્રત થાય, ત્યારે જીવને વ્યવહાર દશા ગમતી નથી. તે સંબંધમાં પણ મણિભાઈએ કહ્યું છે કે-

સાત્વિક ત્યાગ. ૩૯

શ્લો. ૩૪ પાનું ૧૦૭૬] (ગજલ–સોરઠ.)

ઉડી[1] જા તું ગાફેલ ગાભરા, તારે અંતરે
શી આંટિ[2] રહી ?—ટેક.

તારી પાંખ પ્રોઢ થઈ હવે, યશ વાણીનો કવિયો કવે;
રહિ રિદ્ધિ કરજોડી નવે, તોએ આ શી આસક્તિ રહી—
ઉડી જા.

આ તો જાળ સ્વાર્થની છે રચી, કામ ક્રોધ કોટ રહ્યો મચી;
ખોઈ શુદ્ધિ લાખ ગયા પચી, પણ ખોઈ તે ફરી ના જડી—
ઉડી જા.

નશો પ્રેમનો જે ઘુંટી પીએ. તેને રંગ નિત્ય નવા જડે;
તે બ્રહ્માંડમાં નિજાનંદ લે, એ ખુમારી તુજ નયને ચડી—
ઉડી જા.

જો તું અન્ય કોઈની શોધમાં, તો તો ધૂળ પડી તુજ બોધમાં;
નિજ રૂપથી બીજું શોધ મા, સર્વે એજ છે વિસર્યા અહીં–
ઉડી જા.

\+ \+ \+ \+

હતો બાળ ત્યાં સુધું ભાસતું, વધ્યાં વર્ષ જ્ઞાન મળ્યું ઉંધું;
વધ્યો રાગ ને દ્વેષ બન્યું કુડું, મળે બાળપણ પાછું
ક્યાં જઈ ?—ઉડી જા.

પોથી વિશ્વની ભણી કાં ભૂલ તું, પળીયાં છતાં બન બાળ તું;
ખરી મસ્તી એ ખરૂં સુખડું, પછી પાપપુણ્ય અડે નહીં
ઉડી જા.

આવો સાત્વિક ત્યાગ મનુષ્યોમાં પ્રગટે, ત્યારે જીવ-બ્રહ્મની એકતા થાય—

अयमात्मा परानंदः, परप्रेमास्पदं यतः ! [પંચદશી]

અર્થ—આ આત્મા પરાનંદ છે, કારણકે પરના–સર્વના પ્રેમનું સ્થાન છે. પ્રેમના સંબંધમાં મી. સ્કોટ કહે છે કે--

'Love rules the court, the camp, the grove;
And men below, and saints above;
For Love is heaven, and heaven is Love.

અર્થ—રાજસભામાં, લશ્કરની છાવણીમાં અને પુષ્પના કુંજોમાં, સર્વત્ર સૃષ્ટિના મનુષ્ય માત્રમાં, અને સ્વર્ગના દેવ માત્રમાં-જ્યાં જોઇએ ત્યાં, પ્રેમનુંજ સામ્રાજ્ય છે. કારણ કે પ્રેમ સ્વર્ગ છે, અને સ્વર્ગ પ્રેમ છે.

કામ અને વ્યભિચાર--આ બે શબ્દો શ્રીકૃષ્ણ અને ગોપીઓના સંબંધમાં સાંભળીને, ડાહ્યા માણસોની ડાગળી ખસી જાય; અક્કલ બહેર મારી જાય; ત્યારે રાત-દિવસ ધંધામાં રજળતા, અને ખાવું પીવું અને ખેલવું, એટલુંજ જે જાણતા હોય; અગર નાસ્તીકોના સમાગમમાં રહીને, હિંદુ ધર્મને ફારસ રૂપ માનતા હોય, તેમને શું

કહીએ ! યાદ રાખજો કે--આ રહસ્યની વાત છે–આમાં કાંઇક છે. સમજવા પ્રયત્ન કરો. શુક્રાચાર્ય અનેતેના પુત્રો ન સમજી શકયા,તે વાત પ્રલ્હાદ અનાયાસે સમજી શકયો.જે રહસ્ય બળિ સમજ્યો, તે ઇંદ્ર સમજી શકયો નથી. જે વાત મીરાં, તુકારામ અને નરસી સમજી શકયા, તે વાત તે જમાના અનેક પંડિતો ન સમજી શકયા. જે વાત જીસસ ક્રાઇસ્ટ સમજી શકયો, તે વાત તે જમાનાના આચાર્યો સમજ્યા નહોતા. તે સંબંધમાં બાઇબિલમાં જે કાંઇ કહે છે, તેનો અર્થ કહું–' હે શાસ્ત્રવેત્તાઓ ! તમને ધિક્કાર છે, કારણ કે તમે જ્ઞાનની કુંચીઓ (Keys of knowledge) ગૂમ કરી છે. તમે અંદર પ્રવેશ કરી શકતા નથી, અને અન્ય પ્રવેશકોને ઉલટાં રજળાવો છો ' [લુક ૧૧–૫૨] ' **दृश्यते त्वग्रया बुद्धया सूक्ष्मया सूक्ष्मदर्शिभिः** ॥ [કઠ ઉ૫૦] સુક્ષ્મદર્શી મનુષ્યોજ પોતાની સૂક્ષ્મબુદ્ધિથી જે જાણવાનું છે, તે જાણી શકે છે.' **बुद्धया विशुद्धया युक्तो, धृत्यात्मानं नियम्य च** । [ગીતા અ. ૧૮] વિગેરે શબ્દોથી, શ્રીકૃષ્ણે બુદ્ધિને સૂક્ષ્મ કરવા માટે ઘણાં સાધન બતાવ્યાં છે; પણ કહો ! તેનો એક વખત પણ પ્રયોગ કર્યો છે ? હજી કરવા રાજી છો ? દીવાસળી ઘસવાથી દીવો થાય, અગર બટન દાબવાથી વીજળીનો દીવો થાય; એમ સો વરસ સુધી જાણ્યા કરશો; પણ પ્રયોગ નહીં કરો, તો ફળ કયાં છે !

નરસી મહેતો કહે છે કે–

[શ્લોક ૩૫ પાનું ૧૦૭૮] પદ૦ ૪૦

'દૃષ્ટે ન આવે, નિગમ જગાવે, વાણિ રહિત વિચારો રે;
સત્ય અનંતજ જેહને કહીએ, તે નવધાથી ન્યારો રે;
નવધામાં તો નહિં નરવેડો, દશધામાં દેખાશે રે;
અચવો રસ છે એહની પાસે, તે પ્રેમી જનને પાશે રે;
વિગેરે વિગેરે.

હવે કામ અને વ્યભિચાર સંબંધી થોડામાં થોડી મુદ્દાની વાત કહી દઉં—

કામ—કામ શબ્દ દેખીને આપણે ગભરાઇ જઈ, ગમે એવા અર્થ કરીએ છઈએ. તે સંબંધમાં શ્રીકૃષ્ણ પોતે કહે છે કે-**धर्माविरूद्धो भूतेषु, कामोऽस्मि भरतर्षभ** હે અર્જુન! ધર્મથી વિરુદ્ધ નથી એવો જે 'કામ' તે હું પોતે છઉં.'

મધુસૂદન સરસ્વતી કહે છે કે—

રાગ-શાર્દુલ વિ૦

ध्यानाभ्यासवशीकृतेन मनसा, यन्निष्कलं निष्क्रियम् ।
ज्योतिः किंचनयोगिनो यदि परं, पश्यन्ति पश्यंतु ते ।
अस्माकं तु तदेव लोचनचमत-काराय भूयाच्चिरम् ।
कालिंदीपुलिनोदरे किमपि यन्-नीलं महो धावति ॥

અર્થ—ધ્યાનના અભ્યાસથી મનને વશ કરીને, કોઇ યોગી કળા રહિત તથા ક્રિયા રહિત એવી જયોતિને જોતા

હોય, તો ભલે જુએ; પણ અમારી આંખ સામે તો, ઘણા કાળ સુધી અનેક લીલાઓ કરનાર, અને કાલિંદીના તટ ઉપર આમતેમ દોડનાર શ્રીકૃષ્ણજ રહેજો.

[શ્લો. ૩૮. પાનું ૧૦૮૩] **રાગ–ટોડી તાલ ૩. ૪૨**

હરિ ! તુમ ભકતનકે હિતકાર,
ભકતનકે હિતકાર–હરિ ! તુમ ભકતનકે હિતકાર !
ભવસાગર જલ દુસ્તર ભારી, લીજે મુઝે ઉગાર–હરિ૦ ટેક.
ગજ અરૂ ગ્રાહ લડે જળ જલમેં, ગજને પાઈ હાર;
મનમેં સુમરણ કિયા તુહ્મારા, પહુંચે ગરૂડ સવાર–હરી૦
તુમરે દર્શન કારણ ધ્રુવને, તપ કીનો મન ધાર;
અચલ રાજ્ય તિસકો પ્રભુ દીના, દે અપના દીદાર–હરિ૦
પ્રીત દેખ પ્રલ્હાદ ભકતકી, નિકલે થંભ વિદાર;
હિરણ્યકશપકો પકડ કેશસે, પલમેં દીના માર–હરિ૦
દ્રુપદસુતાકી લાજ સભામેં, રાખી ચીર વધાર;
બ્રહ્માનંદ શરણમેં તેરી, મેરી સુનો પુકાર–હરિ૦

[શ્લો. ૩૮ પાનું ૧૦૮૪] **પદ. ૪૩**

એવો અપરાધી કોણ છેરે–જેને ભજન ન ભાવે,

(પાછળ ત્રીજે પાને છે)

ગોપીઓ કહે છે કે—

[શ્લો. ૩૮ પાનું ૧૦૮૪] પદ. ૪૪

નંદલાલા ! અમે તો તારાં દાસડીયાં,
વ્રજવ્હાલા ! અમે તો તારાં દાસડીયાં;
હરિ હરિ દાસડીયાં–પૂરો આસડીયાં–નંદલાલા૦

જે મુખે નામ નહીં પ્રભુ તારૂં, તે મુખ ઉપર પડે ખાસડીયાં–
નંદલાલા૦
રટણ કરતાં વિતે દિનરજનિ, દિનદિન કરતાં માસડીયાં–
નંદલાલા૦
નામ ભૂલાવે ભેળાં થઈ નૂગરાં, તો અમને પડે ત્રાસડીયાં–
નંદલાલા૦
પ્રેમને વશ થઈ બોલો પાતળીયા, પ્રેમને વશ રમો રાસડીયાં–
નંદલાલા૦
નવધામાં લાગી પૂરણ લગની, આઠે પહોર અભ્યાસડીયાં–
નંદલાલા૦
જનમોજનમ ઋષિરાજના જીવન, વૈષ્ણવમાં દેજો વાસડીયાં–
નંદલાલા૦

શ્રીકૃષ્ણનું રૂપ જોઇને ગોપીઓ ઘેલી થઈ ગઈ. એક ગોપી ગાય છે--

[શ્લો. ૩૯ પાનું ૧૦૮૫] પદ ૪૫

રેખતા તાલ દાદરા.

અયે કૃષ્ણ તેરે નામપે, કુર્બાન હો રહી;
સુરતકો તેરી દેખ, પરેશાન હો રહી— અયે૦ ટેક.
સિરપર વો મોરકી મુગટ, કાનોમેં હૈં કુંડલ;
વો અધર બંસરીકી મધુર, ટેહર હો રહી— અયે૦
ફુલોકી માલ હૈ ગલેમેં, તિલક ભાલ હૈ;
મુખચંદ મંદહાસસેં, બેજાન હો રહી— અયે૦
નહીં ખાનપાનકી સુધી, ન લોકલાજ હૈ;
તેરે દિદાર કે લિયે, હૈરાન હો રહી— અયે૦
ન ભૂલિયે મુઝે, દીનનકે નાથ તુમ સુને;
બ્રહ્માનંદ તેરે દરકી, મૈં દરબાન હો રહિ— અયે૦

શ્રીકૃષ્ણનું મુખડું જોઇને મીરાંપણ લલચાણી. મીરાંને તીવ્ર વૈરાગ્ય પ્રગટયો—

[શ્લો. ૩૯ પાનુ ૧૦૮૬] પદ ૪૬

મુખડાની માયા લાગી રે–મોહન તારા. ટેક૦
મુખડું મેં જોયું તારૂં, જુગ સરવે થયું ખારૂં; (૨)
મન મારૂં રહ્યું ન્યારૂં રે— મોહન તારા૦
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું; (૨)
તેને તુચ્છ કરી ફરીએરે— મોહન તારા૦

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું; (૨)
તેને ઘેર શીદ જઇએરે— મોહન તારા૦
પરણું તો પ્રીતમ પ્યારો....હાં....હાં....થવા ઘો....
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો; (૨)
રાંડવાનો ભય ભાંગ્યોરે— મોહન તારા૦
બાઈ મીરાં બલિહારી, આશા મુને એક તારી; (૨)
હવે હું તો બડ ભાગીરે-- મોહન તારા૦

'भवामः दास्यः—' અમે તમારી દાસી થઇએ' દાસત્વની બાબતમાં દયારામભાઈ કહે છે કે-

[શ્લો ૩૯ પાનુ ૧૦૮૬] રાગ—કવિત. ૪૯.

જો મુખસેં બાંસરી, બજાઇ રાસમંડલમેં,જો મુખ અધરામૃત,
સર્વસ્વ ગોપી કેરો હે;
જો મુખ ગુહ્યબાત, કરો રાધા પ્યારીસંગ, જો મુખ રસ પાન,
રસિકનકે ઘનેરો હે;
જો મુખમેં વિશ્વરૂપ, માતાકું દિખાયો નાથ ! જો મુખ વરદાન
દીને, સતત આપ ચેરો હે;
સો મુખારવિંદસેં, શ્રીકૃષ્ણચંદ્ર એક બેર, કરૂણા કરી કહીએ
પ્રભો ! 'દાસ દયો મેરો હે.'

अद्वैतवीथिपथकैरुपास्या, वेदांतसिंहासनलब्धदिक्षा ।
हठेन केनापि वयं शठेन, दासीकृता गोपवधूविटेन ॥

[મધુસૂદનસરસ્વતી]

[શ્લો. ૪૦ પાનું ૧૦૮૮] પદ. ૪૮

હું તો પરણી મારા પ્રીતમની સંગાત, બીજાના મીંઢોળ નહીંરે ધરૂં રે-
—હું તો પરણી ટેક૦ (૩)

ઘઉંરે ચોખલીયા રાણા ! નથી મારે જમવારે; (૨)
ટુકડા માગીને અમે ખઇશું–રાણાજી અમે ટુકડા માગીને હવે ખઈશું
—બીજાના હું તો૦

મોતી કેરી માળા રાણા ! નથી મારે પહેરવીરે; (૨)
તુલસીની માળા પહેરી ફરશું–રાણાજી ! અમે તુલસીની માળા
પહેરી ફરશું–બીજાના૦ હું તો પરણી૦

હીરના ચીર રાણા ! નથી મારે પહેરવારે; (૨)
ધોળાં પહેરીને હવે ફરશું, રાણાજી ! અમે ધોળાં પહેરીને હવે
ફરશું–બીજાના૦ હું તો૦

બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ વ્હાલા ! (૨)
હરિને ભજીને થઈશું ન્યાલ, રાણાજી અમે હરિને ભજીને થઈશું
ન્યાલ–બીજાના૦ હું તો૦

[શ્લો. ૪૦ પાનું ૧૦૮૮]

જેમ રાખમાં ઢંકાયેલો અગ્નિ ઓળખાય નહીં; તેમ મીરાંના લૌકિક સંબંધમાં ઢંકાએલો તીવ્ર વૈરાગ, રાણાથી ઓળખાયો નહીં. મીરાંનું વર્તન રાણાને ઢોંગી જેવું લાગ્યું. રાણાએ મીરાંને ત્રાસ દેવા માંડયો.

રાણાજીના ત્રાસથી મીરાંબાઇએ ગભરાઇને તુલસીદાસને પત્ર લખ્યો. મીરાંનો પત્ર અને મીરાંને તુલસીદાસે શું જવાબ આપ્યો, તે ભાવથી સાંભળો—

મીરાંનો પત્ર— ૪૯.

" શ્રી તુલસી સુખ નિધાન ! દુઃખહરન ગુંસાઈ !
બારહિ બાર પ્રણામ કરૂં, અબ હરો શોક સમુદાઇ.
ઘરકે સ્વજન હમારે જે તે, સબન ઉપાધી બઢાઈ;
સાધુ સંગ અરૂ ભજન કરત, મોહિ દેત કલેસ મહાઈ.
બાલપનેતે મીરાં કીન્હીં, ગિરધરલાલ મિતાઈ.
સો તો અબ છૂટત નહિં, કયોં લગિ લગન બરિયાઇ.
મેરે તાત પિતા કે સમ હો, હરિભક્તન સુખદાઇ;
હમકો કહા ઉચિત કરિબો, ઐસો લિખિયો સમુઝાઈ. "

તેના જવાબમાં તુલસીદાસજી લખે છે–

' જાકે પ્રિય ન રામ વૈદેહી,
તજીએ તાહી કોટિ વૈરી સમ, **યદપિ પરમ સનેહી.**

[હે મિરાં ! તમારાં સંબંધિઓ તમારી સાથે વૈરભાવ કરે છે, પણ જો તેઓ તમારી સાથે અત્યંત સ્નેહ કરતા હોય, તો પણ જો તેઓને સીતારામ વ્હાલા ન હોય, તો તમે તેમનો અવશ્ય ત્યાગ કરજો.]

" તજયો પિતા પ્રલ્હાદ, બિભીષણ બંધુ–ભરત મહતારી;
બલિ ગુરૂ તજયો–કંત વ્રજવનિતા, ભયે સબ મંગલકારી.
નાતો નેહ રામસો મનિયત, સુહૃદ સુસેવ્ય જહૌં લૌં;
અંજન કહૌં આંખ જો ફૂટૈ, બહુતક કહૌં કહાં લૌં.
તુલસી સો સબ ભાંતિ પરમહિત, પૂજ્ય પ્રાણસેં પ્યારો;
જાસો હોય સનેહ રામપદ, એહિ મતો હમારો. "

આટલી પ્રાર્થના કરી, છતાં નહીં માનો; તો તમારે અને અમારે વઢવાડ થાવાની. વઢવાડ કેવી ?-સાંભળો-

[શ્લો. ૪૧. પાનુ ૧૦૯૩] પદ ૫૦.

(મારી હુંડી સ્વિકારો-એ રાગ.)

હાંરે-નહીં માનો તો મારા નાથરે, વઢવાડ થાવાની,
વઢતાં જીભલડી નહીં રહે હાથરે, માઝા તુટી જાવાની.
હાંરે નહીં૦ ટેક.

સાખી-અમે તો નિર્બળ નારીઓ, તમે સબળા છો સ્વામી;
અવગુણ સામું જો જોઈ રહોરે,
તો ખોટા ઠરશો-ગરૂડાગામીરે-વઢવાડ૦ નહીં માનો૦

સાખી-જારકરમી અમને જો કહો, તો ગુણકાને કાં તારી ?
પાપકરમી કહિ અમને કહો,
તો તમે-પૂતનાને કેમ ઉદ્ધારીરે-વઢવાડ૦ નહીં૦

સાખ--અનાચારી અમને કહો, તો અનાચારી કરમા નારી,
તેનો ખીચડો ખાધો ખંતથી,
શું સમજી તમે ગિરધારી રે-વઢવાડ૦ નહીં૦

સાખ—વર્ણાશ્રમમાં (અમને) નીચાં ગણો, તો નીચી શવરી નારી,
એઠાં બોરાં ભાવથી ખાધાં,
શું સમજી-તમે તેને તારીરે-વઢવાડ૦ નહીં૦

સાખી-જીવશીવની એકતા, એમ જાણો છો મારા નાથ !
અમે તમારા હાથમાં,
તમે આવો અમારી સાથ રે-તો-વઢવાડ મટવાની.
નહીં માનો તો મારા નાથ રે-વઢવાડ થાવાની.

[શ્લો. ૪૧. પાનું ૧૦૯૪] **પદ ૫૧.**

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાંહિરે. (૨) ટેક૦
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહીરે–ભૂતળ૦
હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મો જન્મ અવતારરે;
નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છવ, નિરખવા નંદકુમારારે–ભૂતળ૦
ભરતખંડ ભૂતળમાં જન્મી, જેણે ગોવિંદના ગુણ ગાયારે;
ધન્ય ધન્ય એના માત પિતા, સફળકરી એની કાયારે–ભૂતળ૦
ધન્ય વૃંદાવન ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજના વાસીરે;
અષ્ટમા સિદ્ધિ આંગણીએ ઉભી, મુક્તિ તો એની દાસીરે– ભૂતળ૦
એ રસનો સ્વાદ શંકર જાણે, જાણે શુકદેવ જોગીરે;
બહુ બહુ જાણે વ્રજની ગોપી, ભણે નરસૈયો ભોગીરે– ભૂતળ૦

પરવશની સાથેજ પરવશ—પ્રભુ ઘણાજ દયાળુ–કૃપાળુ–સાગર જેવા મોટા પેટ વાળા; તોપણ પરવશની સાથેજ તેઓ પરવશ થાય છે. સાંભળો—

[શ્લો. ૪૨. પાનું ૧૦૯૬] **ગરબો. ૫૨.**

(નોંધ—સાખીનાં ત્રણ પદ ઉભા રહીને બોલવાં, અને ચોથા પદે ચટકતી ચાલે ફરવું.]

વ્હાલો પ્રેમને વશ થયા રાજીરે,
એમાં શું કરે પંડિતને કાજીરે;
પ્રભુભક્તો અમારે ઘેર આવોરે,
શામળાનો સંદેશો લાવોરે;
જીવણ જાણ છો— આત્મારામ છો— વ્હાલો૦

સાખી–વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યા, ને કેળાં આણ્યાંતાં માગી;
ગર્ભ કાઢીને છોલ ખવરાવી,
વ્હાલે તોયે ન જોયું જાગીરે— વ્હાલો૦
સાખી–ગુણકા હતી તે પોપટ પઢાવતી, અને તેમાંથી લે લાગી;
ભગવાન્ એને સહેજમાં મળ્યા,
એની સંસારની ભ્રમણા ભાંગીરે— વ્હાલો૦
સાખી–ભગતની લોક નિંદા કરે, અને જગત થયું છે પાજી;
ભલે મળ્યા મહેતા નરસીના સ્વામી,
માથે ગીરધર રહ્યો છે ગાજીરે— વ્હાલો૦

શ્રીકૃષ્ણને રીજવવા, ચંદ્ર કેવા ઠાઠથી નભમંડળમાં બેઠો હતો, તે સાંભળો—

શ્લો. ૪૪–૪૫, પાનું ૧૦૯૮] **ગરબો. ૫૩.**

આ તે ચાંદલો કર્યો શું, દિશા પ્રાચીએ રે લોલ,
રૂડી કેસરી તે આડ કીધી માંય;
એને નિરખીને હરખીએ, આજે અમે રે લોલ,
મારા નેણમાં ન શીતળતા સમાય— આ તે૦
શોભે સૌભાગ્યવંતીના લલાટમાં રે લોલ;
કેવો તેજ તણો પુંજ ઝોલા ખાય;
મોહ પામે મહેંદ્ર એના ઘાટમાં રે લોલ;
અમર લોક એ પર વારી વારી જાય— આ તે૦

દેવ કન્યા કો છે, રે એ તો દીપતી રે લોલ,
આવી ખેલવા નભ આંગણે શું આજ;
ધીમે ધીમે ઠમકા કરીને ચાલતી રે લોલ,
લઈને રમવાનો રંગ ભર્યો સાજ— આ તે૦
દડા સુંદર ઉછાળે રૂડા ફૂલના રે લોલ,
ફેંકે તેજસ્વી આંખના કટાક્ષ;
એનાં નખરાં જણાય, મહા મૂલનાં રે લોલ,
રેડે ભૂમિ પર અમીરસ ધાર— આ તે૦
આછાં અંબરે કદિક મુખ ઢાંકતી રે લોલ,
કદિ ઉઘાડે વદન તેજ પૂર્ણ;
મંદ હાસ્યે જગ લોકને રીઝાવતી રે લોલ,
કરે રસીકોના કાલજડાં ચૂર્ણ— આ તે૦

[જગજીવનભાઈ.]

[શ્લો. ૪૬ પાનુ ૧૧૦૦] **રાગ–માલવ ૫૪.**

રમતાં રૂડું જો લાગે તો, માન તજીને મળીએ રે;
શામળીયાને ઉર પર રાખી, ભાવ ધરીને ભજીએ રે- રમ૦
કૃષ્ણ કોડીલો છે બહુ રસીયો, રસ માંહે રીજવીએ રે;
અંતર ટાળી આલિંગન દેતા, વિને* કરી વશ કરીએ રે–રમ૦
ભામણાં લઈએ વ્હાલા કેરાં, કંઠે વળગી રહીએ રે;
નરસૈયાના સ્વામી સાથે, વાત રસાળી કરીએ રે- રમ૦

* વિનય.

તુલસીદાસને સ્ત્રીનો ઠપકો—

[શ્લો. ૪૬. પાનું ૧૧૦૨] **પદ ૫૫.**

"જિતનોં હેત હમસેંરે પિયાજી ! હરિસેં હોત જો ઇતનોરી;
ચલ્યો જાત બૈકુંઠ ધામમેં, ઠાકોરદ્વારે તુલસી જાય તો
ખરોરી રામા–રટો તુલસી.
સિતા હો ! રામ રામા !––ભજો તુલસી."

[આ શબ્દો સાંભળીને, તુલસીદાસ ભર નિદ્રામાંથી જાગ્યા–અજ્ઞાનનાં પડલ ઉઘડી ગયાં. તેમણે સ્ત્રીને જવાબ દીધો કે].

"તુમ તિરયા મેરી ધર્મકી બ્હેના, તોહી મોહિ જ્ઞાન બતાયોરી;
તુલસીદાસ આશા રઘુવરકી, તિરયાકી સંગે તુલસી કછુ ના
ગયોરી રામા ! રટો તુલસી.
સિતા હો ! રામ રામા–ભજો તુલસી."

તાત્પર્ય––તુલસીદાસજીએ પ્રેમનો ચિલો બદલ્યો, પ્રેમના ધોધની દિશા બદલી. ધ્યેય બદલ્યું. રામાયણાદિ ગ્રન્થો લખીને જગત્‌ને સૂચવી દીધું કે–ભલે બાલ્યાવસ્થામાં [અજ્ઞાનદશામાં] રમકડે રમો–[વિષયોમાં આનંદ માનો], પણ મોટપણે [જ્ઞાનદશામાં] રમકડાંને [વિષયાનંદને] ફેંકી દો, અને સાચા સુખને–સાચા આનંદને–ઓળખી લ્યો.

અધ્યાય ૩૦ મો—

શ્રીકૃષ્ણ રસનો સાગર છે. રસનો સાગર અદૃશ્ય થતાં, ગોપિકાઓરૂપી મત્સ્યો તરફડવા લાગ્યાં. પ્રભુને અદૃશ્ય થયેલા જોઇને, ગોપિકાઓ ગાવા લાગી કે—

[શ્લો. ૧. પાનું ૧૧૦૭] પદ ૫૬.

અરે હાં-પરમસનેહી ઘનશ્યામલડો,
જાદુગરો ધુતારો કછુ કર ગયોરે (૨)
કામણગારો ધુતારો કછુ કર ગયોરે-હાં પરમ૦
દેખ દીવાની છેલ ગુમાની, (૨) મરમાળી મુરતી ઉર ધરી ગયોરે
-હાં પરમ૦
જીવનપ્રાણ સુજાન હમારો, (૨)અંગભુવન ભુવન રસ ભરી ગયોરે-
હાં પરમ૦
કામણગારો છબીલો મતવાલો, (૨) હસી હેત દેખાડી ચિત્ત હરી
ગયોરે-હાં પરમ૦
દાસ દયાનો પરમ સનેહી,(૨) વ્રજનારી મોરારી વશ કરી ગયોરે
-હાં પરમ૦

[થવા દ્યો-એકલી તાળી પડવા દ્યો-]

[શ્લો ૧ પાનુ. ૧૧૦૭] ૫૭

રાગ-ઠુમરી ખમાચ.

દર્શન બિન તલસે નૈનાં— ટેક૦
સાંબરી સુરત પ્યારી, વનમાલ ગલ ધારી;

જબસે નિહારી સારી, તનકી બિસારી સુધ;
પડત ન ઘડી પલ ચૈના   દર્શન૦
યમુનાકે નીર તીર, વિમલ સમીરે સખિ;
ધીરે ધીરે ગાવે નંદલાલ ગ્વાલ બાલ સંગ;
મધુર મધુર સ્વર બૈના—   દર્શન૦

[શ્લો. ૧ પાનું ૧૧૦૭]   ૫૮

(ઠુમરી-તાલ ચલિત).

મુઝે દે દરશન ગિરધારી,
તેરી સાંવરી સૂરત પર વારીરે—   ટેક૦
જુમનાતટ હરી ધેનુ ચરાવે,
મધુર મધુર સ્વર બૈન બજાવે
કાંધે કામરિયા કારીરે—   મુઝે દે૦ ૧
મોર મુકુટ પિતાંબર સોહે, દેખ રૂપ મુનિગણ મનમોહે,
કુંડલકી છબિ ન્યારીરે—   મુઝે દે૦ ૨
વૃન્દાવનમાં રાસ રચાવો, ગોપ ગોપિકા સંગ મિલ ગાવો,
નૂપુરકી ધુન પ્યારીરે—   મુઝે દે૦ ૩
ભકત હેત હરિ રૂપ બનાયા, બ્રહ્માનંદ મેરે મન ભાયા,
ચરણ કમલ બલિહારીરે—   મુઝે દે૦ ૪

[શ્લો ૨-૩ પાનું ૧૧૦૮] પદ ૫૯.
રાગ–સારંગ ઠુમરી તાલ–૩.

આલિ ! નંદકો લાલ, લોચન વિશાલ, ગલે ફુલન માલ;
શોભે તિલક ભાલ, ચલે લલિત ચાલ, નિત બંસરી બજાવે–આલિ !
ઘનશ્યામવદન, મુખચંદ કિરન, તન પીત વસન;
મૃદુ મંદ હસન, પગ નેપૂર ધૂન, સુન મન હરખાવે–આલિ !
અતિ વિમલ નીર, જમુનાકે તીર, કસે કમર ચીર;
કરે નાચ ધીર, સંગમેં આહીર, મિલ રાસ રચાવે–આલિ !
આવી વ્રજકી નાર, સબ કર સિંગાર, હરિ છબી નિહાર;
ભૂલી સદનકાર, બ્રહ્માનંદપાર, નહિં મુનિજન પાવે–આલિ !

પદાર્થોની અંદર બહાર કોણ છે ?–
[શ્લો. ૪ પાનુ ૧૧૧૦] પદ ૬૦.
રાગ–ગઝલ તાલ. ૩

નજરોસેં દેખ પ્યારે, ઈશ્વર હૈ પાસ તેરે;
કયા ઢૂંઢતા હૈ વનમેં, તનકે કબી ન હેરે— ટેક૦
પૂર્વસેં કોઇ બોલાવે, પશ્ચિમ દિશાકો ધાવે;
પ્રભુકા ભેદ ન પાવે, બિરથા ફિરે હૈ ફેરે— નજરોંસે૦
ભૂતળ આકાશમાંહિ, ઉસકા મુકામ નાંહિ;
દુનિયા રહિ ભુલાઇ, જાને નહીં હૈ નેરે— નજરોંસે૦
વો હૈ સબી ઠિકાને, ઘટ ઘટકી બાત જાને;
ઉસકો જો દૂર માને, વો મૂઢ હૈ ઘનેરે–– નજરોંસે૦
જગમેં જગા ન કોઇ, ઈશ્વર જહાં ન હોઈ;
બ્રહ્માનંદ જાન સોઈ, સુન સત્ય વાકય મેરે–– નજરોંસે૦

[શ્લો. ૪ પાનું ૧૧૧૦] પદ ૬૧. (રાગ–ગઝલ.)

નજરોંસે દેખ પ્યારે, ક્યા રૂપ હૈ તુમારા;
અપનેકો ભૂલ તનમેં, બાહિર ફિરે ગમારા— ટેક૦
કરમેં કંકણુ છિપાવે, ઢુંઢનકો દૂર જાવે;
ફિરકે સમીપ પાવે, મનમેં કરો વિચારા— નજરોંસે૦
મૃગનાભિમેં સુગંધી, સુંઘે વો ઘાસ ગંદી;
દુનિયા સબી હૈ અંધી, સમજે નહિં ઇસારા—નજરોંસે૦
જિમ દૂધકે મથનસેં, મિલતાહૈ ઘી જતનસેં;
તિમ ધ્યાનકી લગનસેં, પરબ્રહ્મ લે નિહારા— નજરોંસે૦
જડ જાન દેહ સારી, ક્ષણુભંગ દુઃખકારી;
બ્રહ્માનંદ નિર્વિકારી, ચેતન સ્વરૂપ ન્યારા— નજરોંસે૦

પ્રભુતત્ત્વને સર્વસ્વ માનવું, અને તેને માટે ગાંડા બનવું, એ માનવ જીવનની ઉત્કૃષ્ટ ભૂમિકા છે. આ ઉત્કૃષ્ટ ભૂમિકા ઉપર ઉભા રહીને, મુરધ્વજે માથું વહેરાવ્યું; સુધન્વા તાતી કડામાં પડયો; સગાળશાએ પુત્રને ખારણીયામાં ખાંડયો. ગૌતમબુદ્ધે રાજપાટ તજ્યાં; જીસસક્રાઇસ્ટ ફાંસીને લાકડે લટકયો. આ ભૂમિકા ઉપર ઉભાં રહીને મીરાં બોલ્યાં કે—

[શ્લો. ૪ પાનું ૧૧૧૧] પદ ૬૨.

ઘેલાં અમે ભલે થયાંરે, બાઇ ! મને ઘેલામાં ગુણ લાધ્યું. ટેક૦
આટલા દિવસ હરિ જાણ્યા વિનાનું, મન માયામાં બાંધ્યું;
ભવસાગરમાં ભૂલાં પડયાં ત્યારે, મારગ મળીયા માધુ–ઘેલાં૦

ઘેલાં તો અમે હરિના ઘેલાં, **નિર્ગુણ કીધાં નાથે;**
પૂરવ જન્મની પ્રીત હતી, તેથી હરિએ ઝાલ્યા હાથે—ઘેલાં૦
ઘેલાંની વાતો ઘેલાં જાણે, તે દુર્જનીયાં શું જાણે !
જે રસ છે દેવતાને દુર્લભ, તે રસ ઘેલાં માણે—ઘેલાં૦
ઘેલાં મટીને અમે ડાહ્યાં ન થઇએ, તેથી સંતનાં શરણાં લીધાં;
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, કારજ સઘળાં સીધાં—ઘેલાં૦

कृष्णपदवीं शंसंतु:-તમે અમને શ્રીકૃષ્ણનો માર્ગ બતાવો.

[શ્લો. ૯ પાનું ૧૧૧૬] પદ ૬૩.

કોઈ મને કૃષ્ણ દેખાડોરે, મધુવનમાં,
કોઈ મને પ્રભુજી મીલાવોરે-શ્રીવૃંદાવનમાં-ટેક૦
મેરી મતિ હેરિ, તેનો મરમ ન જાણું;
વનમાં ફરે વ્હાલો તનમાંરે-મધુવનમાં—કોઇ૦
સકલ વન ઢુંઢયાં, સકલ વ્રજ હેર્યાં;
અતીશે ઉદાસી મારા તનમાંરે—મધુવનમાં—કોઇ૦
અમર ચીર પહેર્યાં, મેઘાડંબર ઓઢયાં;
પુલડાં વીણંતી બાગનમેંરે—મધુવનમાં—કોઈ૦
ફાટંતાં ચીર, કાંઈ હાર મારા તૂટયા;
નિર ભરાયાં લોચનમાંરે—મધુવનમાં—કોઇ૦
સુરદાસ કહે પ્રભુ, તુમારે મિલનકો;
અતીશે ઉલટ મારા તનમાંરે—મધુવનમાં—કોઇ૦

શું વૃક્ષો વૈષ્ણવ છે?—વૈષ્ણવ કેવા હોય?

[શ્લો. ૯ પાનું ૧૧૧૬] પદ ૬૪.

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીર પરાઈ જાણેરે;
પરદુઃખે પીડાઈ મરે, તોય મન અભિમાન ન આણેરે—ટેક૦

સકળ લોકમાં સૌને વંદે, નિંદા તે નવ કરે કેનીરે;
વાચ-કાચ-મન નિશ્ચે રાખે, તો ધન્ય ધન્ય જનની તેનીરે—વૈ૦

સમદૃષ્ટિ રાખે તૃષ્ણા ત્યાગે, પરસ્ત્રી જેને માતરે;
જીવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવ ગ્રહે હાથરે—વૈ૦

મોહ માયાના કટ્ટા શત્રુ, દૃઢ વૈરાગ્ય જેના મનમાંરે;
રામ નામસું તાળી લાગી, સકળ તિરથ તેના તનમાંરે—વૈ૦

વણલોભી અને કપટરહિત તે, જેણે કામ ક્રોધ નિવાર્યારે;
ભણે નરસૈયો જેનું દર્શન કરે જે, કુળ ઇકોતેર તારેરે—વૈ૦

વૃક્ષોના સંબંધમાં તુલસીદાસજી કહે છે કે—

ચોપાઈ—' સંત વિટપ સરિતા ગિરિ ધરણી,
પરહિત હેતુ સબન્હકર કરણિ. '

આગળ શોધતાં શોધતાં ગોપિકાઓ એક બીજીને કહે છે.

[શ્લો. ૨૭ પાનું ૧૧૩૦] ૬૫.

રાગ–ઠુમરી, તાલ ચલિત.

મેરા પ્રિય મુઝે દિખલાદોરે,
કોઈ આનકે આજ મિલાદોરે—મેરા ટેક૦
મેં વિરહણુ નિત રહું ઉદાસી,પ્રિય મિલનકી અતિ પિયાસી;
પ્રેમકા નીર પિલાદોરે— મેરા૦
વર્ષાબિન ચાતક દુઃખ પાવે, નીર બિના મછલી તરસાવે;
હાલ મેરા બતલાદોરે— મેરા૦
મેં ગુણહીન કપટછલ ભરિયાં, કૈસે મુઝે પર હોય નજરિયાં;
દિલપર દયા દિલાદોરે— મેરા૦
ચરણકમળકી દાસી તેરી, બ્રહ્માનંદ અરજ સુન મેરી;
સુખકી સેજ સુલાદોરે— મેરા૦

[શ્લો. ૨૭ પાનું ૧૧૩૧] ૬૬

ઝંઝોરી ઠુમરી તાલ ૩.

મિલાદો સખિ શ્યામ સુંદિર—મોહે આજ—ટેક૦
રાતદિવસ મોહે ચૈન ન આવે, ભૂલ ગયે સબ કાજ;
ખાનપાન પરહન ન સુહાવે, બિન દેખે **વ્રજરાજ**–મિલા૦
જોગન બનકર બનબન ઢુંઢું, છોડ જગતકી લાજ;
બ્રહ્માનંદ બિના હરિદર્શન, બિરથા સાજ સમાજ—મિલા૦

એક ગોપી બીજીને પૂછે છે—

[શ્લો. ૨૭ પાનું ૧૧૩૧] ૬૭

રાગ—માલવ.

આ જોની–આ કેનું પગલું, પગલે પદ્મતણું એંધાણ;
પગલાં પાસે બીજું પગલું, તેરે સોહાગણ નૌતમ જાણ–આ જોની૦
પૂરણ ભાગ્ય તે યુવતી કેરૂં, જે ગઈ વહાલાની સંગે;
એકલડી અધર રસ પીશે, રજની તે રમશે રંગે–આ જોની૦

\+ \+ \+ \+

નયણે નીરને પંથ નિહાળે, 'કાન'–'કાન' મુખ બોલે બાળ;
ચાલી ચતુરા સરવ મળીને, વનમાં ખોળે નંદનો લાલ–આ જોની૦
જોતાં જોતાં વનમાં આવ્યાં, દીઠી એક સાહેલી;
ધૂતારાનાં લક્ષણ જો જો, ગયો એકલડી મેલી–આ જોની૦
ન દીઠા નાથ ગોપી પાછાં આવ્યાં, જળ જુમનાને તીર;
બાળલીલા કીધી તે વારે, પ્રગટયા હળધર વીર–આ જોની૦
રાસ આરંભ્યો સર્વ શામા મળી, સુરનર 'જે–જે' કીધો;
ગોપીઓ સાથે નરસૈયાએ, પ્રેમ સુધારસ પીધો—આ જોની૦

[શ્લો. ૨૮ પાનું ૧૧૩૯] ૬૮

રાગ–પ્રભાત.

પ્રાતઃ થયો મારો પાલવ મેલો, વેરણ નણદી જાગેરે;
દિનકર ઉગ્યા થયું અજવાળું, ઝીણા વલોણાં વાગેરે–પ્રાતઃ ટેક૦
સમીરે સાંજની સેજ્યાએ આવી, પેરે પેરે મળિ સંગ કીધોરે;

આવભાવ લીધો મન ગમતો, અધરામૃત રસ પીધોરે—પ્રાતઃ૦
મુખપર જ્યાં ત્યાં દંતડંખ દિસે, અધર થયા રંગ રાતારે;
વ્યભિચારીનાં આ તો લક્ષણ, કો દેખે જાતા વળતારે—પ્રાતઃ૦
સુણો પ્રિયનારી, અમો બ્રહ્મચારી, અમને તે વિરલા જાણેરે;
વેદ ભેદ પામે નહિં મારો, મુને સનકાદિક નારદ વખાણેરે—પ્રાતઃ૦
એક જાણો તમે વ્રજની ગોપી, જેણે ખૂબ અધરરસ પીધોરે;
તે રસ આવ્યો અવની ઢળતો, નરસૈંયે તાણીને લીધોરે—પ્રાતઃ૦

[શ્લો. ૨૮ પાનું ૧૧૩૯] ૬૯

રાગ—પ્રભાત.

સાંભળ બ્હેની વાતલડી, મીઠામાં અતિ મીઠીરે;
જમુના પાણી હું ગઈતી, તહાં નંદને કુંવરે દીઠીરે—સાંભળ૦
આગળ આવી ઉભો રહ્યો, હુંને ઘાલી પગમાં આંટીરે;
મારા વ્હાલા ! એમ જોર ન આણો, અમે અબળા તમે માટીરે—સાંભળ૦
અધરામૃતરસ પીઇને દાબી, મારી નવલ ચોળી ફાટીરે;
આલિંગન લીધું અતિ પ્રેમે, કેસર લઈ મને છાંટીરે—સાંભળ૦
જાદવરાય સમ સલુણો ના મળે, નવખંડ ધરતીને [1]મારો લીંટીરે;
નરસૈયાનો સ્વામી ભલે મળ્યો, મને એંધાણે આપી વીંટીરે—સાંભળ૦

---

[1] છેકી નાંખો, મારે કોઇનું કામ નથી.

રાધાજી ગોરાં હતાં અને કનૈયો કાળો હતો. યશોદાજીએ રાધાજીની માતા પાસે, રાધાજીનું માગું નાંખ્યું; ત્યારે રાધાજીની માતા બોલ્યાં કે—

[શ્લો. ૨૮ પાનું ૧૧૩૯] પદ ૬૯.

કનૈયો તેરો કારોરે–મેં કૈસે બ્યાહુ રાધે !
મેં કૈસે બ્યાહુ રાધે–મેં કૈસે બ્યાહુ રાધે ?–
હે–કનૈયો૦ [૨] ટેક.

(યશોદા) કારો કારો મત કર ગોવાળણ, જગકો હે રખવાલો,
રામ–જગકો હે રખવાલોરે;
કાલિંદીમાં કૂદ પડયો, તબ પુંકે ભયે કાનો કાળો–
મોહન બંસીવાળો–તુમ સુખે બ્યાહો રાધે.

(રાધાનીમાતા)
રાધા મેરી એસી ગોરી, જેસો ચંદ ઉજીયારો;
રામ–જેસો ચંદ ઉજીયારો;
કનૈયો તેરો એસો કાળો, કૈસે કરેંગે મેરી રાધા પ્રતીયારો ?
મેં કૈસે બ્યાહુ રાધે ! કનૈયો૦
ઘર ઘરકી એ ગૌવા ચરાવે, ઓઢી કામળો કાળો;
લુંટી લુંટી દધી માખણ ખાવે, કૈસે કરેંગે મેરી રાધાકો ગુજારો ?
રામ–કૈસે બ્યાહુ રાધે ! કનૈયો૦

[હવે કહે છે કે–જે કાંઈ છે તે તારા કનૈયાની બંસીમાં છે.]

બંસીકી લટપટ સુની ગોવાળણુ, બાળક બડો રસાળો-
રામ-બાળક બડો રસાળોજી;
સુરદાસકો સ્વામી શામળો, સુણુ લીજે મજરો અમારો-
રામ-મેં સુખે બ્યાહુ રાધે-
કનૈયો તેરો રસાળો રામ-મોહન બંસીવાલો—
રામ—મેં સુખે બ્યાહુ રાધે૦

અભિમાન કરવું હોય તો આવું કરવું, સાંભળો-

[શ્લો. ૩૬ પાનું ૧૧૪૬] પદ ૭૦.

રાગ-પ્રભાત.

કોણુ પુણ્યે કરી, નાર હું અવતરી, શ્રીહરિ દીન થઈ માન માગે;
જેહ તણી અકળગત, અમરકો નવ લહે, તે કમળાવર કંઠે લાગે.
યજ્ઞ દાને કરી, જોગ ધ્યાને ધરી, બહુ તપ આદરી દેહ કષ્ટે;
સ્વપ્નમાંહે હરી, નિમેષ ન નિરખીઓ, તે હરિ નિરખીએ પ્રેમ દષ્ટે
શુક સનકાદિક, વંદે જેને સદા, મુજ ભુવન વૈકુંઠ સરખું ભાવે;
તે પેં અધિક છે, મંદિર માહરૂં, પ્રેમે પીતાંબરો સેજ આવે—
ભક્તવત્સલપણું, બિરદ પોતે વહે, એમ કહે નિગમ વેદવાણી;
નરસૈયાનો સ્વામી ? સુખનો સાગર, કીધી કૃપા મુને દાસી જાણી.

પ્રભુએ રાધાજીના પ્રેમને વિરહમાં ભાર્યો. આ સંબંધમાં સુરદાસ કાંઇ કહે છે, સાંભળો-

[શ્લો. ૩૮ પાનું ૧૧૪૭] પદ ૭૨.

રૂડી શરદ પુનમની રાત તે-શીતળ છાંયડીરે-
મારો વ્હાલોજી રમતાં રાસ, લોડાવે બાંયડીરે-
રાધાને કાન રમેરે-રાધાને કૃષ્ણ રમેરે-ભુલ ભુલામણીરે૦
બેની મને કાન દેખાડો, બેની મને કૃષ્ણ દેખાડો-આલું
વધામણીરે-ટેક૦
હે કમર કછોટા ભીડીયા, પણવટ આકરીરે-
મારો વ્હાલોજી વ્હાતા વેણુ, ગોપી બની વ્હાવરીરે-
રાધાને કૃષ્ણ-બેની મને૦
અમે જ્યાતાં ગોરપૂજવા, વ્હાલોજી આવતારે;
રાધાજીનો નાથ-મારે મન ભાવતારે-રાધાને કૃષ્ણ-બેની મને૦
મારો વ્હાલોજી મીઠી દ્રાક્ષ, ગુંજા કેરી સુખડીરે;
વ્હાલાજીનું મુખ જોતાં-ભાંગે ભૂખડીરે—
રાધાને કૃષ્ણ૦ બેની મને૦
ગોપી ચાલી સૌ શોધવા, વ્હાલાને દીઠડારે;×
નંદાજીનો લાલ, લાગે મને મીઠડારે-રાધાને કૃષ્ણ૦ બેની મને૦
વ્હાલાજીને સ્કંધે, રાધાજી મલપતાંરે;
રાધાજીનો મદ દેખી મેલ્યાં લટકતાંરે—
રાધાને કૃષ્ણ૦ બેની મને૦
સુરના સ્વામી શ્યામળા, તારૂં કામ છે રે—
વ્હાલાજીને મળવા, મુને હામ છેરે-રાધાને કૃષ્ણ૦ બેની મને૦

× વ્હાલાનાં પગલાં દીઠાં.

શ્રીકૃષ્ણને અંતર્ધ્યાન થએલા જોઇને, રાધાજી બાવરાં બન્યાં. ભક્તિ અને દૃઢતાના ઉભરા આવ્યા—

[શ્લો. ૩૮ પાનું ૧૧૪૮] ૭૨.

રાગ કસુરી—તાલ.

કૃષ્ણ મિલનકે કાજ, આજ જોગન બન જાઉંગી; (૨) ટેક૦
હાર સિંગાર છોડકર સારે, અંગ વિભૂત લગાઉંગી;
સિંગી સેલી પહેર ગલેમેં, અલખ જગાઉંગી— કૃષ્ણ૦
કાશી મથુરા હરદ્વાર, સબ તિરથ જાઉંગી;
જાય હિમાલય કરૂં તપસ્યા, તનકો સુકાઉંગી— કૃષ્ણ૦
ઋષિમુનિયોકે આશ્રમ જા કર, ખોજ લગાઉંગી;
અંદર બાહિર સબ જગ ઢુંઢું, નહીં અટકાઉંગી—કૃષ્ણ૦
નિશદિન ઉસકા ધ્યાન લગાકર, દર્શન પાઉંગી;
બ્રહ્માનંદ કૃષ્ણ ઘેર લાકર, મંગળ ગાઉંગી— કૃષ્ણ૦

[શ્લો. ૩૯ પાનુ ૧૧૪૮] પદ ૭૩.

વ્હાલા તમારૂં મુખડું, કાંઇ ટાળશે મારાં દુઃખ, દરસન આપોને;
જે જે શ્રીગોપાળ લાલજી, મારી ભાંગો વિજોગની ભૂખ—
દરસન૦ ટેક૦
ઘડી ના ગોઠે નાથજી, હું સુનું દેખું સર્વ—દરસન૦ વ્હાલા૦
આપ કૃપાએ શ્રીહરિ, મને મળીયું પૂરણ પદ—દરસન૦ વ્હાલા૦
જ્યાંરે જોઉં ત્યાં આપની, હું પૂરણ દેખું પ્રીત—દરસન૦ વ્હાલા૦
ખડકીએ જોઉં ત્યાં અડકીને ઉભા, શેરીએ સામા સામ—
દરસન૦ વ્હાલા૦

બારીએ જોઉં ત્યાં બેઠેલા, પ્રભુ સુતા દેખું સેજ—દરસન૦ વ્હાલા૦
જમવા બેસું તો મારી જોડમાં, પ્રભુ નિરખું એના એ—
દરસન૦ વ્હાલા૦
ગૌલોકમાં અને આ લોકમાં, હું નિરખું એના એ—
દરસન૦ વ્હાલા૦
ગોપાળ લાલજીને ઘણી ખમા, તમો ગાયોના ગોવાળ—
દરસન૦ વ્હાલા૦
દાસ વીસો કહે મને ના વિસારો-તમે રાધાજીના નાથ--
દરસન૦ વ્હાલા૦
લળી લળી લાગી એમ કહું, હવે ના છોડો મુજ હાથ--
દરસન૦ વ્હાલા૦

[શ્લો. ૩૯ પાનું ૧૧૪૯] ૭૪

રાગ—માઢ-તાલ દાદરા.

મન મોહન સુંદિર શ્યામ, પ્યારે દરસન દીજીએ; (૨) ટેક૦
હમકો હરિ છોડકેજી-જાય બસે પરદેશ-(૨)
વન વન ઢુંઢન જાયગીરે (૨) કર જોગન કા વેશ-પ્યારે૦
પ્રેમરસ પિલાયકેજી-ભૂલ ગયો વ્રજરાજ-(૨)
તેરે કારણ સાંબરાજી (૨), ગઇ હમારી લાજ-પ્યારે૦
જૈસે મછલી જલ બિના રે-તડપત હે દિન રૈન-(૨)
તેરે દર્શનકે બિના જી (૨) નહીં હમે અબ ચૈન-પ્યારે૦
સુનો હમારી બેનતિરે-આય મિલો એકવાર-[૨]
બ્રહ્માનંદ પ્રભુ તુમારે [૨], ચરણનકી બલિહાર-પ્યારે૦

[શ્લો. ૪૧ પાનું ૧૧૫૧] પદ ૯૫.

રાગ—ગજવ તાલ ૩.

સુનરી સખી પિયારી, દિલકા હવાલ મેરા;
મોહે શ્યામસેં મિલાદે, સુમરોંગી નામ તેરા–ટેક૦
મેરે [1]આંગણેમેં આયા, શિરપે મુગટ સુહાયા;
દિલ દેખકે લુભાયા, મુખ નંદલાલ કેરા—સુનરી૦
વનમાલ ગલે સુહાઈ, બંસી અધર લગાઈ;
કૈસે મિલે કન્હાઈ, મોહે પ્રેમ હે ઘનેરા—સુનરી૦
પલપલમેં યાદ આવે, નહિં ખાનપાન ભાવે;
અખિયોંસે નીર આવે, વિરહસેં [2]આન ઘેરા—સુનરી૦
સુનલે અરજ હમારી, દર્શન દિયો મુરારી;
બ્રહ્માનંદ આશ ભારી, ચરણોમેં દે વસેરા—સુનરી૦

રાધાજી બીજી સખિઓને કહે છે—

[શ્લો. ૪૧ પાનું ૧૧૫૧] પદ ૭૬.

કાનુડે ન જાણી મારી પ્રીત–બાઈ અમે બાળકુમારાં–રે–કાનુડે૦
જળરે જુમનાનાં હું તો–ભરવાને ગઈતી રે—
કાનુડે ઉડાડયાં આછાં નીર–ઉડયાં ફરરર–ફરરર–કાનુડે૦
હું રે લોભાણી એની અણીયાવાળી આંખમાં;
તેણે માર્યાં ત્યાં નેણબાણ––વાગ્યાં અરરર–અરરર—કાનુડે૦
હું રે લોભાણી એની લટકંતી ચાલમાં;
તેણે ઝાલ્યાં ત્યાં મારાં ચીર–ફાટયાં–ચરરર–ચરરર—કાનુડે૦
બાઈ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ વાહલા;
વિષયો બાળીને કીધા ખાખ, ઉડી રાખ–ફરરર–ફરરર—કાનુડે૦

---

૧ આંખદ્વારા હૃદયમાં. ૨ વિરહથી મુખ કરમાઇ ગયું.

ગોપિઓ શું ગાતી હતી ?—

[શ્લો. ૪૩ પાનું ૧૧૫૪] **પદ ૭૭.**

રૂડી ને રંગીલીરે, વ્હાલા તારી વાંસળીરેજી,
મીઠી ને મધુરીરે, માવા તારી મોરલીરેજી. ટેકo
એ તો મારે—[ઓ-હો-થવા દ્યો-થવા દ્યો-]
એ તો મારે-મંદિરીએ સંભળાય-[૨] રૂડી ને રંગીલીરેo
સરખીને સાહેલીરે, સાથે પાણી નિસર્યારેજી;
બેલડું મેલ્યું સરોવરીયાંનીરે પાળ. [૨]—રૂડી ને રંગીલીરેo
ઈંઢાણી વળગાડીરે, આંબલીયાની ડાળમાંરેજી;
ઉભી નિરખું, **'નટવર'** દીનદયાળ [૨]—રૂડી ને રંગીલીરેo
ત્યાં તો તમે આવ્યારે, સુણી મારી રાવનેરેજી,
આવી મુજને મળીઆરે, હૈયા માંહે ઘાલિ હરિ-[૨]-
રૂડી ને રંગીલીરેo
ગુરૂને પરતાપેરે, બાઈ મીરાં બોલીયાંરેજી;
દેજો અમને-કૃષ્ણ ચરણમાં વાસ [૨]—રૂડી ને રંગીલીરેo

(શ્લો. ૪૪ પાનું ૧૧૫૫) **ગરબો ૭૮.**

[ઢાળ-શેરી વળાવી સજ કરૂં]

આ શરદ્ ખીલી શત પાંખડી, હરિ ! આવોને;
આ સૃષ્ટિએ ધરિયા સોહાગ-હવે તો હરિ ! આવોનેo
આ વિશ્વ વદે છે વધામણિ, હરિ ! આવોને;
આવી વાંચોને મારાં સૌભાગ્ય-હવે તો હરિ ! આવોનેo

આ ચંદરવો કરે ચંદની, હરિ ! આવોને;
વેર્યાં તારલિયાનાં ફુલ-હવે તો હરિ ! આવોને૦
પ્રભુ ! પાથરણાં દઇશ પ્રેમનાં, હરિ ! આવોને;
દિલ વારી કરીશ સહુ ડૂલ-હવે તો હરિ ! આવોને૦
આ જળમાં ઉઘડે પોપણાં, હરિ ! આવોને;
એવા ઉઘડે હૈયાના ભાવ-હવે તો હરિ ! આવોને૦
આ ચંદ્રમણિ ચમકી રહ્યો; હરિ આવોને;
એવા જીવનમણિ આપ-હવે તો હરિ ! આવોને૦
આ ચંદનભરી છે તળાવડી, હરિ આવોને;
ફુલડીએ બાંધી પાજ-હવે તો હરિ ! આવોને૦
આ આશોપાલવને છાંયડે, હરિ ! આવોને;
મન મહેરામણ મહારાજ-હવે તો હરિ ! આવોને૦
સૂની લાગે વૃંદાવનની વાડીઓ, હરિ ! આવોને;
સૂની સૂની યમુનાજીની વાટ-હવે તો હરિ ! આવોને૦
મારા કાળજ કેરી કુંજમાં, હરિ ! આવોને;
મારા આતમસરોવરઘાટ-હવે તો હરિ ! આવોને૦

[કવિશ્રી નાનાલાલ]

અધ્યાય ૩૧ મો—

આતુરતા—ગરજ જાગ્રત થઈ હશે, તોજ તમે ગમે એવો પ્રયત્ન કરી શકશો. સાંભળોઃ—

[પાનું ૧૧૬૩] પદ ૭૯. રાગ—કવિત.

ગર્જહિ અર્જુન હિજ[1] બન્યો, અરૂ ગર્જહિ ગોવિંદ ધેન ચરાવે;
ગર્જહિ દ્રોપદી દાસિ ભઈ, અરૂ ગર્જહિ ભીમ રસોઈ પકાવે
ગર્જ વહી સબ લોકનમેં, ગર્જ બિના કોઈ આવે ન જાવે;
કવિ ગંગ કહે સુન શાહ અકબર, ગર્જસેં બીબી ગુલામ રીઝાવે.

[શ્લો. ૧ પાનું ૧૧૬૭] પદ ૮૦.

વ્રજ વહાલુંરે–વૈકુંઠ નહીં આવું—(૨)
ત્યાં નંદકુંવર કયાંથી લાવુંરે—વ્રજ૦ ટેક૦
ત્યાં લલિત ત્રિભંગી નથી ગિરધારી, (૨)
સંગે સોહીએ રાધા પ્યારી; (૨)
એમને નિરખતાં આંખ ઠરે મારીરે—વ્રજ૦
ત્યાં જમુના શ્રી ગિરિવર છેજ નહીં, (૨)
મારૂં મન ત્યાં સત્ય ઠરેજ નહી; (૨)
મારા પ્રાણ પ્રસન્ન ત્યાં રહેજ નહીંરે—વ્રજ૦
ત્યાં શ્રીવૃંદાવન રાસ નહીં, (૨)
વ્રજવનિતાની સંગે વિલાસ નહીં; (૨)
વિષ્ણુ વેણુ વાયાનો અધ્યાસ નહીંરે—વ્રજ૦
સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું, (૨)
મને ન ગમે બ્રહ્મ સદન અડવુંરે; (૨)
ધિક્ ધિક્ એ સુખ પામીને પડવુંરે—વ્રજ૦

---

૧ વૈરાટનગરમાં સ્ત્રીનો વેશ પહેર્યો.

(શ્લો. ૩ પાનું ૧૧૭૦) પદ ૮૧.

રાગ-કસુરી તાલ ૩

દીનાનાથ દયાલ સુને, તુમ હૈ ભકતન હિતકારી;
હિરણ્યાકંસને બાંધ ભકતકો, ચાબુક જબ મારી;
થંભ ફોડકર પ્રગટ ભયે હરિ, નખસેં કમર ફાડી-હરિ ! તુમ હૈ૦
ગજકો પકડલે ચલા ગ્રાહ જબ, જલમેં બલકારી;
માર ચક્ર ગ્રાહકા સિર કાટા, ગજકી વિપત ટારી-હરિ ! તુમ હૈ૦
બીચ સભાકે નગન કરી, જબ પાંડવકી નારી;
દુઃશાસનકી ભુજા ચીરકો, ખેંચ ખેંચ હારી-હરિ ! તુમ હૈ૦
ધ્રુવને નામ લિયા જબ દીયા, અચલ ધામ ભારી;
બ્રહ્માનંદ દેર નહિ કીજે, અબ મેરી વારી—હરિ ! તુમ હૈ૦

(શ્લો. ૩ પાનું ૧૧૭૦) પદ ૮૨.

નંદલાલ મેલોને મનના આમળા,
પ્યારા લાગો છો મને શામળારે વહાલા-નંદ૦ ટેક૦
પાંડવોની તમે પ્રતિજ્ઞા પાળી,
લાખાભુવનમાં ઉગારવારે વ્હાલા—નંદ૦
તાતી કઢાઈ તમે શીતળ કીધી,
સુધન્વાને બચાવવારે વ્હાલા—નંદ૦
ઝેર હતાં તે અમૃત કીધાં,
મીરાંની લજ્જા રાખવારે વ્હાલા—નંદ૦
કુંવરબાઈનાં તમે મામેરાં પૂર્યાં,
નરસીનો મહિમા વધારવારે વ્હાલા—નંદ૦

હિરણ્યાકશ્યપને નખે વધેર્યો,
પ્રલ્હાદને ઉગારવારે વ્હાલા—નંદ૦
રાજા રાવણને રણમાં રોળ્યો,
વિભીષણને રાજ આપવારે વ્હાલા--નંદ૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
ચરણકમળ ચિત્ત રાખવારે વ્હાલા--નંદ૦

શ્લો. ૪ પાનુ ૧૧૭૧] ૮૩

રેખતા-તાલ-દાદરા.

તેરે દેદારકે લિયે-બંદા હેરાન હૈ. (૨)
સુનતે નહિં હો અરજ, કયોં દયાનિધાન હૈ !-ટેક૦
કાશી ગયા દુવારકા, મથુરામેં ફિર લિયા; (૨)
મિલા નહિં મુઝકો તેરા, અસલી મકાન હૈ-તેરે૦
ફિરા તેરી તલાસમેં, જંગલ પહાડમેં; (૨)
દેખા નહિં તેરા કિસી, જગા નિશાન હૈ- તેરે૦
પૂછા જો [૧]આલિમોંસે તેરા, ખાસ કર પતા; (૨)
રહતા હૈ તેરે પાસ; યહ ઉનકા બિયાન હૈ-તેરે૦
કર મહેરકી નજર મુઝે, અબ દરસ દીજિયે; (૨)
બ્રહ્માનંદ તેરે ચરણમેં, કુર્બાન જાન હૈ-તેરે૦

ભગવાન્ જ્યાં જોઇએ ત્યાં વ્યાપક છે. ત્યારે ગોપીઓ તેમને શા માટે શોધે છે ?—

૧ તત્ત્વજ્ઞાની પુરૂષોને

[શ્લો. ૪ પાનું ૧૧૭૨] પદ ૮૪.

પ્રગટ મળે સુખ થાય-શ્રી નટવર-પ્રગટ મળે સુખ થાય;
અંતર્યામી અખિલમાં બેઠો, કહો કોનું દુઃખ જાય ! શ્રી નટવર૦
તેલ વિના બહુ તલ પૂરેથી, દીપક કેમ પ્રગટાય;
પ્રગટ પાવક વિના કાષ્ટને ભેટે, શી પેરે શીત સમાય-શ્રી નટવર૦
પૃથ્વી ચાટે તૃષા છીપે નહીં, અંતરજળ શ્રુતિ ગાય;
દીવાસળી પાષાણુ સ્પર્શથી, કદી જવાળા ન જણાય-શ્રી નટવર૦
સુરભિ પેટમાં પય તેમાં ધૃત, વાતથી પુષ્ટિ ન પમાય;
દોહી મથી માખણુ તાવ્યે, ઘી ખાધે સુખ થાય-શ્રી નટવર૦
વ્યાપકથી વાતો નવ થાએ, તે વિના જીવ અકળાય;
રસિયા જનમનરંજન નટવર, દયા પ્રીતમ વ્રજરાય-શ્રી નટવર૦

કુલીન સ્ત્રી પતિને પત્રમાં લખે કે-'ખાવાપીવા અને ઓઢવા પહેરવાની કમી નથી-અહીં જે જોઇએ તે છે; પણુ-પણુ-પણુ-હવે આપ આ તરફ ક્યારે પધારશો ?'

[શ્લો. ૬. પાનું ૧૧૭૪] ૮૫.

(ગઝલ તાલ-૩).

સુનરી સખી મોહનકી, વો બંસરી પિયારી;
જમુનાકે તીર બનમેં, ગાયન કરે મુરારી—ટેક.
જબસેં ધુની સુનાઈ, તનકી ખબર ભુલાઈ;
મનમેં બસે કન્હાઇ, નાહિ ચૈન રૈન સારી-સુનરી સખી૦ ૧

મીઠી સ્વરોંસે ગાવે, દિલકો મેરે સુહાવે;
કોઈ આનકે મિલાવે, મોહે સાંવરો બિહારી–સુનરી સખી૦ ૨

× × × ×

મેરે નૈનોંકા તારા, બંસી બજાને હારા;
બ્રહ્માનંદ દે દિદારા, દાસી હું મૈં તુમારી–સુનરી સખી૦ ૩

તાત્પર્ય–આશકમાશુકની માન્યતા જુદા પ્રકારની હોય છે. સાંભળો તે સંબંધી કાંઇ ગાઈએ—

[શ્લો. ૬ પાનું ૧૧૭૫] ૮૬

રેખતા તાલ દાદરા.

આશક હૂયા જો દિલ તો, કયા દુનિયાકી શરમ હૈ;
કરના ઇશકકા જગતમેં, નહિં સહજ કરમ હૈ—ટેક૦
દીપકકો દેખકે પતંગ, પ્રેમવશ ભયા; [૨]
પડકે અગનમેં જલ ગયા, ક્યા શીત ગરમ હૈ—આશક૦
ભ્રમર સુગંધકે લિયે, ફૂલનમેં જા બસા; [૨]
ફસકે કમળમેં રહ ગયા, ગરચે વો નરમ હૈ—આશક૦
જાકરકે રણમેં શૂરમા, આગે ચરણ ધરે;
ઘાયલ હૂયા બદન નહીં, મરણેકા ભરમ હૈ—આશક૦
ઇશુ તથા મનસૂરકો, શૂલી ચડા દિયા;
બ્રહ્માનંદ ગઈ જાન તો, છોડા ન ધરમ હૈ—આશક૦

અગ્નિ ઓલવવાના બંબાની પાઇપમાં ઘણું બળ હોય છે. તે બળ જ્યારે યોગ્ય ઠેકાણે કામે લાગે, ત્યારે જુજ વખતમાં ધાર્યું કામ કરી આપે; તે પ્રમાણેજ આસક્તિમાં ઘણું બળ છે. આ આસક્તિ જ્યારે યોગ્ય ઠેકાણે-શ્રીહરીના ચરણમાં-જોડાય, ત્યારે જીવનની સુગંધ માલ (મનુષ્યદેહ) કરતાં વધી પડે.

[શ્લો. ૮ પાનું ૧૧૭૯] પદ ૮૭.

હરિના બોલની બલિહારી, હરિના કોલની બલિહારી.
હરિનું નામ સ્મરે ક્ષણુક્ષણુમાં, હરિમાં પ્રાણુ ભરે ઉર ભારી.
પ્રાણુ ભરે ઉર ભારી, હરિના નામ ઉપર જાઉં વારી-હરિના૦
નિર્ભયતા છે-નિશ્ચિંતતા છે-અંતરમાં તેને દઢતા છે;
નિજની, પરની, હરિપર મૂકી, જેણે જવાબદારી-હરિના૦
શાસ્ત્ર સંતની વાણી ઉપર, રાખી શક્યા વિશ્વાસ ન તેણે;
જરૂર જાણો જગે જન્મીને, જીવન ભર જખમારી-હરિના૦

कविभिः ईडितं—માઘ આદિ અનેક કવિઓએ, શ્રીકૃષ્ણુલીલામૃતનું પાન કર્યું અને કરાવ્યું. પંડિતોએ અને નરસી, મીરાં આદિ ભક્તોએ પણુ કૃષ્ણુલીલામૃતનું પાન કર્યું અને કરાવ્યું. મુસલમાન વેશ્યાઓ પણુ, શ્રીકૃષ્ણુલીલામૃતનું પાન કરે છે, અને કરાવે છે. બાદશાહ અકબરના દરબારમાં પણુ શ્રીકૃષ્ણુલીલામૃતને આવવાની છૂટ હતી. સાંભળો—

[શ્લો. ૯ પાનુ ૧૧૮૦] ૮૮. (કવિત)

સોલ સિંગાર સજી ખૂબ શ્યામા, જાતી હતી યમુના તટ પાની,
જબ નીર ભરી અટકી મટકી, ચિતસેં લગી કૃષ્ણકી બહુ ચટકી;
તબ શ્યામ ગલે લિપાટાઇ ગયો, સિરસેં ફિર ડાર દીઇ મટકી,
કવિ ગંગ કહે સુન શાહ અકબર, બાદરસેં બિજુલી ચમકી.

[શ્લો. ૧૦ પાનું ૧૧૮૫] ૮૯ ગરબી.

કિયે ઠામે મોહિની ન જાણીરે, મોહનજીમાં. કિયે ઠામે૦ ટેક.
ભ્રકુટિની મટકમાં, કે ચાલવાની લટકમાં;
કે શું નથી મોહની, ભરેલી એની વાણી રે— કિયે ઠામે૦
બીટલીયાળા કેશમાં, કે મદનમોહન વેશમાં,
કે મોરલી મોહનની પીછાણીરે— કિયે ઠામે૦
શું મુખારવિંદમાં! કે મંદ હાસ્ય ફંદમાં!
કે કટાક્ષે મોહની, વખાણી રે— કિયે ઠામે૦
શું અંગે અંગમાં! કે લલિત ત્રિભંગમાં!
કે શું અંગઘેલી કરી શાણી રે— કિયે ઠામે૦
ચપળ રસિક નેનમાં! કે છાની છાની [૧]સેનમાં!
જે જોબનનું રૂપ કરે પાણી રે— કિયે ઠામે૦
દયાના પ્રીતમ પોતે, મોહિની સ્વરૂપ છે;
તન મન ધન હું લુંટાણી રે— કિયે ઠામે૦

---

[૧] ઇસારો; સનકારો.

પ્રભુનાં દર્શનની આતુરતાનાં આ વચનો છે. પ્રભુનાં દર્શનના સંબંધમાં બ્રહ્માનંદ સ્વામીજી ગાય છે. સાંભળો–

[શ્લો. ૧૧–૧૨. પાનું ૧૧૮૭] **પદ ૯૦.**

રાગ–રેખતા–તાલ-દાદરા.

આશક હુવા જો દિલ, તો ક્યા કાયરપણા કરે?
[1]**ઉખલ મેં દિયા શિશ, તો[2]ચોટનસે ક્યોં ડરે?**–ટેક૦
માશૂકકા મિલના બડા હૈ, કઠિન સમઝ લે; [૨]
પાવેગા સો દિદાર, જો જીતા હુયા મરે–આશક૦
અગર મુકામ પારકે, જાના જરૂર હૈ; [૨]
જાતા હૈ [3]વકત બીતતા, ફિર ધીર ક્યા ધરે?–આશક૦
ચ્હાતા હૈ દેખના જબી, દિલદારકો અપને; [૨]
દુનિયાંકી તરફમેં સદા, ફિર કયોં નજર ભરે?–આશક૦
તૃષ્ણા નદીકી ધારમેં, જો ડુબતા ફિરે; [૨]
બ્રહ્માનંદ વો ભવસિંધુનીર, પાર કયા તરે?– આશક૦

ગોપિકાઓ કહે છે કે—

[શ્લો. ૧૧–૧૨ પાનું ૧૧૮૭] **૯૧.**

એ ઘનશ્યામ–સુંદર શ્યામ–અમારો પ્યારો––રી૦
પ્રાણ પીયારો છલ બલ વાળો,
નેનનકી સેનન દે, ચિતવા ચુરાય લીયો;

૧ ખારણીયો. ૨ સાંબેલાના ઘાથી. ૩ સમય.

જાદુ અમપેં ડાર્યો-રી-એ ઘનશ્યામ૦
મોર મુગટ સિરપેં સોહે, કુંડલ-હલન-ચલન-મન મોહે;
વ્રજધર, ગિરિધર, મુરલી અધરધર,
જીવન પ્રાણ હમારો-રી-એ ઘનશ્યામ૦
નાચત સબ વ્રજબાલ લાલ સંગ,
છુમછુમ છુમછુમ છનનનનનન-ન;
ધાક્રીટ ધુમક્રીટ તક્રીટ તકતક, ધુમીકિટ ધુમીકિટ-તકધા,
લેત અનાગત ન્યારો-રી-એ ઘનશ્યામ.

ગોપીકાઓ કયાં ઉભી છે?-દેખાય છે? તે સંબંધમાં રૈદાસ નામના ભક્ત કહે છે, તે સાંભળો-

[શ્લો ૧૩ પાનું ૧૧૮૮] પદ ૯૨.

અબ કૈસે છુટે! મુજે લેહ લાગી. ટેક૦
પ્રભુજી! તુમ ચંદન હમ પાની, જાકી અંગ અંગ બાસ સમાની;
પ્રભુજી! તુમ ઘન હમ વનમોરા, જૈસે ચિતવત ચંદ્ર ચકોરા.
પ્રભુજી! તુમ દીપક હમ બાતી, જાકી જ્યોત બરે દિન રાતી;
પ્રભુજી! તુમ મોતી હમ ધાગા, જૈસે સોનહિં મિલત સોહાગા.
પ્રભુજી! તુમ સ્વામી હમ દાસા, ઐસી ભક્તિ કરે રૈદાસા.

અધરામૃત કેવું?—અધરામૃત એટલે અમુક જાતનું ઉત્તમ ઔષધ. સુરતવર્ધનં-સંભોગસુખને વધારનાર. પર-

સ્પર સુખને વધારનાર. નરસી મહેતાએ સુરત સંગ્રામનાં ઘણાં પદો ગાયાંછે. આ સુરતસંગ્રામ કેવો ? આ મસ્તી કેવી ? વિગેરે વિચાર થતા હોય, તો સાંભળો—

[શ્લોક ૧૪ પાનું ૧૧૯૦] પદ ૯૩.

કોઈ હાલમસ્ત, કોઈ માલમસ્ત, કોઇ તૂતી મૈના સૂયેમેં,
કોઈ ખાનમસ્ત પહિરાનમસ્ત, કોઈ રાગરાગિની ધુયેમેં;
કોઇ અમલમસ્ત, કોઇ રમલમસ્ત, કોઈસતરંજ ચોપાટ જુયેમેં[1],
ઇક ખુદ મસ્તીબિન, અઉર મસ્તી સબ, ગિરે અવિદ્યા કુવેમેં.
કોઈ અકલમસ્ત, કોઈ શકલમસ્ત,[2] કોઇ ચંચલતાઇ હાંસીમેં;
કોઇ વેદમસ્ત, કોઇ તિબ્બમસ્ત, કોઈ મક્કેમેં કોઈ કાસીમેં !
કોઇ ગામમસ્ત, કોઈ ઠામમસ્ત, કોઈ સેવકમેં કોઈ દાસીમેં;
ઇક ખુદ મસ્તી બિન, અઉર મસ્તી સબ, ફસે અવિદ્યા ફાંસીમે.
કોઇ [4]પાટમસ્ત, કોઈ ઠાઠમસ્ત, કોઇ ભૈરવમેં કોઇ કાલીમેં.
કોઈ ગ્રંથમસ્ત, કોઈ પંથમસ્ત, કોઇ શ્વેત પીત રંગ લાલીમેં,
કોઇ કામમસ્ત કોઈ ધામમસ્ત, કોઇ [5] પૂરણમેં કોઇ [6] ખાલીમેં;
ઇક ખુદ મસ્તી બિન, અઉર મસ્તી સબ, બંધે અવિદ્યા જાલીમેં.

\+ \+ \+ \+

કોઈ રાજમસ્ત, [7]ગજવાજિમસ્ત, કોઈ છપ્પરમેં કોઈ [8]કુલેમેં;
કોઈ યુદ્ધમસ્ત, કોઇ ક્રુદ્ધમસ્ત, કોઈ ખડગ કુઠાર [9]બસુલેમેં ।
કોઈ પ્રેમમસ્ત, કોઈ નેમસ્ત, કોઈ [10]છીકેમેં કોઈ [11]ઝુલેમેં;

---

૧ જુગાર. ૨ ચહેરો. ૪ રાજગાદી. ૫ સાકાર. ૬ નિરાકાર. ૭ હાથી ઘોડા. ૮ બગિચા. ૯ હથિયારનું નામ. ૧૦ પલંગ. ૧૧ હિંચકો.

ઇક ખુદ મસ્તી બિન અઉર મસ્તી સબ, પડે અવિદ્યા ચૂલેમેં ॥

× × × ×

યહ લૌકિક મસ્તી કહૈં લૌં વરણૌં, હૈ માયાકે [૧૨]દંગલમેં;
કોન કરે, તિનકી ગિનતી, સબ જકડે હૈં દૃઢ [૧૩]સંકલમેં ।
છિનમે રૂષ્ટ, તુષ્ટ એક છિનમેં, સ્થિતિ સદા અમંગલમેં;
ઇક ખુદ **મસ્તી બિન અઉર મસ્તી** સબ, ડાલે અવિદ્યા જંગલમેં.

અંખો—
જ્ઞાની વિહારી ગોપી જશા, **તેજ જ્ઞાની જેને ગોપીની દશા;**
ગોપી ભૂલી ઘરને બાર, ગોપી ભૂલી કુટુંબ પરિવાર.
પોતાની દેહ પણ ભુલી ગઈ, અબા કામની કુળવંત થઈ.

[શ્લો. ૧૪ પાનું ૧૧૯૨] **પદ ૯૪.**

રાગ—ગઝલ તાલ ૩

જો ભજે હરિકો સદા, સોઈ પરમ પદ પાયગા—જો ભજે૦
દેહકે માલાતિલક, અરૂ છાપ નહિં કિસુ કામકા;
પ્રેમ ભકિત કે બિના, નહિં નાથકે મન ભાયગા—જો ભજે૦
દિલકે દર્પણકો સફા કર, દૂર કર અભિમાનકો;
ખાખ હો ગુરૂકે કદમકી, તો પ્રભુ મિલજાયગા—જો ભજે૦
છોડ દૂનિયાકે મજે સબ, બૈઠ કર એકાંતમેં;
ધ્યાન ધર હરિકે ચરણકા, ફિર જનમ નહિં આયગા—જો ભજે૦;
દૃઢ ભરોસા મનકે કરકે, જો જપે હરિ નામકો;
કહતા હૈ બ્રહ્માનંદ, બ્રહ્માનંદ બીચ સમાયગા—જો ભજે૦

---

૧૨ મોટો જથો. ૧૩ સાંકળ.

યાદ રાખવું ઘટે છે કે—શ્રીહરિનો રસ્તો અટપટો છે. ખાવા જતાં ખવાઇ જઈએ એવો, છોડવા જતાં બંધાઈજઈએ એવો, લેવા જતાં દેવાઇ જઇએ–એવો—

અખો—

દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં થઇ થઇ ગયું શેર;
ચરચા વદતાં તોલું થયો, ગુરૂ થયો ત્યાં મણમાં ગયો.
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન તે મૂળગું ખોય.

'પતિ, સુત વિગેરેના ઉપરવટ થઇને અમે આવી.' આ શબ્દ તીવ્રત્યાગનું સૂચન કરે છે.

'સર્વસ્વનો ત્યાગ કરે, તેને શ્રીહરી મળે,' એવી શાસ્ત્રસિદ્ધ વાતને, શું તમારે ખોટી પાડવી છે?' એવો ભાવ છે. સર્વસ્વના ત્યાગ સંબંધી નિશ્ચલદાસજીના ગુરૂ દાદુ ગાય છે, તે સાંભળો—

[શ્લો ૧૫ પાનુ. ૧૧૯૪] **પદ. ૯૫**

તૂ સાહિબ મેં સેવક તેરા, ભાવે સિર દે સૂલી મેરા;
ભાવૈ કરવત સિરપર સારિ, ભાવૈ લે કર ગરદન મારિ.
ભાવૈ ચહુદિશિ આગ લગાઈ, ભાવૈ કાલ દસો દિસિ ખાઇ;
ભાવૈ ગિરિવર ગગન ગિરાઇ, ભાવૈ દરિયામાંહિ બુડાઈ.
ભાવૈ કનકકસોટી દેહુ, દાદુ સેવક કસિ કસિ લેહું.

અધ્યાય ૩૨ મો—
[શ્લો. ૧ પાનું ૧૧૯૮] પદ ૯૬.

[સાવધાન થઈ જાઓ, આસપાસ જુઓ કોઈ ઉંઘતું તો નથી ને? બરાબર ઉપાડજો.]

હાંરે કાન ઓરા આવો-તો-કહું વાતડી;
ચાલી જાયે-આ ચાલી જાયે-સરદની રાતડીરે-કાન!
ઓરા૦ ટેક૦
વાંસળી સુણીને-મન મોહ્યું માહરૂં (૨)
ખિલિ હૃદયકમળની પાંખડીરે-કાન! ઓરા૦
વિશ્વાસ દઈને હવે કેમ તલસાવો; (૨)
રોઇ રોઈ ખોઈ છે-અમે આંખડીરે-કાન! ઓરા૦
રખડી રખડીને-પગ હવે થાકયા; (૨)
અંતે આવ્યાં જુમનાજીની ઘાટડીરે-કાન! ઓરા૦
ભકતવત્સલ છતાં, કેમ થાઓ મોંઘા? (૨)
વીતી જાશે રઢીયાળી રૂડી રાતડીરે-કાન! ઓરા૦
સુરના સ્વામી પ્રભુ! કૃષ્ણ મોરારી; (૨)
તમને નિરખતાં ઠરશે, મારી આંખડીરે-કાન! ઓરા૦

હાર આપતાં શ્રીહરિએ ઢીલ કરી. નરસિંહ મહેતો ગભરાણો. ગભરાઇને મહેતાજીએ પ્રભુને બોલાવ્યા—

[શ્લો. ૧. પાનું ૧૧૯૯] પદ. ૯૭

વહાલા વગે આવોરે-હો-દયા દિલે-લાવોરે-
ભીડો મારી ભાંગવા-હોજી.
નહિં આવો તો છાનાં ઉડાડું બધાં છિદ્ર [૨]-વહાલા૦ નહીં૦

સાખી—આહિરડામાં ઉછર્યા, ગોવાળીયામાં વાસ;
ખાંધે કાળી કામળી, માગી પીતા છાશ;
અનેકને ઉધારીયા-તેમ પૂરો મારી આશ.
હું કરૂં છઉં તમથી હાવોરે-દયા દિલે લાવોરે-
બીડો મારી૦ વહાલા૦ નહીં૦

સાખી—બે માના બે બાપના, નકટા નિરલજ બાળ;
મહી માખણના ચોરટા, કંસ તણા હે કાળ;
ઘણી ધાર્યો મેં વીઠુલો, ભલે દુરીજન આપે આળ,
વીરા વેગે આવોરે, દયા દિલે લાવોરે-
બીડો મારી૦ વહાલા૦ નહીં૦

તમારે શ્રીહરિને ઠગવા હોય, તો નિર્મળ અંતઃકરણવાળી દીનતા પ્રાપ્ત કરજો. માત્ર ભજન ગાવાથી અને માત્ર ચરણરજ લેવાથી, અંતઃકરણ નિર્મળ થાય એમ નથી.

કારણકે—

[શ્લો ૧ પાનું ૧૨૦૧] ગરબી ૯૮.

શ્યામ સેવીએરે, ગોવિંદ ગાઈએરે—
કોરી કથનીથી શું થાય—શ્યામ૦ ટેક૦
વિષતણી વાતો કર્યે, કોઈનું મોત ન થાય;
અમૃતની વાતો થકી, અમર કદી ન થવાય-શ્યામ૦ કોરી૦
તેલ છોટું ઘૃત મોટું કહે, તેથી પુષ્ટિ ન પમાય;
જ્યારે તે ખાવા મળે, અને રૂચે તો પુષ્ટ થવાય-શ્યામ૦ કોરી૦

સહુ કોઈને શિખામણ દે, ને આપ ચાલે અન્યાય;
શિષ્યને સ્ત્રીનો દોષ બતાવે, ને પોતે લાગે પાય–શ્યામ૦ કોરી૦
લખી અંગારા દારૂમાં ચાંપે, તેથી ન લાગે લ્હાય.
કહેણી તેવી **દયા** રહેણી મળે નહીં, કેમ રીઝે વ્રજરાય–શ્યામ કોરી.

પોતાના દોષ સ્ફુરે–દેખાય, અને તે શમાવવા પ્રયત્ન થાય, ત્યારે ધીમે ધીમે અંતઃકરણની નિર્મળતા વધે.

ગોપિકાઓ જેમ શ્રીહરિનાં દર્શનની અપેક્ષા રાખે છે, તેમ આપણે પણ પ્રભુનાં દર્શનની અપેક્ષા રાખવીજ જોઈએ. સૌ સાવધાન થઇ જાઓ, તો પ્રાર્થના કરીએ. અરજી નાંખતા રહેશો, તો કોઇ દિવસ સરકારને જવાબ આપવો પડશે.

[શ્લો. ૧. પાનું ૧૨૦૧] **ગઝલ ૯૮.**

શરણ આવી પડેલાંને, પ્રભુ ! સંભાળશો ક્યારે ?
અમીની આંખડી વાલા ! અમોપર ઢાળશો ક્યારે ?
તમારા ભકત અર્જુનને, કુરુક્ષેત્રે દીધેલાં જે;
પ્રભો ! તે આપનાં વચનો, હવે તો પાળશો ક્યારે ?
થતી સદ્ધર્મની ગ્લાનિ, છવાતું પાપથી ભારત;
સનાતન ધર્મનું ડિંડિંમ, ફરી વગડાવશો ક્યારે ?
परित्राणाय साधूनाम्, કહેલું શ્રીમુખે સ્વામિન્ !
ધરી અવતાર કલિયુગમાં, પ્રકટ દર્શાવશો ક્યારે ?

अनन्याश्चिंतयंतो माम्, વગેરે ભાવનાં વચનો;
પુનઃ તે યાદ લાવીને, બિરદ બતલાવશો ક્યારે ?
કહ્યું તું 'સર્વ ધર્મોને, ત્યજી લે શરણ તું મારું;
બચાવીશ સર્વ પાપોથી,' કહો છોડાવશો ક્યારે ?
સુરક્ષા ગાયની કરવા, સ્વયં ગોપાલ કહેવાયા;
હવે એ ગાયને માટે, સુદર્શન ધારસો ક્યારે ?
ગયા પાતાલમાં વેદો, ગયા યાજક અને યજ્ઞો;
ગયા પર્જન્ય ભૂતલથી, કૃપાળો ! લાવશો ક્યારે ?
ગયું તે યોગબલ સાચું, અને અધ્યાત્મવિદ્યા ક્યાં ?
ગયું છે ક્ષાત્રબલ નાશી, પુનઃ પ્રકટાવશો ક્યારે ?
હતી આ સ્વર્ગસમ ભૂમી, તમે અવતાર લેતા જ્યાં;
અરેરે ! એ બિચારીને, પ્રભો ! ઉદ્ધારશો ક્યારે ?
લુંટાતી લાજ ને લક્ષ્મી, સહસ્રાક્ષે નિહાળો છો;
દયાસિંધો ! દયા દીલની, પુનઃ રેલાવશો ક્યારે ? [દીલ]

[શ્લો. ૧ પાનુ ૧૨૦૨] **ગરબો ૧૦૦.**

કૃષ્ણ તારી છબી તે-મારી નજરે તરે;
નજરે તરે રે-મારા મનમાં ફરે (૨)-કૃષ્ણ૦
સાખી-મોર પીછાનો મુગટ ધર્યો, કાને કુંડળ સોહાય;
હાથે શોભે બંસરી, ગૌધન ચારવા જાય-
વેણુ નાદ તે જીવને ઘેલાં કરે-કૃષ્ણ તારી છબી૦

સાખી–બાંહે બાજુબંધ બેરખા, ઉર લટકે વેજંતી માળ;
બહુ શોભામાં દીપતા, જોઇ રહી વ્રજની નાર;
ઘર છોડી ગોપી વનમાં ફરે–કૃષ્ણ! તારી છબી૦

સાખી–પીળાં પીતાંબર પહેરીયાં, જુકતે જગદાધાર;
ગોપીજનને બહુ ગમ્યા, નટવર નંદકુમાર;
મહીડાનાં માટ વહાલો ફોડતા ફરે–કૃષ્ણ! તારી છબી.

સાખી–નરસી મહેતાનો સ્વામી શામળો, પાય અધરના પાન;
ગોપી શોધે કૃષ્ણને, ભૂલ્યાં દેહનાં ભાન;
ગોપીઓ વનમાં રોઈ રોઈ મરે–કૃષ્ણ! તારી છબી૦

૧૦૧

પ્યારાનાં દર્શન થતાં ગોપીઓ ગાંડી બની ગઈ.
[સૌ સાથે રહેજો. વૃદાવનમાં વિખુટાં પડશો નહીં.] સાંભળો–

ધૂન–હું તો થનગન નાચું રે, નિહાળી ઘનશ્યામ. [૨]
નિહાળી ઘનશ્યામ–નિહાળી સુંદિર શ્યામ–હું તો૦
[થવાદ્યો–થવા દ્યો–થવા દ્યો–]
હું તો થનગન નાચું રે–નિહાળી ઘનશ્યામ. [૨]
[કેમ કયાં હતા? ઘેર કે વૃદાવનમાં?]

પ્રભુ પ્રગટયા હવે પ્રેમથી પ્રભુની આરતિ ઉતારીએ, સાવધાન થઈ જાઓ [થોડાં પુષ્પો હાથમાં રાખજો.]

[શ્લો. ૨ પાનુ ૧૨૦૩] **આરતિ ૧૦૨.**

કમલનયન શ્રીપતિ, પુરૂષોત્તમ પ્યારા; પ્રભુ! પુરૂષોત્તમ પ્યારા.
નટવર નંદદુલારા [૨] જય જય રઢીયાળા;
જય રાધારમણા–પ્રભુ! જય રાધારમણા,
કુંજ બિહારી દયાળુ, [૩] જય પાતક હરણા-જય રાધા૦
સહસ્ત્ર ફેણ રાજુ, ત્રિભુવન ત્રીપુરારી, પ્રભુ ! ત્રિભુવન ત્રિપુરારી.
શ્રીધારી મોરારી, જય મોરલીવાળા–જય રાધા૦
ગોવર્ધન તોળ્યો, ગોકુળને તારી, પ્રભુ ! ગોકુળને તારી;
ઈંદ્રનો ગર્વ ઉતાર્યો, જય જય ગિરધારી–જયરાધા૦
શ્રી રણછોડરાયા, મોહનવનમાળી, પ્રભુ ! મોહન વનમાળી.
મન મંદિરમાં વસીયા, વસતા સુખકારી–જય રાધા૦

[પ્રભુને પુષ્પથી વધાવો.]

હવે કાંઈક સ્તુતિ કરીએ. શ્રીશંકરાચાર્ય શ્રીકૃષ્ણની સ્તુતિમાં કાંઈક બોલ્યા છે. સાંભળો—

[શ્લો. ૨. પાનું ૧૨૦૩] **કૃષ્ણાષ્ટકમ ૧૦૩**

ભજે વ્રજૈકમંડનં, સમસ્તપાપખંડનં,
સ્વભકતચિત્તરંજનં, સદૈવ નંદનંદનં ।
સુપિચ્છગુચ્છમસ્તકં, સુનાદવેણુહસ્તકં;
અનંગરંગસાગરં, નમામિ કૃષ્ણનાગરમ ॥

*મનોજગર્વમોચનં, વિશાલલોલલોચનં,
[1]વિધૂતગોપશોચનં, નમામિ પદ્મલોચનમ્
[2]કરારવિંદભૂધરં, સ્મિતાવલોકસુંદરં,
મહેંદ્રમાનદારણં, નમામિ કૃષ્ણ [3]વારણમ ॥
[4]કદંબસૂનકુંડલં, સુચારૂગંડમંડલં,
વ્રજાંગનૈકવલ્લભં, નમામિ કૃષ્ણદુર્લભં ।
યશોદયા સમોદયા, સગોપયા સનંદયા,
યુતં સુખૈકદાયકં, નમામિ ગોપનાયકં ॥
સદૈવ પાદપંકજં, મદીયમાનસે નિજં;
દધાનમુત્તમાલકં[5], નમામિ નંદબાલકં ॥
સમસ્તદોષશોષણં, સમસ્તલોકપોષણં,
સમસ્તગોપમાનસં, નમામિ કૃષ્ણ [6]લાલસં ॥૪॥
ભુવો ભરાવતારકં, ભવાબ્ધિકર્ણધારકં[7],
યશોમતીકિશોરકં, નમામિ **દુગ્ધચોરકં** ।
દગંત[8]કાંતભંગિનં સદા [9]સદાલસંગિનં,
દિને દિને નવં નવં, નમામિ નંદસંભવમ્ ॥
ગુણાકરં સુખાકરં, કૃપાકરં કૃપાવરં,
સુરદ્વિષન્નિકંદનં, નમામિ ગોપનંદનં ।

---

* કામદેવ. ૧ શોકનો નાશ કરનાર ૨ ગોવર્ધ ધારણ કરનાર ૩ હસ્તી ૪ કદંબનું પુષ્પ ૫ ઉત્તમ કેશ, વાળ ધારણ કરનાર. ૬ ભક્તોની લાલચ રાખનારા અગર ભક્તોને લલચાવનારા ૭ નાવિક ૮ દષ્ટિના ખુણાને સુંદર રીતે ભાંગનાર ૯ રાધા સહિત કૃષ્ણ.

નવીનગોપનાગરં, નવીનકેલિલંપટં,[૧૦]
નમામિ મેઘસુંદરં, તડિત્પ્રભાલસત્પટં ॥૬॥
સમસ્તગોપનંદનં, [૧૧]હૃદંબુજૈકમોહનં,
નમામિ કુંજમધ્યગં, પ્રસન્નભાનુશોભનમ ।
[૧૨]નિકામકામદાયકં, દૃગંત[૧૩]ચારૂસાયકં,
રસાલવેણુગાયકં, નમામિ કુંજનાયકં ॥૭॥
[૧૪]વિદગ્ધગોપિકામનો-મનોજ્ઞતલ્પશાયિનં,
નમામિ કુંજકાનને, [૧૫]પ્રવૃદ્ધવહ્નિપાયિનં ।
યદા યદા તથા તથા, તથૈવ કૃષ્ણસત્કથા,
મયા સદૈવ ગીયતાં, તથા કૃપા વિધીયતાં ।
પ્રમાણિકાષ્ટકદ્વયં, જપત્યધીત્ય યઃ પુમાન્,
ભવેત્ સ નંદનંદને, ભવે ભવે **સુભક્તિમાન્** ॥૮॥

[શ્લો. ૪-૫ પાનું ૧૨૦૬] પદ ૧૦૪
અયે કૃષ્ણ તેરે નામપે, કુર્બાન હો રહી;
સુરતકો તેરી દેખ, પરેશાન હો રહી (૨)-અયે કૃષ્ણ૦
[જુઓ આગળ પાનું ૩૭.]

---

૧૦ નવા નવા વિલાસનો પ્રેમી ૧૧ હૃદય કમળને મોહ પમાડનાર. ૧૨ અત્યંત કામ આપનાર, મનોરથો પૂરનાર ૧૩ મનોહર નેત્રબાણુ-વાળા. ૧૪ ચતુર ગોપિકાઓના મનરૂપી મનોહર શૈય્યા ઉપર સુનાર. ૧૫ દાવાનળ પી જનાર.

[શ્લો. ૪–૫ પાનું ૧૨૦૮] **પ્રભુસ્તુતિ ૧૦૫.**

રાગ-જીલાટોડી તાલ ૩.

પ્રભુજી તેરી કિસબિધ, કરૌં મેં વડાઈ. (૨) (ટેક)
બ્રહ્મા નિશદિન વેદ ઉચ્ચારે, શુંભુ ધ્યાન સમાધિ ધારે:
સનકાદિક નારદમુનિ ભારે, અજહું પાર નહિ પાઈ–પ્રભુજી૦
ભૂમિ–અગન-પવન-જલ-અંબર, સરવર સાગર પર્વત કંદર;
સૂરજચાંદ સિતારે સુંદર, તુમ સબસૃષ્ટિ બનાઈ–પ્રભુજી૦
દેવ દનુજ માનવ નરનારી, પશુપક્ષી જલથલનભચારી;
સકલ જીવ સંતાન તુહ્મારી, તુમ પાલક સુખદાઇ-પ્રભુજી૦
વિશ્વ બનાકર નાશ કરાવે, નાશ કરાકર ફિર ઉપજાવે;
બ્રહ્માનંદ પાર નહિ પાવે, અચરજ ખેલ રચાઇ–પ્રભુજી૦

[શ્લો. ૬ પાનુ ૧૨૦૮] **પદ ૧૦૬.**

જાઓ જાઓ કપટી કાનારે ! તમ સાથે કોણ બોલે ? (૨)
તમ સાથે કોણ બોલે ?–તમ સાથે કોણ ચાલે ? જાઓ૦
દિલમાં રાખો છો દગા, તમે નથી કોઈના સગા;
અમને એકલાં મેલ્યાંરે, તમ સાથે કોણ બોલે–જાઓ૦
તમ સાથે કોણ બોલે ?–તમ સાથે કોણ ચાલે ?–જાઓ૦
શરણાંગતના બેલી બનીને, શરણાંગતને મેલ્યાં રખડતાં.
અહીં અમને એકલાં મેલ્યાંરે–તમસાથે કોણ બોલે ?–જાઓ.

[શ્લો. ૯ પાનુ ૧૨૧૦] **ગરબો ૧૦૭.**

શોભા સલુણા શ્યામની, તું જોને સખિ શોભા સલુણા શ્યામની.

(પાછળ ૧૮ મે પાને છે)

[શ્લો. ૯ પાનું ૧૨૧૨] **પદ ૧૦૮.**

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાંહિ રે; [૨]
પુણ્ય કરી અમરાપુર પામ્યા, અંતે ચોરાશી માંહી રે–ટેક૦

[જુઓ આગળ પાનું ૪૨]

कृष्णा—યમુનાજીનાં જળ કાળાં છે-ઘાટાં છે; તેથી યમુનાજીને 'કૃષ્ણા' કહ્યાં. અથવા કૃષ્ણ જેમ શરણે આવનારને મુક્તિ આપે છે; તેથી યમુનાજી પણ શરણે આવનારને મુક્તિ આપે છે; તેથી યમુનાજીને 'કૃષ્ણા' કહ્યાં જણાય છે. વૈષ્ણવો કહે છે કે—

[શ્લો. ૧૨ પાનું ૧૨૧૫] **પદ ૧૦૯.**

યમુનાજીનું પાન કરને તું પ્રાણીરે—
તેને અધમ ઉદ્ધારણ જાણી— યમુનાજીનું૦
એનું મહાત્મ્ય છે પદ્મ પુરાણેરે, પૃથ્વીપર વારાહજી વખાણેરે
એ તો વ્રજવાસી સુખ માણે— યમુનાજીનું૦
એ તો મથુરાજી નીકટ બિરાજેરે, મંદ મંદ મહા ધૂનિ ગાજેરે;
એના દરસનથી દુઃખ ભાજે— યમુનાજીનું૦
વિશ્રામ ઘાટે તે આરતિ થાયરે, વૈષ્ણવ સાંભળી દોડયા જાયરે;
[1]જળજંતુઓ દર્શને ધાય— યમુનાજીનું૦

---

૧ માછલાં, કાચબા વિગેરે કાંઠે આવીને આરતિનાં દર્શન કરે.

જે કોઇ યમુનાનાં જળપાન કરશેરે,–તેનેજમકોંકર ભય ટળશેરે;
કહે છે વૈષ્ણવ રાધાવર વરશે— યમુનાજીનું૦

[શ્લો. ૨૨ પાનું ૧૨૨૭] ૧૧૦.

રાગ–પ્રભાતિયું.

પ્રાણથકી મને વૈષ્ણવ વ્હાલા, હરનિશ તેમને ગાઉંરે.
તપ તીરથ વૈકુંઠપદ મૂકી, મારા ભક્ત બોલાવે ત્યાં જાઉંરે–પ્રાણ૦
અંબરીષરાજા મને અતિ ઘણો વહાલો, દુર્વાસા માન ભંગ કીધુંરે;
મેં મારૂં અભિમાન તજીને, સુદર્શન વાળી લીધુંરે–પ્રાણ૦
ગજને માટે ગરૂડે ચડી પળિયો, હરિજનની શુદ્ધ લેવારે;
ઉંચ ને નીચ હું તો કંઇ નવ જાણું, મને ભજે તે મુજ જેવારે–પ્રા૦
લક્ષ્મીજી અર્ધાંગના મારી, પણ મારા સંતની દાસીરે;
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટી કાશીરે–પ્રા૦
સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, ને સંત સુવે તો હું જાગુંરે;
મારા સંતની નિંદા કરે તેની, જીભ સધજ[1]કાપુંરે–પ્રાણ૦
મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવે બાંધ્યા મેં નવ છૂટેરે;
કદિ કોઇ વૈષ્ણવ મને બાંધે તો, તે બંધન મેં નવ તૂટેરે–પ્રા૦
બેસી ગાય ત્યાં ઉભો ઉભો સાંભળું, ઉભા ગાય ત્યાં હું નાચુંરે;
હું તો વૈષ્ણવથી ક્ષણ નહીં અળગો, ભણે નરસૈયો એ સાચુંરે–પ્રા૦

---

૧ આ અવતાર પછી તેને તુરત પશુપક્ષીના અવતારમાંજ મુકી દઉં છઉં.

અધ્યાય ૩૩ મો—

રાસની શરૂઆત કેવી રીતે કરે છે?—

[શ્લો. ૨ પાનું ૧૨૨૯] **૧૧૧.**

રાસેશ્વરીને પ્રાર્થના.

(ઢાળ--મા ! સુંદર ગિરિથી ઉતર્યાં બીરવાળી મા !)

ગરબો.

આ શરદ્ પુનમ સોહામણી ! રાસેશ્વરી મા !
શો ચંદ્રતણો ચમકાર ! રાસ રમાડો મા–આ શરદ૦
તમે સ્વર્ગ સદનથી ઉતર્યાં—રાસેશ્વરી મા !
આવ્યા રમવા વૃંદાવન—રાસ રમાડો મા–આ શરદ૦
અમો અમૃત તરસ્યા હંસલા—રાસેશ્વરી મા !
તમે અમૃતરસની ખાણુ—રાસ રમાડો મા–આ શરદ૦
તવ આંખડલીએ અમી ઝરે—રાસેશ્વરી મા !
દ્યો અમતકેરા દાન—રાસ રમાડો મા–આ શરદ૦
તવ પગલે પગલે ફુલડાં—રાસેશ્વરી મા !
ફૂલડે ફૂલડે હરિનું નામ–રાસ રમાડો મા–આ શરદ૦
મહામાયાકેરી બંસરી–રાસેશ્વરી મા !
તે સાંભળી તજ્યાં ધનધામ—રાસ રમાડો મા–આ શરદ૦

[શ્લો. ૨ પાનું ૧૨૩૦] પદ ૧૧૨.

સખિ ! આજનો લ્હાવો લીજીએરે-કાલ કોણે દીઠી છે ?
પુલની ગાદી ને ફુલના તકીઆ,
પુલના બીછાનાં બીછાવીએરે—કાલ૦
સોનાનાં સોગઠાં ને રેશમની ચોપાટ,
હીરલાના પાસા ઢળાવીએરે—કાલ૦
સોનાનું પારણું ને રેશમની દોરી,
હરખે મારા લાલને ઝુલાવીએરે—કાલ૦
વાણીના મેહુલા ને આનંદની એલી,
સુખને સરવડે ભીંજાવીએરે—કાલ૦
વલ્લભના સ્વામી પ્રભુ રસીક શીરોમણી,
વાળી વાળી મુખડાં નિહાળીએરે-કાલ૦

રાધિકા ગોપિઓને નોતરે છે.

[શ્લો. ૨ પાનું ૧૨૩૦] ૧૧૩

અંતર્જ્યોતિનો ગરબો.

મ્હારા અંતરમાં જ્યોતિ એક જાગી, સુહાગી કોઈ-રશ્મિ લ્યો-
રશ્મિ લ્યો-(૨)
જેની દીપ્તિથી માયા દૂર ભાગી, સુહાગી કોઈ-રશ્મિ લ્યો-રશ્મિ
લ્યો—મારા૦
રશ્મિ એ અલૌકિક, જીવનને ઉજાળતી;
અંતરના તિમિરને, તે સહજમાં-ટાળતી;

પૂર્ણપણે ત્હેમાં અનુરાગી, મહાભાગી–કોઈ-રશ્મિ લ્યો–રશ્મિ
લ્યો—મારા૦

જે કાંઇ જેવું છે, તેવું તે બતાવતી;
ભ્રાંતિને ટાળીને, સ્વરૂપ જણાવતી;
અન્ય સર્વ આસક્તિ ત્યાગી–વિરાગી-કોઈ-રશ્મિ લ્યો–રશ્મિ લ્યો
—મારા૦

પૂર્ણ અભિમુખતા, એ રશ્મિને ઝીલાવે;
તન્મય થાતાં હૃદય, જ્યોતિને જગાવે;
સિદ્ધિ સધાવે મ્હોં માગી, બડભાગી–કોઇ–રશ્મિ લ્યો–રશ્મિ
લ્યો–મારા૦

[શ્રી ઉપેંદ્રાચાર્ય.]

ગોપીકાઓના મનની સ્થીતિ—

[શ્લો. ૨ પાનું ૧૨૩૦] ૧૧૪

રાગ–સરોવર પાણીડાં ગઇતી સાહેલડી.

હૈયાના હોજ આ હેલે ચઢયાં છે, રેલે બ્રહ્માંડ રસ ધારા–રે લોલ.
ઝીલો–ઝીલાવો મનમહેલે રસિકડાં, નીતરે સંદેશ કાંઈ ન્યારા–
રે લોલ. હૈયાના૦

\+ \+ \+ \+

ચંદાની ચાંદની ચળકે છે જ્યાં જ્યાં, ઉછળે મહેરામણ મીઠા રે લોલ.
એવા સંકેત ઉર ધારો રસિકડાં, મોંઘા છે આત્માના ઉભરા રે લોલ.

× × × × ×

હૈયાના હોજ આ હેલે ચઢયા છે, રેલે છે આત્મના ઓવારારે લોલ.
આવો આવો રસ આંગણે રસિકડાં, ઝીલજો સંદેશ કાંઇ ન્યારારે લોલ.

ખબરદાર.

અધ્યાત્મ દૃષ્ટિથી ગોપિકાઓને ઈંદ્રિયો અગર વૃત્તિઓ કહો-તો તેમની પણ પ્રભુ પાસે એવી જ માગણી છે કે-

[શ્લો. ૨ પાનું ૧૨૩૫] **૧૧૫**

જીવનવેલ.

ગરબો.

આ જીવનવેલને પોષો, હો ! વ્હાલા ! રસમાળી ! રસમાળી !
સ્નેહસુધા સલિલથી સીંચો, હો ! વ્હાલા ! રસમાળી ! રસમાળી!
સાખી-બ્રહ્મ ઉદ્યાને ઉપજી, સુંદર જીવનવેલ;
વિશ્વવાયુની સેરમાં, ખેલે જગના ખેલ;
અમીરસથી એ વેલડી ભીંજો, હો ! વ્હાલા ! રસમાળી ! રસમાળી !
જગકુંજે એ વેલડી સુહાવો, હો ! વ્હાલા ! રસમાળી ! રસમાળી!
સાખી-જ્ઞાનવૃક્ષની સાથમાં, અખંડ એની પ્રીત;
વળગી રહે એ વેલડી, ધરી નાથને ચિત્ત;
એ વેલીને વૃક્ષે ચડાવો, હો ! વ્હાલા ! રસમાળી ! રસમાળી !
એ અરજી અનેરી સ્વિકારો, હો ! વ્હાલા ! રસમાળી ! રસમાળી!

(રાયચુરા.)

રાસમાં કેવો દેખાવ હશે ?—

[શ્લો. ૩-૪ પાનું ૧૨૩૭] પદ ૧૧૬. રાગ-પ્રભાત.

વદન સોહામણાં, શામ શામા તણાં, રાસ રમત રમે વનમાંહે;
નાથ બાથે ભરે, અધર ચુંબન કરે, પ્રગટીયું પ્રેમસુખ કહ્યું ન જાયે.
—વદન૦
ચરણને પ્રહારે, ધરણી ધમધમી રહી, ઘુઘરાના ઘમકાર થાએ;
તત્તા થૈ થૈ કરે, તાલ તરૂણી ધરે, મદભરી માનની ગીત ગાએ--વ૦
શ્રમજળ બિંદુને, સુભગ અંબર શીર, કંચુકી બંધ તે શીથિલ સોહે;
ભણે નરસૈંયો રંગરસ ઉલટયો, ઉપર કુસુમની વૃષ્ટિ હોયે-વ૦

બીજાઓ પણ રાસ જોવા આવ્યા છે, તે સાંભળો—

[શ્લો. ૩-૪ પાનું ૧૨૩૭] પદ ૧૧૭.

રાગ—ગઝલ કવ્વાલી.

ચાલો સખી ! બિંદરાવનમેં, વો તો બંસરી શ્યામ બજાવત હૈ-ટેક૦
ધર્મકે પાલન કારણસેં, હરિને વ્રજમેં અવતાર લિયા;
મિલ ગ્વાલન બાલનકે સંગમે, જુમનાતટ ધેનુ ચરાવત હૈ-ચાલો૦
સિર મોરકે પાંખકો ટોપ ધરે, મકરાકૃત કુંડલ કાનનમેં;
ગલમેં વનમાલ બિરાજ રહી, કટિમેં પટપીત સુહાવત હૈ-ચાલો૦
વનકુંજનમેં હરિ રાસ રચી, સખિયાં સંગમેં મિલ ગાન કરે;
ભાગ્ય બડે વ્રજ ગોપિનકે, હરિ હાથ મિલાય નચાવત હૈ-ચાલો૦
મધુરી મુરલી ધુનકો સુનકે, સબ દેવસમાજ ખડે નભમેં;
બ્રહ્માનંદ નિહાર છબી પ્રભુકી, અપને મનમેં સુખ પાવત હૈ-ચાલો૦

હવે આરતિ તૈયાર કરો. રાસ રમતા પ્રભુની આરતી ક્યાં ઉતારશો ? ભાવપૂર્વક ઉપાડજો—

(શ્લો. ૩-૪ પાનું ૧૨૩૮) પદ ૧૧૮.

આરતિ.

જય જય નટવર વેષા, આરતિ ઉતારૂં યદુવર જગદીશા—
જયદેવ જયદેવ.
મોરમુગટ મુસ્તક પર રાજે, કંઠે વનમાળા—પ્રભુ ! કંઠે વનમાળા;
શ્રવણ કુંડળ લળકે; (૨) સંગમેં વૃજબાલા-જયદેવ જયદેવ.
નૃત્ય કરે વૃંદાવન, ઘુઘરડી ઘમકે—પ્રભુ! ઘુઘરડી ઘમકે;
નાચે રાધા માધવ, (૨) પાલવ ઠમઠમકે—જયદેવ જયદેવ૦
ઘમઘમ ઘુઘરડી ઘમકે, તાલ પખાજ વાજે—પ્રભુ!
તાલ પખાજ વાજે;
સુંદર સ્વર અતિ સારો (૨) ઉંચે સ્વર ગાજે—જયદેવ જયદેવ૦
તાતા થેઇ તાતા થેઈ, શબ્દ થાય આજે—પ્રભુ! શબ્દ થાય આજે;
નૂપુર ઝાંઝર વાગે, (૨) કૌસ્તુભમણિ રાજે—જયદેવ જયદેવ.
ઉંચે સ્વર ગાજે ગિરધારી, ઉંચે સ્વર ગાજે—પ્રભુ! ઉંચે સ્વર ગાજે;
મન મોહનની શોભા, (૨) મનમથ બહુ લાજે—જયદેવ જયદેવ૦
રાચ રચ્યો વૃંદાવન, જોવાને આવ્યાં—પ્રભુ ! જોવાને આવ્યાં;
માધવ મુખ નીરખીને, નરસૈને ભાવ્યાં—જયદેવ જયદેવ૦

[શ્લો. ૫ પાનું ૧૨૩૯] **પદ ૧૧૯.**

રસ ઘેલીઓ રાસ વિશે રમતી,
દઈ તાલ પરિક્રમથી ફરતી;
રસગાન વડે રસ રેલવતી,
રસરંગ વડે જગને ભરતી.

સૌંદર્ય કોને ગમતાં નથી ? આ સૌંદર્ય કોનાં છે ?

[શ્લો. ૫ પાનું ૧૨૩૯] **૧૨૦.**

રાસડો.

સોહે સૌંદર્ય જગે, જૂજવાં રે લોલ;
જૂજવાં જીવનવેણુ-સૂર જો, (૨) સજનિ! સૌંદર્ય મારે પૂજવાંરે લોલ ટેક.
નભનાં સૌંદર્ય તેજ તારલા રે લોલ, (૨) રત્ને છલકંત નિધિ નૂર જો—સજનિ૦
[1]સરની સૌંદર્યકલા હંસલારે લોલ, (૨) જળના સૌંદર્ય કમળકુંજ જો—સજનિ૦
સૃષ્ટિ સૌંદર્ય બાગ ફૂલડાંરે લોલ, (૨) ફૂલનાં સૌંદર્ય [2]અલિવૃંદ જો—સજનિ૦
ગોપી સૌંદર્ય કૃષ્ણ કાનુડોરે લોલ, કૃષ્ણે સૌંદર્ય વેર્યાં વિશ્વજો—સજનિ૦ [શેઠ]

---

૧ સરોવર. ૨ ભ્રમરનાં ટોળાં.

(શ્લો. ૬ પાનું ૧૨૪૦) **રાસ ૧૨૧.**

થેઈ થેઇકાર કરે છે કામા, વૃંદાવન મોઝારરે;
તાલમૃદંગ વેણાવંસ વાજે, નેપુરનો ઝમકારરે—થેઇ૦
મધુરૂં ગાન કરંતી ગોપી, ગોવિંદજીની સંગેરે;
ભુજ ઉપર ભુજ ધરી પરસ્પર, નૃત્ય કરે અતિ રંગેરે-થેઇ૦
આનંદ સાગર લહેરો ઝકોળે, મગન થઇ સહુ નારીરે;
નરસૈયાના સ્વામી સંગ રમતાં, દેહદશા વિસારીરે-થેઇ૦

[શ્લો. ૬ પાનું ૧૨૪૦] **પદ ૧૨૨.**

રાગ—પ્રભાત.

થેઇ થેઇ કરે, અગણિત અંગના, ગોપી ગોપી પ્રત્યે સોહે કહાન;
ઝાંઝર નેપુર કટિતણી કીંકણી, તાલમદંગ રસ એક તાન—થેઇ થેઇ૦
નાચંતાં નાચંતાં છેલ છંદે ભર્યો, સપ્તસ્વરધૂન તે ગગન ચાલી;
લટકે લટકાં કરે, નાથને ઉર ધરે, પરસ્પર બાંહોડી કંઠ ઘાલી
—થેઈ થેઇ૦
પ્રગટ ભાવે ભજે, પૂરણ પુરૂષોત્તમ, જેહનું મહામુનિ ધરતા ધ્યાન;
ભણે નરસૈયો વિહારરસ વિસ્તર્યો, ગોવિંદ ગોપી મળી કરતાં ગાન
—થેઇ થેઇ૦

[શ્લો. ૭ પાનું ૧૨૪૦] **પદ ૧૨૩.**

ભજન—તાલ કવ્વાલી.

દેખો વૃંદાવનની કુંજમેં, હરિ નાચે નંદકુમાર (૨) ટેક૦
મોર મુગટ શિર ઉપર સોહે, ગલે પુલનકો હાર; (૨)
પિતાંબર કટિ બીચ બીરાજે, મુરલી અધર સુધાર—દેખો૦

વીણા તાલ મૃદંગી બાજે, બાજે ઝાંઝ સિતાર; (૨)
છન છન છન છન નેપૂર બાજે, કર કંકણ ઝણકાર–દેખો૦
સખિયાં કે સંગ રાધા નાચે, નાચે વ્રજકી નાર;
ગ્વાલબાલ સબ મિલ કર નાચે, કર કરકે સિંગાર–દેખો૦
જલચર મોહે થલચર મોહે, મોહે સબ સંસાર;
બ્રહ્માનંદ મુનિશ્વર મોહે, બંસીધુન નિર્ધાર— દેખો૦

[શ્લો. ૮ પાનું ૧૨૪૨] રાસ ગરબો. ૧૨૪
શ્રી વૃંદાવનમાં થનકકાર થેઈ થેઈ. (૨)
રાધાકૃષ્ણ રમે રાસ (૨) બીજું નહિં નહિં નહીં–રે (૨)–
વૃંદાવનમાં૦

નેપુર ચરણ કનક વર્ણ–ઝાંઝર જોડો;
ઘુઘરીયાળો ઓપે છે–અકેકો તોડો.
રે મુગટ મણિ વાંકડો અંબોડો,
રે કુંડળ કાન–કુંડળ કાન, ભ્રુકુટિ ભાન–તિલક તાન,
નેનબાન, કંપમાન–ફ્રફ્રા–ફ્રેઈ–ફ્રેઇ–ફ્રેઈ–ફ્રેઈ–વૃંદાવનમાં૦ (૨)
વાગે તાલ ને કરતાલ મૃંદગ તાલી,
કોઈ તંબુરોને કોઈ મૃદંગવાળી,
સોળ સહસ્ર ગોપિકા વયે બાળી,
કે સુર સળકે, સુર સળકે, ઘુઘરી ધ્રમકે,
નાચે થનક થનક થૈ–થૈ–થૈ, ફ્રફ્રા–ફ્રેઈ–ફ્રેઇ–ફ્રેઇ–ફ્રેઇ—
વૃંદાવનમાં૦ (૨)

કે સુંદિર કટિઓ દીધી છે વંક વાળી,
મદન ગાન મુખ્ય ગાય એ વનમાળી,
કે બોલે બેન, બોલે બેન,[૨]અમૃતએન,[૩]સુધાસેન,[૪]પ્રગટ ચેન;
થકે નહીં હૃદય--દઈ દઇ દઈ દઈરે--વૃંદાવનમાં. (૨)
કે મુગટ માંહી રૂપ દીઠું છે રાધાએ,
કે મનમાં માનની વીમાસણ થાએ,
કે હુંથી છાની રાખી કોને મુગટ માંહે,
કે તે બહુ વ્હાલી, હઠ ઝાલી, બેઠી બાળી, ઉઠી ચાલી,
ઘુઘર વાળી, દીધી તાળી,
દયા પ્રભુ-જે જે જે જે જે જે રે--વૃંદાવનમાં. (૨)

(શ્લો. ૮ પાનું ૧૨૪૨) **પદ ૧૨૫.**

રાગ—સામગ્રિ.

વાંસળી વાહેરે વાહે, મધુરૂં ગાયે કહાન;
સપ્ત સુરને શબ્દ નાના વિધ, રાગ રાગણીને તાન;
ઈહાં તતા થેઈરે, ઇહાં નનનન નહીં રે— વાંસલડી૦
ઈહાં માંહો માંહોરે, માનની રાખે રંગ;
ગણુણુ ગણુણુણુ ઉપાંગ વાગે, દે તાળી વગાડે શંખ મૃદંગ;
ઇહાં રૂમઝમ રૂમઝમરે, ઈહાં ઝાંઝર ઝમકે રે;
ઇહાં ઠમઠમ ઠમકેરે, ઇહાં વીંછીડા ચમકે રે—વાંસલડી૦
ઈહાં ધમ ધમ ધમકેરે, કર્ણે ઝબૂકે ઝાલ;
એકને દે આલિંગન, ચાલે મધુરી ચાલ— વાંસલડી૦

અનિહાંરે વૃંદાવન રાસ રચ્યોરે, રાસ રચ્યોરે, મરકડા કરે બાળી;
કોટિ +કલશ શશીઅરની શોભા, ઉગ્યો અજુઆલી–અનિહાંરે૦
અનિહાંરે સુરપતિ મોહી રહ્યા, સ્થિર થઈ ગયાં દેવ વિમાન;
નૃત કરે કૃષ્ણ પુષ્પવૃષ્ટિ હોયે, જય જય જગત નિધાન–
અનિહાંરે૦
અનિહાંરે ×રેણુ અધિક થઇ અધિક થઈ, પ્રગટ ન હોયે *ભાણુ;
નરસૈંયાચો સ્વામિ રાસ રમે, ત્યાં મુનીજને મેલ્યાં ધ્યાન–
અનિહાંરે૦

રસનો સાગર રેલ્યો—

[શ્લો. ૯ પાનું ૧૩૪૪] **બ્રહ્મરસ ૧૨૬.**

દગરસભર મોરે દિલ છાઈ રહી;
છાઈ રહી છલકાઇ રહી—દગ૦
ઝાંખ ઝપટ નિદ્રા નવ કાંઇ, પલક પલટ અણખાઇ રહી—દગ૦
પૂર્ણભરી મદ મંદ વિલાસિની, નવીન સુધા વરસાવી રહી–દગ૦
દુઃખી સુખી વળી વિધવિધરંગી, ખલક સુરંગ મચાવી રહી–દગ૦
ભીતર બાહેર ઉપર નીચે, મણિમય મોદ મચાવી રહી–દગ૦
[મણિલાલ ન૦]

+ કળાવાળા. × રાત્રી. * સૂર્ય.

[શ્લો. ૯ પાનું ૧૨૪૪] ગરબો. ૧૨૭.

રાગ–કાનુડો કામણગારોરે.

ગગને આજ પ્રેમની ઝલક છાઈરે—ગગને૦
પૃથ્વી રહી છવાઇ, પરવતો રહ્યા નાહીં;
સચરાચરે ભરાઇરે—ગગને૦
ભૂતને ભવિષ્ય ગયાં, વર્તમાન સર્વે થયાં;
એકમાં અનેક રહ્યાંરે—ગગને૦
કીડીથી કુંઝર સુધી, ગળી ભેદ બુદ્ધિ ઉંધી,
વાટડી અભેદ સુધીરે—ગગને૦
વાદને વિવાદ ગળ્યા, ઝેર વિખવાદ ટળ્યા;
જૂદા સહુ ભેગા મળ્યારે—ગગને૦
વ્રત જોગ તપ સેવા, જૂઠા છે પ્રસાદ મેવા;
પંડિતો વેદાંતી તેવારે—ગગને૦
ધનભાગ્ય તેનાં જેણે, પ્રેમ પી નિહાળ્યો નેણે,
સુખને શું કહેશે વેણેરે—ગગને૦
સાંભળશે–કોણ કે'શે? શા થકી વખાણી લેશે?
ન કહ્યે કે'વાઈ રે'શેરે—ગગને૦
પ્રેમ જે કહી બતાવે, પ્રેમ જે કરી બતાવે;
મણિ તેને મન ભાવેરે—ગગને૦
(મણિલાલ નભુભાઇ).

ગોપિકાઓ નાદમાં નાદ કેવી રીતે મેળવે છે ?—

[શ્લો. ૧૦ પાનું ૧૨૪૬] **રાગ-માલવ ૧૨૮.**

જેમ જેમ વાહાલો વેણુ વગાડે, તેમ તેમ નાચે નારીરે;
સરખે સાદે ગાયે ગોપી, રીઝવીયો મોરારીરે—જેમ૦
રૂમઝુમ રૂમઝુમ નેપૂર વાજે, થૈ થૈ થૈ થૈ થાયરે;
તાલ મેળાવે મહારસમાતી, માનની મોદ ન માયરે—જેમ૦
સન્મુખ આવી શામળીયોજી, અબળા આગળ નાચેરે;
સુરનર મુનીજન ધ્યાન ન પાવે, બ્રહ્મા એ પદ જાચેરે—જેમ૦
તે વ્રજ વનિતા નંદકુંવરસું, અદ્વૈત રસ ઉભરાતોરે;
ભણે નરસૈયો એ દૃશ્ય દેખી, કલિયુગ બહુ ગભરાતોરે—જેમ૦

અધરનું પાન કરનારી વાંસલડી ગોપીકાઓને ખટકે છે. વ્રજનાર વાંસલડીને ઠપકો દે છે--

[શ્લો. ૧૧ પાનુ ૧૨૪૬] પદ ૧૨૯.

ઓ વાંસલડી ! વેરણ થઈ લાગીરે, વ્રજની નારને;
શું શોર કરે ? જાતલડી તારી તું મન વિચારને—
તું તો જંગલ કાષ્ટ તણો કટકો, રંગરસીએ દીધો રંગ ચટકો;
અલિ ! તેપર આવડો શો લટકો ?—ઓ વાંસલડી૦
તને કા'ન કુંવર કરમાં રાખે; તું અધર તણો નીત રસ ચાખે,
તું તો અમને દુઃખડાં બહુ દાખે—ઓ વાંસલડી૦
તું તો મોહનના મુખપર મ્હાલે, તુંજ વિના નાથને નવ ચાલે;
તું તો શોકય થઇ અમને સાલે— ઓ વાંસલડી૦

તને હરીએ હાથ ગ્રહી લીધી, તને સૌમાં શિરોમણિ કીધી;
ક્ષણુ મુખથી નવ મૂકે વીલી— ઓ વાંસલડી૦
હું તુજને આવી નવ જાણુતી, નહિં તો તુજપર મહેર ન આણુતી;,
તારાં ડાળ મુળ સાહીને તાણુતી— ઓ વાંસલડી૦
દયાના પ્રીતમને પુરણુ પ્યારી, તને જરીએ નવ મુકે ન્યારી;
તારો ભેદ ગુણુ દિસે ભારી— ઓ વાંસલડી૦

વાંસલડી વ્રજનારને જવાબ દે છે—

[શ્લો. ૧૧ પાનું ૧૨૪૭] **પદ ૧૩૦.**

ઓ વૃજનારી ! શા માટે તું અમને આળ ચડાવે;
પૂર્વપૂણ્ય થકી, પાતળીયોજી અમને લાડ લડાવે;
મેં પુરણુ તપ સાધ્યાં વનમાં, મેં ટાઢ તડકા વેઠયા તનમાં,
ત્યારે મોહને મહેર આણી મનમાં—ઓ વૃજનારી૦
હું ચોમાસે પાધર રહેતી, ઘણી મેઘ ઝડીઓ શરીરે સહેતી;
સુખદુઃખ કાંઇ દીલમાં નવ લેતી—ઓ વૃજનારી૦
મારે અંતે વાઢ વઢાવિયા; વળતી સંઘાડે ચઢાવિયા,
તે ઉપર છેદ પડાવીયા— ઓ વૃજનારી૦
ત્યારે હરિએ હાથ ગ્રહી લીધી, સહુકોમાં શિરોમણિ કીધી;
દેહ અરપી અધર અંગે લીધી-- ઓ વૃજનારી૦
માટે દયાના પ્રીતમને હું પ્યારી, નીત્ય મુખડે રમાડે મુરારિ;
મારો ભેદ ઘણો દિસે ભારી-- ઓ વૃજનારી૦

સંસારના શ્રમથી પીડાએલા જીવો, શ્રીહરિને ખભે હાથ રાખીને, પોતાનો થાક ઉતારે છે. જેમ આંધળાને લાકડી, તેમ ભકતોને શ્રીહરિ.

[શ્લો. ૧૩ પાનું ૧૨૪૮] **૧૩૧.**

જિલા-રેખતા-તાલ-દાદરા.

અયે રામ તેરા નામકો, મુઝકો આધાર હૈ;
અંધેકો જૈસી લાકડી, તનકા સહાર હૈ-અયે૦
તપ યોગ યજ્ઞ ઓર કર્મ, બન પડે નહીં;
કલિયુગમેં તેરે નામકી, મહિમા અપાર હૈ-અયે૦
લિખનેસેં રામનામકે, જલમેં શિલા તરી;
કૈસે મનુજ ન જા સકે, ભવસિંધુ પાર હૈ-અયે૦
શવરીકે પાદનીરસે, સરવર વિમલ હુઆ;
છૂનેસેં ચરણકે તરી, ગૌતમકી નાર હૈ-અયે૦
કરકે ભરોસા મનમેં, રામનામ સુમરલે;
બ્રહ્માનંદ મિટે જન્મ, મરણ બારબાર હૈ-અયે૦

ચૌદમા શ્લોકમાં કહે છે કે-એક ગોપિકાએ શ્રી-કૃષ્ણનો હાથ પોતાના સ્તન ઉપર મૂકયો. આ પણ અત્યંત વ્હાલનું નિશાન છે. સ્ત્રીને જ્યારે પ્રેમ ઉભરાય, ત્યારેજ પતિનો હાથ પોતાના સ્તન ઉપર મૂકે. ગોપિકાએ આમ કરવાથી, ભગવાન્ શ્રીકૃષ્ણને કાંઈ દોષ ન લાગ્યો ?-તેના જવાબમાં શ્રીશુકદેવજી કહે છે કે-' તે તો ' **अच्युतः**

અચ્યુત-નિર્વિકારી-નિર્લેપ-કોઇના લીધા ન લેવાય, એવા છે-નરસીમહેતો ગાય છે—

[શ્લો. ૧૪ પાનું ૧૨૪૯] ૧૩૨.

રાગ પ્રભાતિ.

પ્રાણનો પ્રાણ તે, આજ મુજને મળ્યો, તેણે કરી મારે હૃદે હર્ષ વાધે;
પીયુતણી સેજ તે, નવીન કુસુમે રચી, નવી નવી ભાતનો સંગ સાધે.
નેણે અંજન કરી, નરસૈયા શ્રીહરિ, પ્રેમશું આવીને સાંઈ લીધું.
અધરચુંબન કરી, કુચપર કર ધરી, સ્નેહસુ શામળે ગુહ્ય કીધું.
ધન્ય ધન્ય આજની, રાતડી કૃષ્ણજી, સાથે રમી ગોપી લાજલોપી;
નરસૈયાના સ્વામીને, ધન્ય ધન્ય વશ કર્યો,
શું કરે સાસુડી અધિક કોપી !

હૈયું હાથ છે ને ? સંભાળ રાખજો. નહીંતો ઘમંડ. અનેક ડાહ્યાં ડાહ્યાં સ્ત્રીપુષો આવું આવું વાંચીને અને સાંભળીને, ઘમંડ થઈ ગયાં છે. યાદ રાખજો કે આ યોગેશ્વર શ્રીકૃષ્ણની કથા છે.

[શ્લો. ૧૪. પાનું ૧૨૫૦] ૧૩૩.

રાગ-પ્રભાતિ તાલ દાદરા.

દેખ સખિ ! કૃષ્ણચંદ્રકી છબી સુહાવની—ટેક૦
સિરપે મુગટ અલક ભાલ, શ્રવણ કુંડળ દૃગ રસાળ,
ગલમેં માલ ભુજ વિશાલ, પીતપટ ધરાવની-દેખ૦
બાજુબંધ કંકણહાથ, કમરમણિ તિલક માથ;

બંસી અધર મધુર મધુર, સરસ રાગ ગાવતી—દેખ૦
ચંદ્રવદન મંદહાસ, સખિયનસંગ કરત રાસ;
પગમેં છનન છનન—નુપરોંકી ધુન બજાવની—દેખ૦
સજલમેઘ શામ રંગ, સંગ રાધિકા ઉમંગ;
બ્રહ્માનંદ શ્રીમુકુંદ, ચરણરતિ લગાવની—દેખ૦

गृहीतकंठ्यः—જેમના કંઠને ભગવાને આલિંગન કર્યું છે તે ગોપિકાઓ. આ શબ્દ સૂચવે છે કે—ગોપિકાઓએ ભકતવત્સલતા જાગ્રત કરી—ગોપિકાઓએ અમાપને માપમાં લીધા—ગોપિકાઓએ ભગવાનને વશ કર્યા.

[શ્લો. ૧૫ પાનું ૧૨૫૧] પદ ૧૩૪.

હાંહાંરે વાંસળી વાઈરે, મધુરૂં ગાયે કહાન;
સ્વર શબ્દ નાના વિધના, રાગ રાગણીના ગાન—વાંસળી૦
હાંહાંરે માંહે માંહેરે, માનની રાખે રંગ;
ઘુણુણુણુણુ ઘણુણુ ઉપાંગ વાજે, તાલ નિશાન મૃદંગ—વાંસળી૦
હાંહાંરે વીછીયા ઠમકેરે, કાને ઝુમકે ઝાલ;
એક એકને દે આલિંગન, ચાલે મધુરી ચાલ—વાંસળી૦
હાંહાંરે વૃંદાવન રાસ રચ્યો, ગોપી ઘૂમે મરકલડાં વાળી;
સોળકળા શશીયર શોભે, નભમાં કરતો અજુવાળી—વાંસળી૦
હાંહાંરે સુરપતિ મોહી રહ્યા, તેહના થંભી રહ્યાંરે વિમાન;
નર્તનાટારંભ પુષ્પવૃષ્ટિ હોએ, જય જય શ્રી ભગવાન—વાંસળી૦
હાંહાંરે રજની અધિક વધી, પ્રગટ ન હોય ભાણુ;
નરસૈયાના સ્વામીની શોભા, જોવા મુનિવરે મૂકયાં ધ્યાન—વાંસળી૦

વાલ્મિકીએ રામને કહ્યું કે--

ચોપાઇ-તુમહિ છોડ ગતિ દૂસરી નાંહિ, રામ બસહુ તિનકે ઉરમાંહી.

× × × ×

જાતિપાંતિ ધનધર્મ બડાઈ, પ્રિય પરિવાર સદન સમુદાઇ;
સબ તજી તુહ્મહિ રહહિ લવલાઇ, તાકે હૃદય બસહુ રઘુરાઇ.

રંગ કેવો જામ્યો ?

[શ્લો. ૧૬. પાનું ૧૨૫૩] **ગરબો ૧૩૫.**

વ્રજવાસણીરે લોલ, તાળી દેતાં વાગે ઝાંઝર ઝુમખારે લોલ,
ઢુમ ઢુમ તાળી દેતાં વાગે, ઝાંઝર ઝુમખારે લોલ—વ્રજ૦
ગરબો ગાવાને ગોરી નિસર્યાંરે લોલ;રાધિકા રંગીલી અભિરામ-વ્રજ૦
સંગે સાહેલીઓ રમે ઘણીરે લોલ, આપું તેના પ્રેમથકી નામ-વ્રજ૦
લલિતા વીશાખા વ્રજમંગળારે લોલ,માધવી ને માલતી અનુપ-વ્રજ૦
ચંદ્રભાગાને ચંદ્રાવલીરે લોલ; ચંપાલતા ચારૂ જેનું રૂપ-વ્રજ૦
મનમથમોદા ને વળી ચાતુરીરે લોલ,હસ્તલક્ષ્મીને હીરા નામ-વ્રજ૦
કેતકી પ્રલંબા પંચમંજરીરે લોલ;એવી રમે સખીઓ જ્યાં અનેક-વ્રજ૦
શોભે કપાળે મોતી દામણીરે લોલ;કંકુચંદ્ર શોભાવે છે ભાલ-વ્રજ૦
ચક્ષુ ચંચળ તે ચોરે ચિતડાંરે લોલ;બેઉ બાજુ હિંચે રૂડા હાથ-વ્રજ૦
વિધવિધ વાજીંત્ર વાગે ઘણાંરે લોલ; તાલસુર મળી કરે ગાન-વ્રજ૦
'લોલ' કહેતામાં હરી હિંચતારે લોલ; હિંચાવે કાંઈ બાળાઓ અનેક —વ્રજ૦
આણંદ સાગર ઉલટયોરે લોલ; મગન થયાં માનનીનાં મન-વ્રજ૦
પરમ પવિત્ર આ ચરિત્રનેરે લોલ,દાસ દયો ગાઇ થયો ન્યાલ-વ્રજ૦

આ ગોપિઓના શણગાર કેવા હતા? અને તે ક્યાં ક્યાં મળી હતી?–જરા હલકથી ઉપાડજો.

[શ્લો. ૧૬ પાનુ. ૧૨૫૪] પદ ૧૩૬.

કાળી કોરનાં સાળુ પ્રેમદા, કાળા કમખા કશણુ કશા;
કાળી દોરી [1]ગોફણુડે ગુંથી, કાળા રંગ પણ મેશ જશા.
કાળું કાજળ નેણે સાર્યું, કાળી વેણુ વિવીધ વળી;
કાળા કૃષ્ણ કાલિંદ્રી તીરે, તવ ત્રીકમને ત્રિયા મળી. ૧
લીલી ભાતી પટોળી પ્રેમદા, લીલાં આંબે પાન ઘણાં;
લીલા ગુલર કમલકર કમખે, લીલા ટોડર તુલસી તણાં.
લીલા તરૂવર ગિરિ ગોવર્ધન, લીલું વૃંદાવન છે વળી;
લીલા પોપટ પ્રાણ પદ્મની, તવ ત્રીકમને ત્રિયા મળી. ૨
પીળાં પટકુળ પહેરે પ્રેમદા, પીળાં ભૂષણ હૃદે ધરી;
પીળાં ચાંપા ચોસર કંઠે, પીળી કેસર આડ કરી.
પીળી આંબા શાખ મનોહર, પીળી કમખે શેર વળી;
પીળું અંગ ઓપે અતિ અબળા, તવ ત્રિકમને ત્રિયા મળી. ૩
ઉજવલ શ્વેત [2]શાવટું પટકુળ; ઉજવળ ચોળી ભરત ભરી,
ઉજવલ જાઇ ચંપાનાં ટોડર, ઉજવલ ચંદન ઉગટ ભરી.
ઉજવલ ચિત્ત રાખો હરિ ચરણે; ઉજવલ વિઠ્ઠલ હૃદે ધરી;
ઉજવલ વહે ગંગાનું પાણી, ઉજવલ વાણી નરસી તણી. ૪

---

૧ ચણીયાની નાડીનું ફૂમતું. ૨ આખું.

કેવી રીતે રમતાં હતાં ?—

[શ્લો. ૧૬. પાનું ૧૨૫૪] **પદ ૧૩૭.**

વૃંદાવન માંહે રમત માંડી, ગોપી ગોવિંદ સાથેરે;
પિતાંબરની [3]પલવટ વાળી, શામા સાહી હાથેરે—વૃંદાવન૦
ઝાંઝર ઝમકે ને ઘુઘરી ઘમકે, નેપૂરનો ઝણકારરે;
એક એક ગોપી બીચ બીચ માધવ, આનંદ વાધ્યો અપારરે–વૃંદા૦
મોહન મુસ્તક મુગટ બીરાજે, તે જોતાં મન મોહેરે;
ગોરીશીર દામણીઓ દમકે, કાને કુંડળ સોહેરે—વૃંદાવન૦
ખેલ મચ્યો રાધાવર રૂડો, ઉલટ અંગ ન માયરે;
ધન્ય ધન્ય કૃષ્ણ લીલારસ પ્રગટયો, પુષ્પવૃષ્ટિ ત્યાં થાયરે–વૃંદા૦
અમર આશીશ દે ઉપરથી, ચરણરેણુને જાચેરે;
નાના ભાત વિલાસ જોઈને, મન માંહે અતિ રાચેરે-વૃંદાવન૦
સુરનર મુનિવર મનમાંહે વિચારે, પાર ન પામે કોઈરે;
ઉમિયા ઈશિ કૃપાથી ઉભો, નરસૈયો રંગ જોયરે—વૃંદાવન૦

એકાગ્રતાની બાબતમાં દયારામભાઈ કહે છે કે—

[શ્લો. ૧૬ પાનું ૧૨૫૫] **પદ ૧૩૮.**

" જેમ નટની દૃષ્ટિ દોરમાં, પાણિયારીની બેલડા માંય;
ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રહે ત્યાંનું ત્યાંહ.
ત્યાંહા તેમ મન પ્રભુમાં નિત દેવું, સંસારમાં સાક્ષીવત્ રહેવું;
જગત્ જાણે-તે એ છે જંજાળી, રાખે હૃદે ત્રિકમસું તાળી.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળુ " [૨૧].

---

૩ કછોટો.

યોગશ્ચિત્તવૃત્તિનિરોધ: । પાતંજલ યોગદર્શન કહે છે કે–'ચિત્તવૃત્તિનો નિરોધ થાય તેજ યોગ.'

લશ્કરી છાવણીમાં લીધેલી તાલમ, જેમ લડાઈના મેદાનમાં ઉપયોગી થઇ પડે; તેમ એકાગ્રતા સંબંધી સંસારમાં મળેલી તાલમને, શ્રીહરિના ચરણમાં વાપરવી. એકાગ્રતાના સંબંધમાં નરસીહ મહેતો કહે છે કે—

[શ્લો. ૧૬ પાનું ૧૨૫૫] **૧૩૯.**

રાગ–રામકલી-ભૈરવ અથવા પ્રભાતિયું.

ધ્યાન ધર ધ્યાન ધર, નેત્રમાં નાથનું, અંતર ભાળની એક સુરતી;
દેહમાં દરસસે, પ્રેમથી પરસસે, અજબ અનોપમ કૃષ્ણ મૂરતિ–
ધ્યાન૦

મોરલીના નાદમાં, શ્રવણના સાદમાં, ઝાંઝરી ઝાલરી ડમક વાજે;
તાલ મૃદંગ ને, ચંગ ઉપમા ઘણી, ભેરીના નાદે બ્રહ્માંડ ગાજે–
ધ્યાન૦

મન પરસન થશે, કર્યાં કર્મ નાસસે, ભાસશે બ્રહ્મ વ્રજવંન વેલી;
કુંજ લલિતમાંહે, શ્રીકૃષ્ણ લીલા કરે, નિરખને નૌતમ નિત્ય કેલી
—ધ્યાન૦

સુરત સંગ્રામમાં, વીલસે રંગમાં, દરસશે દેહીનું [૧]માન મરતાં;
નરસૈનો સ્વામી, તે નિત્ય સુખ આપશે, દુક્રીત કાપશે ધ્યાન ધરતાં
—ધ્યાન૦

---

૧ દેહાભિમાન.

નરસી મહેતાની નિર્ગુણ ઉપાસના દેખી ? આવા વીતરાગી નિર્ધન-સાદા-ભક્તોજ, રાસલીલાના અધિકારી ગણાય. યાદ રાખજો કે-ગાભામાં ગોવિંદ છે. ફર્સ્ટકલાસમાં અને સેકંડકલાસમાં મુસાફરી કરનારા ત્યાગીઓ અને જ્ઞાનીઓ, અજ્ઞાનીઓ કરતાં વધારે રાગી છે-પોઝીશનના પાર્શદ છે.

'કોઈ પણ પ્રકારના ભેદ-વિવેક-મર્યાદા વિના, શ્રીકૃષ્ણ ગોપીકાઓ સાથે રમ્યા.' એમ કહ્યું. તેના બચાવમાં કહ્યું કે બાળક 'પ્રતિબિંબ સાથે રમે, તેમ શ્રીકૃષ્ણ ગોપિકાઓ સાથે રમ્યા.' એટલે-શ્રીકૃષ્ણે સંપૂર્ણ ભોગ ભોગવ્યા, તોપણ-

[શ્લોક ૧૭-૧૮ પાનું ૧૨૫૭] **૧૪૦**

રાગ-પ્રભાતીયું.

જાગીને જોઉં તો, જગત્ દિસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય, વિલાસ તદ્રુપ છે, **બ્રહ્મ લટકાં કરે** બ્રહ્મ પાસે
--જાગીને૦

પંચ મહાભૂત પરિબ્રહ્મ વિશે ઉપજ્યાં; અણુ અણુ માંહિ રહ્યાંરે વળગી
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડથકી ડાળ તે નહીંરે અળગી
-જાગીને૦

વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાખ દે, કનકકુંડળ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડયા પછી, નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે-જાગીને૦

જીવને શિવ તો, આપ ઇચ્છાએ થયા, રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈયો એ[1] તેજ તું તેજ તું,
એને સમર્યાથી કંઇ સંત સિધ્યા—જાગીને૦

વસ્તુ ઓળખીને વિચાર કરો. મીરાં કહે છે કે–'આ રસ પીઇને હું અમર થઈ.' નરસીમહેતા જેવા વિતરાગી સંતો કહે છે કે–' આ રસ પીઇને અમે મસ્ત થયા.' ત્યારે આપણે તે રસને તેમ ફેંકી દેવાય !

[શ્લો. ૧૭–૧૮ પાનું ૧૨૫૮] **પદ ૧૪૧.**

પ્રેમ પ્રબળ શું પ્રેમદા, કરે કૃષ્ણસું કેલ રે;
વૃંદાવન રળીયામણું, વાધી રંગની રેલ હે—પ્રેમ૦
રણઝણ રણઝણ રણઝણે, દ્રમકે પગ તણા પ્રહારરે;
નાચંતાં નાચંતાં નારને, વાધ્યો હર્ષ અપારરે—પ્રેમ૦
સોળકળા શશીયર થયો, જાણુયે ઉગ્યો ભાણુરે;
મંડળમાંહે માનની ગાયે, મધુરી મધુરી વાણુરે—પ્રેમ૦
હળવે આવી કૃષ્ણને, અબળા ઉરપર દાબેરે;
કંઠે વળગી કામની, અંતર કાંઇ નવ રાખેરે—પ્રેમ૦
પૂરણ પ્રીત પામ્યાં સૌ, સુંદરીને શ્યામરે;
મન ગમતો મહીં મહાલતો, કીધો પૂરણ કામરે—પ્રેમ૦
ભામણાં લેતી નાથનાં, જોબન માતી નારરે;
નેણે નેણ મેળવી, અરપે કુસુમના હારરે—પ્રેમ૦

---

[1] तत्त्वमशि.

વેંધાણી વંશ વાંજતાં, શુદ્ધ ન રહી અંગરે;
મહારસ રંગે ઝીલતાં, જામ્યો રંગનો જંગરે—પ્રેમ૦
× × × ×
નરસૈયો નેણે નિહાળી, કરતો ગોવિંદ ગાનરે—પ્રેમ૦

પતિ સુખ ભોગવ્યા પછી, સ્ત્રીયોની કેવી સ્થીતિ થાય, તેનું વર્ણન ૧૮મા શ્લોકમાં છે. પતિ સુખના નાનકડા આનંદમાં, સ્ત્રીનું સુખ ઉભરાઈ જાય; ત્યારે આ તો આનંદના સાગર ભેટયા. નિશામાં ચકચુર થએલો પુરૂષ, જેમ દુનિયાને દેખે નહીં, અને દેહાભિમાન વિસરી જાય; તેમ ગોપિકાઓ દેહાભિમાન વિસરીને, લોકમર્યાદાઓને વટી ગઇ. ગોપિકાઓનાં સુખની વાતો સાંભળીને-તેમને ધન્ય ધન્ય કહીએ—

[શ્લો. ૧૭-૧૮ પાનું ૧૨૫૯] **પદ ૧૪૨.**

રાગ માલવ.

ધન ધનરે વૃંદાવનની શોભા, ધન ધન આસો માસરે;
ધન ધન કૃષ્ણ તણી જે ક્રીડા, ધન ગોપી રમે રાસરે-ધન૦
[1]શણગટડામાં સાન કરંતી, માનની મોહ ઉપજાવેરે;
સુંદર અંગ મોડે વળી અબળા, નેણે નેહ જણાવેરે—ધન૦
કંઠે કોકિલા શબ્દ ઓચરે, નૌતમ તાન ઉપજાવેરે;
મગ્ન થઇને મોહ પમાડે, ગાંધર્વ ગાન હરાવેરે—ધન૦
અમર કોટિ તેત્રીશ ઉભા ત્યાં, બ્રહ્મા ઈંદ્ર સંઘાતરે;
જય જયકાર કરીને, પુષ્પ વૃષ્ટિ કરે ખાંતરે—ધન૦

૧. લાજનો સંગરો.

ધન ધન ગોપી અબળા જીવન, ધન જે રસમાં મહાલેરે;
ઉમિયાવરની બાંહે વળગી, નરસૈ દીવી ઝાલેરે—ધન૦

ગોપિકાઓ કેવો રંગ ઉછાળતી હશે ? કે જેથી દેવોની સ્ત્રીઓને મોહ થયો.

[શ્લો. ૧૯ પાનું ૧૨૬૦] ૧૪૩.

રાગ—માલવ.

રૂમઝુમ રૂમઝુમ નેપૂર વાજે, તાળીને વળી તાલરે;
નાચંતો શામળીયો શ્યામા, વાધ્યો રંગ રસાળરે—રૂમ૦
ભાલે તિલક નાકે મોતી, મોર મુગટ શિર સોહેરે;
થૈ થૈ થા તહાં કરતી સુંદરી, મરકલડે મન મોહેરે-રૂમ૦
કોટિ કળાથી શશીયર પ્રગટયો, જાણે દિનકર ઉગ્યોરે;
દાસ નરસૈયો મહારસ ઝીલે, માનનીમાં તે મળીયોરે-રૂમ૦

ચંદ્રને પણ મોહ થયો. ચંદ્ર પણ સ્થંભ્યો. ગોપિકાઓ પણ ચંદ્રને પ્રાર્થના કરતી હતી કે-

'હે ચંદ્ર ! તું આથમીશ નહીં—'

[શ્લો. ૧૯ પાનું ૧૨૬૦] પદ ૧૪૪.

દીપકડો લઈશમારે ચાંદલિયા, સ્થિર થઈ રહેજે આજ;
વહાલોજી વિલસ્યો હું સાથે, લોપી સઘળી લાજ-દીપકડો૦
સોંપ્યું અંગ શ્યામળીઆજીને, કરવા કેલિ વિલાસ;
રખે જ્યોત તું ઝાંખી કરતો, રસની લાગી છે પીયાસ-દીપકડો૦

[નરસી].

એક વિદ્વાન્ ગાય છે કે—

[શ્લો. ૧૯ પાનું ૧૨૬૦] ૧૪૫.

ચંદ્રિકાનો રાસ.

સંધ્યા સીમડીએથી સૂતેલી રજની, કાળાં અંબર ધરી આવી—
હો બ્હેન !
નક્ષત્રના વૃંદને ઝીલવતી વંદનો,
ડોલંતી ચંદ્રિકા દેખાણી—હો બ્હેન !
[1]પિયૂષની અંજલિઓ પાઈ જગતને,
રજનીની વાડી અજવાળી—હો બ્હેન !
ગરબો ચગાવતી શી રૂપલિયા ચોકમાં,
લેતી તારલીઓથી તાળી—હો બ્હેન !
નયણાનાં તેજ એનાં રમે કૃષ્ણ કુંજમાં,
ફુલડાં પાંદડીએ એ હીંચતી—હો બ્હેન !
દિશદિશના દ્વાર ગોખ દુધેથી ધોળતી,
ઉર્મિઓની શીતધાર સીંચતી—હો બ્હેન !
ગગનજરૂખે જરી વારંવાર બેસી,
વાદળીની વેલને નિહાળતી—હો બ્હેન !
જીવન સંકેલી ધીમા સંયમને સ્હોડિયે,
ઉરને સોપાન સ્વર્ગ સાંચતી—હો બ્હેન !
પવન પાવડીએ એ જુએ ત્રિલોકને,
યુગના અબોલ સાદ સાંભળે—હો બ્હેન !
ચંદ્રિ વરસાવ તારૂં અંતર અમૃતસર,
આત્માના દીપમાંહીં રોપજે—હો બ્હેન !

---

૧ અમૃત.

રમતાં કેવો રંગ જામ્યો હશે?—

[શ્લોક ૨૦ પાનું ૧૨૬૧] પદ ૧૪૬.

રાગ-પ્રભાત.

રણુઝણે નેપુર, નાચતાં નારનાં, કંકણી ધૂન તે મધ્ય થાએ,
ચરણ અતી ચાલવે, અંગ વાળે ઘણું,
ત્યમ ત્યમ વ્હાલોજી વેણુ વાયે-રણુઝણે૦

પ્રેમે પ્રમદા રમે, પીયુને મન ગમે, નયણાં ભરી નાથનું વદન નીરખે;
કરવિશે કરગ્રહી, કુંડાળાકારમાં,
મરકલા કરે ઘણું મન હરખે—રણુઝણે૦

જુવતી જોબન ભરી, નાથને ઉર ધરી, અધર અમૃતરસ પાન કરતાં;
રામા સહુ રસ ભરી, અંગ શુધ વિસરી,
મધુર મધુર સ્વરે ગાન કરતાં-રણુઝણે૦

ધનરે ધન્ય,' એમ અમર સહુ ઉચરે, ભેદ કો નવ લહે રમણ કેરો;
નરસૈયો ચરણુની, રેણુને ઝીલતો,
ગોપીએ શ્યામને ઘાલ્યો ઘેરો—રણુઝણે૦

[શ્લોક ૨૦ પાનું ૧૨૬૧] પદ ૧૪૭.

રાધા ને કૃષ્ણ રમેરે-રાધા ને કાન રમે રે-ભૂલે ભૂલામણીરે-
મ્હેનો મને કૃષ્ણ બતાવો-બાઈઓ મને કાન બતાવો-
આપું વધામણીરે-રાધા૦

શરદ પુનમની રાત-કદમ કેરી છાંયડીરે;
મહારો વ્હાલોજી રમતાં રાસ, લોડાવે બાંવડીરે-રાધા૦

કમર કછોટા ભીડીયા-પનવટ આકરીરે;
મારો વ્હાલોજી વાતાં વેણુ-ગોપી બની બાવરીરે—રાધા૦

મારો વ્હાલોજી મીઠી દ્રાક્ષ, ગુંજાકેરી સુખડીરે;
વ્હાલાજીનું મુખ જોતાં, ભાંગે ભૂખડીરે—રાધા૦
હમણે હતા મહારાજ, કહો કોઈએ દીઠડારે;
રાણી રાધાજીના કંથ, મને લાગ્યા મીઠડારે—રાધા૦
અમે જાતા ગોર પૂજવા, પ્રભુ ભેળા આવતારે;
નંદાજીનો લાલ, મારે મન ભાવતારે—રાધા૦
નરસીના સ્વામી શ્યામળા, મેલો આમળારે;
નંદજીના લાલ, ઓઢી આવો કામળારે—રાધા૦

આ રમત તે આલોકની છે? કે પરલોકની? સાંભળો—
[શ્લોક ૨૦ પાનુ ૧૨૬૨] **રાસ ૧૪૮.**
સ્વર્ગે પ્રગટયા પૂર્ણ પ્રકાશ–કે શરદ સોહામણીરે લોલ
સ્વર્ગે રાધાકૃષ્ણના રાસ, ડોલાવણ વાંસળીરે લોલ.
સાખી–બંસી જગત જગાવતી, નીતરે હરિના નેહ;
અનુકંપા ને આશના, અખૂટ અમૃત મેઘ;
ડોલાવણ વાંસળીરે લોલ–સ્વર્ગે૦
સાખી–દેવ રમે દેવી રમે, રમતો રસસંસાર;
સ્વર્ગે નંદન વન ખીલે, ખૂલે મોક્ષનાં દ્વાર;
ડોલાવણ વાંસળીરે લોલ–સ્વર્ગે૦
સાખી–ડોલે સુર અસુર ધ્રૂજે, જળહળ જ્યોત ઝીલાય;
ગાઢાં અંધારાં સરે, હૈયે હરિ પ્રગટાય—
ડોલાવણ વાંસળીરે લોલ—સ્વર્ગે૦

સાખી–સ્વર્ગ સુધાને ચાંદલે, નટવર મૂર્તિ સોહાય;
જીવ ડોલાવણી એ છબી, મારે હૈયે સમાય—
ડોલાવણુ વાંસળીરે લોલ—સ્વર્ગ૦
[મુળજી દુ.]

ગોપિકાઓનાં મુખ ઉપર હાથ ફેરવીને, પ્રભુ બહુજ વ્હાલ બતાવે છે.

મીરાં કહે છે કે–રાધાજીના મુખ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં, પ્રભુએ હળવે રહીને રાધાજીની નથડી કાઢી લીધી. પ્રેમમાં પરવશ થએલાં રાધાજી આ વાત તુરત સમજી શકયાં નહીં. થોડીવારે રાધાજી સ્વસ્થ થયાં, અને નાકપર નથડી ન દેખી, ત્યારે રાધાજીએ શ્રીકૃષ્ણને પૂછયું–[બરાબર ભાવથી ઉપાડજો]—

[શ્લો. ૨૧ પાનું ૧૨૬૭] પદ• ૧૪૯

નાગર–નંદાજીના લાલ ! (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.
કાના! જડી હોય તો આલ્ય, કાના ! જડી હોય તો આલ્ય.
રાસ૦ નાગર૦

પીળી પીળી નથડી ને–ધોળાં ધોળાં મોતી; [૨]
તે નથડીને કારણે હું–હિંડું ગોકુળ જોતી–જોતી–જોતી
–નાગર૦ કાના૦

એક એક મોતી, માંહી સોના કેરો તાર; (૨)
સોળસે ગોપીમાં, પ્રભુ! રાખ્યો મારો ભાર–ભાર–ભાર
–નાગર૦ કાના૦

નાનેરી પહેરૂં તો, મારે નાકે નવ સોહાય; (૨)
મોટેરી પહેરૂં તો, મારા મુખપર ઝોલા ખાય–ખાય–ખાય
–નાગર૦ કાના૦

આંબાપર કોયલડી બોલે, વનમાં બોલે મોર; [૨]
રાધાજીની નથડીનો શામળીયો છે ચોર–ચોર–ચોર–નાગર૦ કાના૦
તું છે બેટી બ્રખુભાણુની, ગોકુળ ગામમાં રહેતી; [૨]
ત્રણ પૈસાની નથડી માટે, મુજને ચોર–કહેતી–કહેતી–કહેતી
–નાગર૦ કાના૦

તું છે લાલો નંદરાયનો, હું આહીરની છોડી; [૧]
બાઈ મીરાં કહે–ગિરધર નાગર, મારી મતી થોડી–થોડી–થોડી
–નાગર૦ કાના૦

આ આનંદ કેવા પ્રકારનો હશે?–
[શ્લો. ૨૨ પાનું ૧૨૬૪] પદ ૧૫૦.
'હાટે હાટે વ્હોરતા હોય, કોઇ ખાટે કોઇ મૂળગું ખોય;
ધન વ્હોરતિયા જેણે વસ્તુ જોઈ, **અખા** પ્રેમના પાત્ર થાય નર સોઇ.
એક અલ્પ આનંદી સદા અલ્પાય, **અખા** પ્રેમાનંદનો પ્રલય ન થાય;
પ્રેમાનંદી ભક્તિ આકરી, વસમી વાટ મહા ખરેખરી.
કામરહિત પણ કામનો વેશ, તેનો જ્ઞાની પંડિતને ન લાધે દેશ.
પ્રેમાનંદી જ્યાં ગાય ને વાય, અલ્પાનંદીને અટપટું જણાય;
અલ્પાનંદી પોતાને પ્રેમાનંદી ભણે, જેમ વાંઝણીપુત્ર ખોળામાં ગણે.
[અખો].

તે સંબંધમાં મણિભાઈ નભુભાઈ કહે છે કે--

[શ્લો. ૨૨ પાનું ૧૨૬૫] **પદ ૧૫૨.**

મહાડ.

સાચી બાલમ ! દુનિયામાં પ્રીતિના બને,
પ્રીતે નિશો આકરોરે, મત પી છોડ ગમાર;
સામું પીધેલું નહીં મળે તો, ખાઈશ મુંગો માર–બાલમ, પ્રીતિ૦
એજ નિશાની ધૂનમાં તો, (૨) છૂટી જશે સંસાર;
રાગી વિરાગી ત્યાગી ફકીરી, (૨) બ્રહ્મભજન એકતાર–બાલમ૦
એજ દીવો વિશ્વનો–એ, વણ અંધારી રાત;
રાત વિષે પરભાત કયાં ? (૨) વળી ખાવી સામી લાત–બાલમ૦
સ્વારથની પી વારૂણી ને, દુનિયા બાધી મત્ત;
પ્રેમ નશો ત્યાં વાત નકામી (૨) મત્તમાં શા ઉન્મત્ત !–બાલમ૦
ભેગાં મળ્યાં દસવીસ સોએક, વસ્ત્ર ચઢાવ્યાં શીશ;
વસ્ત્ર ધરેલાં તેજ નાગાં, (૨) નાગાં સર્વ અધીશ !-બાલમ૦
પ્રેમતુલ જગવહનિ હું-તું, ભેદ ઘણો ધૂતરૂપ;
એ સર્વે જ્યાં હોય ત્યાં,(૨) **શી** પ્રેમકથા સુખરૂપ–બાલમ૦
પ્રેમ ખરો એ આદરો જ્યાં, સર્વે કોઈ સમાય;
હું-તું ભેદ ટળે **મણિ**, (૨) બધે બ્રહ્મપ્રેમ વરતાય--બાલમ૦

ગોપીકાઓ શ્રીકૃષ્ણની ચારે તરફ ઉભી રહીને, જળ છાંટતી વખતે, કેવા પ્રકારનું ગાન કરતી હશે ? તે ભાવથી સાંભળો–બરાબર રંગથી ઝીલજો. યાદ રાખજો કે–આ યુવતીઓની રસરેલ છે–ડોસીઓની નહીં—

[શ્લો. ૨૪૫ાનું ૧૨૬૭] **૧૫૨.**

જળક્રીડા.

રાસ, રાગ—નાગર ઉભા રહો રંગ રસિયા.

આજે આનંદ જળ ઝીલણીરે, સહિયર ! આવો એ જળ ઝીલવા,
ઉછળે અનંત રસરેલ રે—સહિયર! આવો એ જળ ઝીલવા,
સાજે સોહાગ સરિત સુંદરી રે— સહિયર ! આવો૦
ઉરમાં છે એક અલબેલ રે— સહિયર ! આવો૦
ચંદ્રાને ચોક ચડી ચાંદની રે— સહિયર ! આવો૦
આશા ભરી ઉભરાય રે— સહિયર ! આવો૦
શીળી શી શરદની રાતડી રે— સહિયર ! આવો૦
મીટે મીટે મલકાય રે— સહિયર ! આવો૦
પ્રીતિનાં પૂર જગત્ ઝીલણી રે— સહિયર ! આવો૦
સેરે સેરે નવાં નીર રે— સહિયર ! આવો૦
હૈયે તરંગ રૂડા હિંચતારે— સહિયર ! આવો૦
તેજે ભર્યાં એનાં તીર રે— સહિયર ! આવો૦
વ્હાલમનાં વ્હાલ વહે વેગથી રે— સહિયર ! આવો૦
ભરતી શી ભાવની ભરાય રે— સહિયર ! આવો૦
અમૃતની ઓઘભરી આંખડી રે— સહિયર ! આવો૦
મુખડે મીઠાશ નહિં માય રે— સહિયર ! આવો૦
એવો પ્રભુજીના પ્રેમનો રે— સહિયર ! આવો૦
સાગર શો છલકાય રે— સહિયર ! આવો૦
ઉરની રચાવો રૂડી અંજલિ રે— સહિયર ! આવો૦
ઝીલો ઝરણુ વહ્યાં જાય રે— સહિયર ! આવો૦
સહિયર ! આવો એ જળ ઝીલવા, [બોટાદકર]

ઉપસંહારમાં આપણે કાંઇ ગાઈએ—

[શ્લો. ૨૧ પાનું ૧૨૭૦] **ગરબો ૧૫૩.**

જુઓ નટવર ગોપાલ થેઇ થેઈ નાચી રહ્યો.
નાચી રહ્યો રંગ મચાવી રહ્યો. જુઓ નટવર૦

સાખી–સ્વચ્છ યામીની શરદની, પૂરણ ચંદ્ર પ્રકાશ;
શ્રી યમુનાના પુલીનમાં, રંગે રમતા રાસ;
એક એક ગોપીને વચમાં શ્રીકૃષ્ણજી,
તાલ મૃદંગ સુર છાઈ રહ્યો. જુઓ૦

સાખી–શીતળ મંદ સુગંધમાં, પવન વહે છે ત્યાંહ;
સુંદિર ફુલ્યાં ફુલ બહુ, નાનાં વિધના જ્યાંહ.
જુઇ કેતકી ને ચંપો ચંબેલી,
ડમરો ગુલાબ પુષ્પ ખીલી રહ્યાં, જુઓ૦

સાખી–રમતાં કુસુમિત વનમાં, શ્રમીત હુવા નંદલાલ;
રમણલાલ હિત મગ્ન છે, નિરખી છબી તે કાલ,
આવિ બિરાજ્યા પ્રભુ કામનીના કુંજમાં,
પ્રીતિના રંગનો એ ભાગી થયો. જુઓ૦

આવા કુતર્કો ન ઉઠે, એવા હેતુથી, શ્રી શુકદેવજીએ આગળ ઘણા ખુલાસા કર્યા હતા–બહુ સંભાળ રાખી હતી; તોપણ પરીક્ષિતને એકડે એકથી ભણતો દેખીને, કૃપાળુ ગુરૂ આગળ વધતા અટકયા. તે સંબંધમાં નરસી મહેતો કહે છે કે–

[શ્લો. ૨૮ પાનું ૧૨૭૧] ૧૫૪

* રાગ–પ્રભાત.

પ્રેમ રસ પાને તું મોરના પીંછધર, તત્ત્વનું [૧] ટુંપણું તુચ્છ લાગે.
દુબળા ઢોરનું કુશકે મન ચળે, ચતુરધા મુકિત તેઓજ માગે–પ્રેમ૦
પ્રેમની વાત **પરીક્ષિત** પ્રીછયો[૨] નહીં, શુકજીએ સમજી રસ સંતાડયો,
જ્ઞાન વૈરાગ્ય કહી, ગ્રંથ પૂરો કર્યો, મુક્તિનો મારગ સીધો દેખાડયો–પ્રેમ૦
મારીને મુકિત, આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિરાગી બહુ મુનિરે જોગી;
પ્રેમને યોગ્યતો વ્રજતણી ગોપિકા, અવર વીરલા કોઈ ભક્ત ભોગી–પ્રેમ૦
પ્રેતને[૩] મુક્તિ તો, પરમ વલ્લભ સદા, હેતુના જીવતે હેતુ ત્રૂઠે;
જન્મોજન્મ, લીલારસ ચાખતાં, લ્હાણુનાં લ્હાણુ તો દ્વાર છૂટે–પ્રેમ૦
મેં ગ્રહ્યો હાથ ગોપી તણા નાથનો, અવર બીજું મને કાંઇ ન ભાવે;
[૪]નરસૈયો મહામતી ગાય છે ગુણ કથી,
જતિ સતિને તો સ્વપ્ને ન આવે–પ્રેમ૦

મોટાની કૃતિના અનુકરણના સંબંધમાં દયારામભાઇ કહે છે કે—

[શ્લો. ૩૨ પાનું ૧૨૭૫] પદ ૧૫૫.

મોટાનું વચન સુખધામ, કૃતિ રીતે કરીએ;
તે કરે ચહાય સો કામ, આપણ તો મરીએ–મોટા૦
પરનારી ક્રીડા કરી કૃષ્ણે, તે અમથી કેમ થાય રે;
ઉર્ધ્વરેત અગ્નિ પીધો, ગોવર્ધન કેમ ધરાય–કૃતિ૦ મોટા૦

---

* આગળ આ પદ આવી ગયું છે. ૧ શુષ્કવેદાંત. ૨ સમજ્યો નહીં. ૩ ભૂત૪ શ્રીવલ્લભ સંપ્રદાયની 'ટિપ્પણ' નામની ટિકાનું વિવેચન નરસીમેહેતાની સમજણને ટેકો આપે છે—

શિવ અર્ધાંગે ઉમિયા રાખે, તે અમથી કેમ થાય રે;
કેમ કરિને કામ બાળિએ, કેમ બને હળાહળ પીવું—કૃતિ૦ મોટા૦
ખરૂં ખોટું પણ પુત્રી લાંછન, બ્રહ્માજીને લાગ્યું રે;
તે જોઈ કદિ આપણ ત્યમ કરીએ,
પણ આ સૃષ્ટિ કેમ રચાય! કૃતિ૦ મોટા૦
ચંદ્ર ઈંદ્ર ગુરૂ પત્નિ રમિયા, ત્યમ કરવું તો સુલભરે;
અંડ પ્રકાશ અમીવૃષ્ટિ, [1]નગ પાંખો છેદન દુર્લભ–કૃતિ૦ મોટા૦
અગ્નિ ભક્ષણ સર્વ કરે પણ, કોઇ તેને કહે નહીં [2]મેલોરે;
તે જોઈને તું તેમ કરીશ તો, સરવે કહેશે ઘેલો–કૃતિ૦ મોટા૦
\+ + + +
ગંગા મધ્ય મુનિ પરાશર, ઢીમર કન્યા ભોગીરે;
વ્યાસ પ્રગટ મછગંધા, મૃગમદ–ગંધા કરી એ યોગી–કૃતિ૦ મોટા૦
કુંતા [3]કૃષ્ણા પંચ પતિ પણ, સતી શિરોમણી કહાવેરે;
તેહનું જોઈ સ્ત્રી અન્ય કરે તો, નિશ્ચે નરકે જાવે–કૃતિ૦ મોટા૦
શંકર સ્વામીનું શિષ્યે જોઈને, મદ્ય ઘુંટડા પીધારે;
પણ [4]સીસું નવ પીવાયું સંગે, થયા બહિર્મુખ સીધા–કૃતિ૦ મોટા૦
પુત્ર તણી બે પુત્રી કશ્યપ, થઇને પિતામહ વરિયારે;
તેહનો દોષ આપણે નવ જોવો, તે ઘર હરિ અવતરિયા–કૃતિ૦ મોટા૦
મહેતે અંત્યજ ઘેર ઉચ્છવ કીધો, તે આપણ નવ કરીએરે;
મહેતાને નટવરસુ નેડો, આપણે માયાનો હેડોરે. કૃતિ૦ મોટા૦
માટે પ્રમાણ વાટે ચાલવું, વિચારી ડગલાં ભરવાં રે;
મોટાની ગતિ મોટા જાણે, દયો દીનતા ધરવા. કૃતિ૦ મોટા૦

---

૧ પર્વત. ૨. ભ્રષ્ટ. ૩ દ્રૌપદી. ૪ ઉકળતો સીસાનો રસ.

તત્ત્વજ્ઞાનના ગ્રન્થો.

શ્રી વિવેકચૂડામણિ સંપૂર્ણ—શ્રીશંકરની પ્રસાદી	૧—૧૨—૦
દેહ નિરૂપણ તથા આત્મનિરૂપણ (બે તરંગ) દરેકના	૦—૧૦—૦
„ „ „ ત્રીજા તરંગના	૦—૪—૦
યોગતારાવલી અને તત્ત્વજ્ઞાનની પ્રથમ પોથી. દરેકના	૦—૨—૦
શ્રી પાતંજલયોગદર્શન સંપૂર્ણ.	૨—૪—૦
પાતંજલ યોગદર્શન સાધનપાદ અને વિભૂતિપાદ. દરેકના	૦—૮—૦
પ્રાણતત્ત્વ ૦-૨-૦ કૈવલ્યપાદ ૦-૪-૦ સમાધિપાદ-માનસશાસ્ત્ર	૦—૧૨—૦
વેદાંત વિચાર (બે પુષ્પ) દરેકના	૦—૬—૦
તત્ત્વબોધ અને આત્મબોધ—દરેકના	૦—૩—૬
મોહમુદ્ગર તથા ચર્પટપંજરિકા—દરેકના	૦—૧—૬
ગર્ભોપનિષદ્ તથા મણિરત્નમાળા—દરેકના	૦—૨—૦
મોક્ષવાણી તુલસીકૃત રામાયણમાંથી ચુંટેલા પ્રસંગો	૦—૮—૦

રત્નોની ટોપલી, એકાદશી, ઈશ્વરાવતાર અને શ્રીકૃષ્ણતત્ત્વ પ્રભુ કેમ દૂરના દૂર ? કર્મ, જ્ઞાન અને ભક્તિ ધાર્મિક પ્રથમ પોથી દીવાળી કેવી રીતે ઉજવશો ?	દરેકનો અડધો આનો એક સાથે સો નકલના અઢી રૂપિયા પોસ્ટેજ જુદું.

તમે ક્યાં છો, શ્રાદ્ધ, દેવ બનવાની કુંચી, દરેકની કીંમત ત્રણ પાઈ

એક રૂપીઆની ૭૫ નકલ પાંચ „ ૫૦૦ નકલ	પોસ્ટેજ જુદું.

મોક્ષપત્રિકા સંવત ૧૯૭૬ થી ૮૫.

દરેક સાલના પાકા પુંઠાથી બંધાવેલા પુસ્તકો. દરેકના ૨—૬—૦

જોઈએ તો લખો—વ્યવસ્થાપક મોક્ષપત્રિકા.

મોક્ષમંદિર, અમદાવાદ.